
પરમ પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજશ્રી જન્મ શતાબ્દિ મહોત્સવ

# સ્મરણિકા

વાંઢાય તીર્થધામ (કચ્છ-ભુજ) • સવંત ૧૯૪૫ થી ૨૦૪૫-૪૬

"શ્રી રામ કથા પારાયણ જ્ઞાનયજ્ઞ"



પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજી ગુરૂશ્રી લાલરામજી મહારાજશ્રી


| પ્રાકટ્ય: | દેહોત્સર્ગ: |
|---|---|
| ચૈત્ર સુદ ૯, રામનવમી | પોષ સુદ ૧૨, મકર સંક્રાતિ |
| કચ્છ-જખૌ, સવંત-૧૯૪૫ | કચ્છ-વાંઢાય, સવંત-૨૦૧૩, |

પરમ પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજશ્રી જન્મ શતાબ્દિ મહોત્સવ

# સ્મરણિકા

વાંઢાય તીર્થધામ (કચ્છ-ભુજ) • સવંત ૧૯૪૫ થી ૨૦૪૫-૪૬

## "શ્રી રામ કથા પારાયણ જ્ઞાનયજ્ઞ"



પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજી ગુરૂશ્રી લાલરામજી મહારાજશ્રી

Birth: 09-Apr-1889

પ્રાકટ્ય:
ચૈત્ર સુદ ૯, રામનવમી
કચ્છ-જખૌ, સવંત-૧૯૪૫

દેહોત્સર્ગ:
પોષ સુદ ૧૨, મકર સંક્રાતિ
કચ્છ-વાંઢાય, સવંત-૨૦૧૩,

Death: 13-

Age: 67y 9m & 4d

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



"ભાનુકુળ હમ મહેશ્વરી સબ તેરે સંતાન"
"દિ જે સન્મતિ સંપ સુખ વિજયી વિદ્યાદાન"

## ભાનુશાલી શ્રી લીલાધર લાલજી ભદ્રા

કચ્છ ગામ તેરાવાલાનાં સમસ્ત પરિવાર

તથા

## ભાનુશાલી શ્રી વિશ્રામ જેઠાભાઈ રતડા તથા
## ભાનુશાલી શ્રી હીરજીભાઈ જેઠાભાઈ રતડા

કચ્છ ગામ બેરાચીયાવાલાનાં સમસ્ત પરિવારનાં

પરમ વંદનીય બ્રહ્મલીન મહારાજ

## શ્રી ઓધવરામજીને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમિત્તે કોટી કોટી વંદન



પ.પૂ. મહારાજશ્રી ઓધવરામજી ગુરૂશ્રી લાલરામજી ગુરૂશ્રી ઈશ્વરરામજી

ઈશ્વરનગર-વાંઢાય, કચ્છ તથા હરિદ્વાર

જન્મ: ચૈત્રસુદ ૯ રામનવમી સં. ૧૯૪૫


દેહોત્સર્ગ: પોષસુદ ૧૨. રવિવાર મકરસંક્રાંતિ સં. ૨૦૧૩, તા. ૧૩-૧-૧૯૫૭

**પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને**
**જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન**



શ્રી સદ્‌ગુરૂ ભ્યો નમઃ

**શ્રી ગુરૂ ઓધવરામાય નમઃ શ્રી રામચંદ્રાય નમઃ**



પ્રાત સ્મરણીય વંદનીય પરમ
પૂજ્ય શુકદેવ સ્વરૂપ શ્રી
રામચંદ્રજી ડોંગરેજી
મહારાજને.
શ્રી ઓધવરામજી જન્મ
શતાબ્દી મહોત્સવ સમિતિનાં
કોટી કોટી વંદન.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ  નિમીત્તે કોટી કોટી વંદન

ૐ શ્રીરામ

પ્રસ્તાવનાં

# શ્રી સદ્દ્ગુરૂદેવકી જય શ્રી ગુરૂ ઓધવરામજી મહારાજ કી જય

## અર્પણ.

અમારા શ્રધ્ધેય પરમ પૂજ્ય મહારાજશ્રી વાલદાસજી મહારાજને પરમાત્મા તરફથી એવી પ્રેરણા મળી કે,

આપનાં સદ્દ્ગુરૂ-દેવશ્રી ઓધવરામજી મહારાજને સંવત ૨૦૪૫નાં રામનવમીનાં દિવસે એકસો વરસ પુરા થાય છે. તે નિમિત્તે તેમની યાદગીરી કાયમ રહી જાય તે માટે એક સ્મરણિકા બહાર પાડવી જેથી તેમણે આ વાત જાહેર કરી અને પૂજ્ય મહારાજશ્રીનાં બધા ભક્તોએ આ વાતને ઝીલી લીધી અને તે રીતે આ સ્મરણિકા બહાર પાડતાં અતિ હર્ષ અનુભવીએ છીએ. સંતોનું ''જીવન'' અને ''કવન'' બન્ને એક હોવાથી બધા લોકોને તેમનાં તરફ ભાવ થાય તે સ્વાભાવિક છે. જેથી આમ જનતાને આ સ્મરણિકા દ્વારા........લાભ થશે. અસ્તુ.

જેમની કૃપાથી આ સ્મરણિકાની પ્રેરણા થઈ એવા પરમાત્મા સ્વરૂપ સદ્દ્ગુરૂ દેવશ્રી ઓધવરામજી મહારાજનાં ચરણોમાં સ્મરણિકા રૂપી પુષ્પ અર્પણ કરીએ છીએ.

લી. શ્રી ઓધવરામજી જન્મ મહોત્સવ સમિતિનાં
હરિ ૐ જય સદ્દ્ગુરૂદેવ.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ  નિમીત્તે કોટી કોટી વંદન

હરિ ૐ

શ્રી ગણેશાય નમ:

શ્રી સદ્‌ગુરૂદેવાય નમ: શ્રી રામચંદ્રાય નમ:

# પરમ પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજી મહારાજ જન્મ શતાબ્દિ મહોત્સવ. સંવત ૨૦૪૫-૪૬ અન્વયે વિવિધ સ્થળોએ યોજાયેલ કાર્યક્રમોનું વિહંગાવલોકન

પરમ પૂજ્ય બ્રહ્મલીન ગુરૂવર્ય સંતશ્રી ઓધવરામજી મહારાજના પ્રાકટયને સંવત ૨૦૪૫ ચૈત્ર સુદ ૯ રામનવમીના રોજ સો વર્ષ પુરા થતાં, મહારાજશ્રીના ભક્તો તેમજ અનુયાયીઓ માટે આ એક અમૂલ્ય તક હતી. આ વર્ષ દરમ્યાન મહારાજ શ્રી ઓધવરાજની સ્મૃતિમાં અને પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજશ્રીની રાહબરી હેઠળ કચ્છ, જામ-નગર, હરિદ્વાર અને મુંબઈ મધ્યે યાદગાર કાર્યક્રમ યોજાયા હતા. એનો સંક્ષિપ્ત અહેવાલ નીચે મુજબ છે.

## (૧) સૌ પ્રથમ શ્રી કચ્છ ભાનુશાલી વાડી, ઘાટકોપર મુંબઈ મધ્યે

પ. પૂ. મહારાજશ્રી ઓધવરામજીનો ૩૨મો પૂણ્યતિથિ ઓચ્છવ તા. ૧૮-૧-૮૯ ના રોજે પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજ તથા પ. પૂ. સંતશ્રી સરસ્વતીદાસજી બાપૂ (ઉદાસીન) બાણેજવાળાની રાહબારી હેઠળ ઉજવાયો હતો. આ એક યાદગાર મહોત્સવમાં ગુજરાત તથા મહારાષ્ટ્રના ખ્યાત નામ સંતો અને મહાપુરૂષો ની હાજરીમાં ૧૫ થી ૧૮ હજાર ભાવિકોએ લ્હાવો લીધો હતો. એ મંગળ દિવસે ઉજવાયેલા કાર્યક્રમોની સૂચિ નીચિ મુજબ છે.

સવારના ૮ વાગે પરમ પૂજ્ય સદ્‌ગુરૂદેવશ્રી ઓધવરામજી મહારાજનું પૂજન તથા આરતી

realpatidar.com

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



સવારના ૯ થી ૧૧ વાગે શોભાયાત્રા

સવારના ૧૧-૩૦ વાગે સંતોના આશીષવચન

બપોરે ૧૨ વાગે મહાભંડારાની પ્રસાદી

બપોરે ૨ વાગે ગીતાપાઠ

સાંજે ૫-૩૦ વાગે સંધ્યાપાઠ અને ત્યાર બાદ રાસ-ગરબા

સાંજે ૭-૩૦ વાગે પ. પૂ. સંતશ્રી વાલદાસજી મહારાજશ્રીના આશીષ વચનો.

રાત્રે ૧૦-૩૦ વાગે ભજન-સત્સંગનો કાર્યક્રમ સવારના ૬ વાગ્યા સુધી ચાલ્યા બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

(૨) ત્યાર બાદ ટૂંક સમયમાં જ મુલુન્ડ ચેકનાકા મુંબઈ મધ્યે શ્રી કચ્છી ભાનુશાલી ભાઈઓએ યોજેલ ભજનના કાર્યક્રમમાં એકઠા થયેલા ફાળામાંથી મુલુન્ડ ચેકનાકા મધ્યે

## ''શ્રી ઓધવરામજી ભવન''

નું નિર્માણ હાથ ધરાયું અને મહારાજશ્રીના આશાર્વાદથી આ ભગીરથ કાર્ય પણ પાર પડ્યું.

(૩) ત્યાર બાદ સંવત ૨૦૪૫ ને ચૈત્ર સુદ ૯ નાં દિવસે પ. પૂ. ગુરૂવર્ય સંતશ્રી ઓધવરામજી મહારાજશ્રીના પ્રાકધ્યને બરાબર સૌ વર્ષ પુરા થતાં હતાં તે નિર્મિત્તે બે યાદગાર કાર્યક્રમોનું આયોજન થયું હતું. પહેલો કાર્યક્રમ વાંઢાયમાં કે જે

## પ.પૂ. શ્રી ઓધવરામજી મહારાજની કર્મભૂમિ છે.

આ પ્રસંગે એક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયું એ પ્રસંગે ઉજવાયેલા કાર્યક્રમોની યાદી નીચે મુજબ છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



પૂ. શ્રી ઓધવરામજી મહારાજની

## જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિ

વાંઢાય-કચ્છ તથા મુંબઈ તરફથી

- સંવત ૨૦૪૫ ચૈત્ર સુદ ૧ તા. ૬-૪-૮૯ થી ૧૩-૪-૮૯ સુધી શ્રી ભાગવતની કથાનું આયોજન કરવામાં આવ્યું. વ્યાસપીઠે શ્રી મયાશંકર વ્યાસ મંજલવાલા હતા.
- તા. ૧૪-૪-૮૯ ના શ્રી રામનવમી ઉત્સવ ઉજવાયો.
- અખંડ ઘીનો દીવો બાર મહિના માટે ચાલે છે.

## ॥ હરિ ૐ ॥

શ્રી ભાગવત મહાત્મ્ય શ્લોક

નિગમ કલ્પતરો ર્ગલિતં ફલં શુક મુખા દ્રમૃત દ્રવ સંયુતમ્
પિબત ભાગવતં રસ માલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકા:

## શ્રી સદ્‌ગુરુ ઓધવરામજી જન્મ શતાબ્દી મહોત્સવ

**પ્રાગટ્ય : સંવત ૧૯૪૫ ચૈત્ર સુદ રામ નવમી**

**શતાબ્દી પર્વ : સંવત ૨૦૪૫ ચૈત્ર સુદ રામ નવમી**

સુજ્ઞ મહાશય

પરમ પૂજ્ય બ્રહ્મલીન ગુરૂવર્ય સંત શિરોમણી ધુરંધર શ્રી દેવા સાહેબ શિષ્ય પરંપરા ઉત્પન્ન સંત શિરોમણી

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



બ્રહ્મલીન ગુરૂવર્ય સાધુ શ્રી ઓધવરામજી જન્મ શતાબ્દી મહોત્સવ પ્રારંભ સં. ૨૦૪૫ ના ચૈત્ર સુદી ૯ શુક્રવાર શ્રી રામ નવમી તા. ૧૪-૪-૮૯ થી એક વર્ષ પર્યંત સંવત ૨૦૪૬ ના ચૈત્ર સુદી ૯ રામનવમી પર્યંત ઉજવાશે. જેના સમયે સમયે જુદા જુદા ધર્મ કાર્યક્રમો ગોઠવાયા જેનો શુભારંભ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞથી થશે. તો સર્વે શનાતનીધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનો તેમજ સંતો મહાનુભાવોને કથાશ્રવણ સંત મેળાના દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

### વ્યાસપીઠ પર વક્તા- શ્રી મયાશંકર વ્યાસ (મંજલવાલા)

પ્રથમ કાર્યક્રમ-સંવત ૨૦૪૫ ના ચૈત્ર સુદ ૧ તા. ૬-૪-૮૯ ના શ્રીમદ્ ભાગવત કથાનો આરંભ થયો. સવારના ૮ વાગે

શ્રી કૃષ્ણ જન્મ-નંદમહોત્સવ-તા. ૯-૪-૮૯ રવિવારે સાંજે ૫ વાગે.

કથા સમાપ્તિ-ચૈત્ર સુદ ૮ તા. ૧૨-૪-૮૯

યજ્ઞ હવન-સોમવાર તા. ૧૩-૪-૮૯ સવારે ૮ થી ૧૧

મુખ્ય યજમાન -ઠા. **માતાજી મણીબાઈ રણછોડદાસ નીલધારા, ઘાટકોપર, મુંબઈ-૭૭**

(૪) એજ સમયે કચ્છ ગામ જખૌ કે જે

## પ.પૂ. મહારાજ શ્રી ઓધવરામજીનું પ્રાકટય સ્થાન છે.

ત્યાં પણ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજ પ. પૂ. સંતશ્રી સરસ્વતીદાસજી બાપુ (ઉદાસીન) બાણેજવાળા તથા પૂ. માતાજી હાંસબાઈમાં પધારેલ હતા.

| | |
|---|---|
| શ્રીમદ્ ભાગવત કથા પ્રારંભ | તા. ૭-૪-૮૯ શુક્રવાર |
| પૂર્ણાહુતિ | તા. ૧૩-૪-૮૯ ગુરૂવાર |

પ. પૂ. મહારાજશ્રી ઓધવરામજી જન્મ શતાબ્દિ મહોત્સવ આરંભ તા. ૧૪-૪-૮૯ વ્યાસપીઠે શાસ્ત્રીજી શ્રી

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



જયંતિલાલ ગૌરીશંકર રાવલ ચીરઈ મોટીવાળાએ અમૃતવાણીનું રસપાન કરાવ્યું હતું.

જલયાત્રા - સવારે ૯ વાગે તા. ૭-૪-૮૯ શુક્રવાર

શ્રીકૃષ્ણ જન્મ - તા. ૧૦-૪-૮૯ સોમવાર

શ્રી કથા પૂર્ણાહુતિ - હોમહવન બપોરે ૩ વાગે તા. ૧૩-૪-૮૯ ગુરૂવારે

શ્રી કથા દરમ્યાન એકાંતરે ભજનો તેમજ રાસ-ગરબાના કાર્યક્રમોનો પણ આયોજન થયું હતું.

મુખ્ય યજમાન : શ્રી મોરારજી મેઘજી જખૌવાળાના માતૃશ્રી અ. સૌ. દેવકીબાઈ મેઘજી મીઠીઆ હતા.

આ રીતે પ. પૂ. ગુરૂવર્ય શ્રી ઓધવરામજી મહારાજશ્રીના જન્મ શતાબ્દિ વર્ષની શરૂઆત તેમની અસીમ કૃપા અને ભાવિકોની શ્રધ્ધાથી ખૂબજ ધામધૂમથી ઉજવવાનો પ્રારંભ થયો. પૂર્ણાહુતિના દિવસનો તો લ્હાવો જ કાંઈ ચમત્કારી હતો. પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજના સાનિધ્ય હેઠળ સંધ્યાપાઠ તેમજ વ્યાખ્યાનનું આયોજન હતું. આ શુભ પ્રસંગે જ્ઞાતિના અગ્રેસર ભાઈઓએ જખૌ મધ્યે કાયમી અન્નક્ષેત્ર તથા અતિથિગૃહ શરૂ કરવા માટે મહારાજશ્રી પાસે આજ્ઞા માગી અને મહારાજશ્રીએ સહર્ષ સંમતિ આપી અને રૂ. ૫૧૦૦/- સૌ પ્રથમ તેમણે એમાં ભેટ તરીકે આપ્યાં. જોતજોતામાં અન્નક્ષેત્ર તેમજ અતિથિગૃહ માટે ધારેલા લક્ષ્યાંક કરતા પણ ફાળો વધારે થયો. અંદાજે જે ફાળો રૂ. ૧૦ થી ૧૨ લાખ કરવાના હતા તે મહારાજશ્રીના આશીર્વાદ અને કૃપાથી રૂ. ૨૫ લાખનો માનવર ફાળો ભાવિકોએ હર્ષભરી એકઠો કરી આપ્યો. એજ રાત્રે એટલે કે શ્રી રામનવમીના દિવસે રાત્રે ભજનનાં કાર્યક્રમનું પણ આયોજન હતું અને સવારના ૭ વાગ્યા સુધી ભાવિક - ભક્તો એ અતૂટ સંખ્યામાં ભાગ લીધો.

આ એક અત્યંત સફળ અને યાદગાર કાર્યક્રમના આયોજનમાં ૧૦૧/- સાયકલવીરોના ફાળો પણ અમૂલ્ય હતો. તેઓએ તા. ૧૨-૪-૮૯ ના રોજે વાંઢાય તીર્થધામથી પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજના આશીર્વાદ લઈ કચ્છના ગામેગામ ફરી પ. પૂ. ગુરૂવર્ય શ્રી ઓધવરામજી મહારાજના સમસ્ત કચ્છમાં 'જયનાદ' કરી તા. ૧૪-૪-૮૯ ના સવારે નવ વાગે જખૌ પધાર્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને લગભગ ૧૦ - ૧૨ હજાર ભાવિકો સાથે શોભાયાત્રામાં જોડાયા હતા. આ જખૌ ગામના પ્રસંગે એટલે કે પ. પૂ. મહારાજશ્રીની હાજરી અચૂક હતી. આવા પ્રસંગો પ્રગટાવવાં એમના આશિષ અને આશીર્વાદ અવશ્ય હોય છે.

(૫) ત્યાર બાદ જામનગર મધ્યે તા. ૬-૧૨-૮૯ થી ૧૨-૧૨-૮૯ સુધી શ્રી ૧૫૧ સમુહ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પરાયણનો કાર્યક્રમ પ. પૂ. સંતશ્રી વાલદાસજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો. જેમાં

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



કચ્છ અને સૌરાષ્ટ્ર ના ખ્યાતનામ સંતો એ પધારી આ કાર્યક્રમને પાવન બનાવ્યો હતો. આ શુભ પ્રસંગે જગ-વિખ્યાત રામાયણ કથાકાર અને મહાન સંત પરમ વંદનીય શ્રી મોરારીબાપુના પ્રવચનોનો લ્હાવો પણ ભાવિકોએ માણ્યો હતો. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમોની સૂચિ નીચે મુજબ છે.

મુખ્ય વ્યાસ પીઠ ઉપર - શાસ્ત્રી શ્રી જયંતિલાલ ગૌરીશંકર રાવલ ચીરઈ મોટીવાળા એ અમૃતવાણીનું રસપાન કરાવ્યું હતું.

મુખ્ય યજમાન - શ્રી ભાનુશાલી કરમશી હરિદાસ દામા પરિવાર (પ્રજાઉવાળા)

કથાના શુભ આરંભે મંગળદીપ પ. પૂ . સંતશ્રી વાલદાસજી મહારાજશ્રીના શુભ હસ્તે પ્રગટાવવામાં આવ્યું.

ત્યાર બાદ પોથી યાત્રા તા. ૬-૧૨-૮૯ બુધવાર સવારે ૮ વાગે

શ્રી કથા પ્રારંભ - તા. ૬-૧૨-૮૯ સવારે ૧૦-૩૦ વાગે

શ્રી નૃસિંહ ભગવાનનો જન્મ - તા. ૮ - ૧૨- ૮૯ સાંજે ૪ વાગે

શ્રીવામન ભગવાનનો જન્મ - તા. ૯-૧૨-૮૯ સવારે ૧૦ વાગે

શ્રી રામચંદ્ર ભગવાનનો જન્મ - તા. ૯-૧૨-૮૯ બપોરે ૧૨ વાગે

શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ - તા. ૯-૧૨-૮૯ સાંજ ૪ વાગે

શ્રા કથા પૂર્ણાહુતિ - તા. ૧૨-૧૨-૮૯ બપોરે ૧૨ વાગે

કથા પૂર્ણાહુતિના દિવસે જ રાત્રે ૧૦-૩૦ વાગે ભજનનો કાર્યક્રમ પણ યોજવવામાં આવ્યો હતો.

(૬) ત્યાર બાદ શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ કે જે હરિદ્વારમાં શ્રી કચ્છીલાલ રામેશ્વર આશ્રમમાં ઉજવવામાં આવ્યો હતો. એ પ્રસંગની પણ કંઈ અનેરી જલક શ્રી ગુરૂ મહારાજ શ્રી ઓધવરામજીની શતાબ્દિ નિમિત્તે યોજાઈ હતી. એ શુભ અને પવિત્ર દિવસે સાધુશ્રી શ્યામદાસજી અને સાધુ શ્રી અરવિંદદાસજીનો દિક્ષા મહોત્સવ યોજાયો હતો. એ દિવસે પણ પ. પૂ. સંતશ્રી વાલદાસજી મહારાજ અને પ. પૂ. શ્રી સરસ્વતીદાસ બાપુ (ઉદાસીન) ગીર બાણેજવાલા તથા ૧૫૦૦ જે ટ લા ભાવિકોની હાજરીમાં આ શ્રી ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો હતો.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પૂ. શ્રી ઓધવરામજી જન્મ શતાબ્દી મહોત્સવ

શ્રી ઈશ્વર આશ્રમ, દેશલપરથી રામનવમી તા. ૧૪-૪-૧૯૮૯ ઉત્સવ પછી તા. ૧૫-૪-૧૯૮૯ નાં સવારમાં વાંઢાયથી નારણસરોવર પગયાત્રા થઈ.

શ્રી ગુરૂ ઓધવરામાય મનઃ

## પરમ પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજી મહારાજશ્રી જન્મ શતાબ્દી મહોત્સવ અંતર્ગત

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ તથા શ્રી ઉમિયા માતાજી તથા શ્રી હિંગલાજ માતાજીની મૂર્તિઓ તથા પગલા પ્રતિષ્ઠા મહોત્સવ.....

શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાય, પોસ્ટ દેશલપુર, તાલુકો ભુજ-કચ્છ. સંવત ૨૦૪૫ના અષાઢ સુદ ૧૪ ને સોમવાર તા. ૧૭-૭-૮૯ ના રાત્રે ભજન, સત્સંગ ઈત્યાદી....

- અષાઢ સુદ ૧૫ (ગુરૂપૂર્ણિમા) : મંગળવાર તા. ૧૮-૭-૮૯ ના વ્યાસ પૂજા ઉજવાઈ.
- સંવત ૨૦૪૫ ના શ્રાવણ વદ ૩ ને શનિવાર તા. ૧૯-૮-૮૯ ના સવારે ૮ વાગે જલયાત્રા.
- શ્રાવણ વદ ૪ ને રવિવાર તા. ૨૦-૮-૮૯ આખો દિવસ હોમ, હવન વિગેરે.
- શ્રાવણ વદ ૫ ને સોમવાર તા. ૨૧-૮-૮૯ ના સવારે ૧૦-૦૫ મીનીટે શ્રી મૂર્તિ તથા પગલા પ્રતિષ્ઠા બપોરે ૩-૧૦ કલાકે પૂર્ણાહુતિ.

શ્રી ઈશ્વર આશ્રમમાં શ્રી ઉમિયા માતાજી તથા શ્રી હિંગલાજ માતાજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા તથા શ્રી વિહારી સાહેબ તથા શ્રી ક્ષેમસાગરજી મહારાજ તથા પૂ. દયાલદાસજી મહારાજ તથા શ્રી શાન્તિદાસજી મહારાજના પાવન પગલાંની પ્રતિષ્ઠા વિધિ થઈ.

પ્રતિષ્ઠા કર્મકાંડની વિધિ શ્રી ભાઈલાલ કાશીરામ શર્મા આશંબીયાવાલા (હાલે બીદડા) કરાવી તથા તેમની સાથે અન્ય બ્રાહ્મ પણ સાથ આપ્યો.

**પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને**
**જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન**



પ્રતિષ્ઠા વખતે પ. પૂ. મહારાજશ્રી વાલદાસજી મહારાજ તથા પ. પૂ. મહારાજશ્રી સરસ્વતીદાસજી બાપુ તથા અન્ય સંતો ની ઉપસ્થિતામાં આ પ્રસંગ ઉજવાયો હતો.

શ્રી ઉમિયામાતાજીની પ્રાણપ્રતિષ્ઠા શ્રી ગોપાલભાઈ બચુ યાદ વ પરિવાર તરફથી અને શ્રી હિંગલાજ માતાજીની પ્રાણપ્રતિષ્ઠા શ્રી ભાનુશાલી વિશ્રામ જેઠાભાઈ તથા શ્રી હીરજી જેઠાભાઈ રતડા પરિવાર તરફથી, પ. પૂ. સંતશ્રી વાલદાસજી મહારાજશ્રીના આશીર્વાદથી યોજાઈ હતી.

## (૯) શ્રી રામ મંદિર સ્થાપત્ય

શ્રી રામ મંદિર શીલાન્યાસનું આયોજન પણ આ પવિત્ર વર્ષ દરમ્યાન યોજવામાં આવ્યું હતું.

સં ૨૦૪૫ તા. ૯-૮-૮૯ ના શુભ દિને પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજ અને પ. પૂ. મહંત શ્રી કરસનદાસજી મહારાજના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું અને તા. ૧૮-૮-૮૯ ના પવિત્ર દિવસે નવગ્રહ દેવતાંની પૂજાનું આયોજનમાં નવ જોડકાંના હસ્તે શીલારોપણ વિધિ કરવામાં આવી હતી.

(૧૦) ત્યાર બાદ પ. પૂજય શ્રી ઓધવરામજી મહારાજશ્રીની નિર્વાણ (પૂણ્ય) તિથિ સંવત ૨૦૪૬ પોષ સુદ ૧૨ સોમવાર તા. ૮-૧-૮૦ તથા પોષ સુદ ૧૩ મંગળવાર તા. ૯-૧-૯૦ ના રોજ વાંઢાય તીર્થધામ શ્રી ઈશ્વર આશ્રમમાં ઉજવાઈ. નિર્વાણ તિથિ નિમિત્તે સ વાર ૮ વાગે શોભાયાત્રાનો પ્રારંભ થયો જેમાં ૭૦૦૦ થી ૮૦૦૦ ભાવિકોએ ભાગ લીધો હતો. શોભાયાત્રા શ્રી ઈશ્વરઆશ્રમ દ્વારાથી આરંભ થઈ. શ્રી ઉમિયા માતાજી મંદિર, શ્રી સાધના કુટીર, શ્રી ઓધવરામજી મહારાજશ્રીની તપો-ભૂમિ અને ત્યાર બાદ શ્રી ઈશ્વરસાગરને પ્રદક્ષિણા કરીને શ્રી ઈશ્વર આશ્રમ દ્વારામાં પૂર્ણ થઈ. ત્યારબાદ મહાભંડારા પ્રસાદનો બધા ભાવિકોએ લાભ લીધો અને સાંજે સંધ્યાપાઠનું આયોજન થયું હતું.

(૧૧) ત્યાર બાદ પોષ વદ અમાસ તા. ૨૬- ૧-૯૦ ના રોજે મંજલ માં પૂ. સાધ્વી મૈયાજીની પૂણ્યતિથિ ઉજવવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આ પવિત્ર પ્રસંગે પણ પ. પૂ. સંતશ્રી વાલદાસજી મહારાજ પૂ. સંતશ્રી કરસનદાસજી મહારાજ અને અન્ય મહાત્માઓ તેમજ સાધુ-સંત ગણોએ હાજરી આપી ને સુંદર રીતે ઉજવાયો હતો.

(૧૨)......અને હવે અંતમાં શ્રી વાંઢાય-તીર્થધામમાં "શ્રી રામાયણ જ્ઞાનયજ્ઞ પારાયણ" નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસ પીઠે પરમ વંદનીય શ્રી રામચંદ્રજી ડોંગરેજી મહારાજશ્રી રામાયણ કથાનું રસપાન કરાવશે.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



તા. ૨૭-૩-૯૦ થી તા. ૪-૪-૯૦ સુધી સવારના ૯ થી ૧૨ વાગે બપોરે ૩ થી સાંજે ૬ વાગે.

(કથાશ્રવણ)

મુખ્ય યજમાન- પટેલ સ. શ્રી શિવદાસ શીવજી માવાણી પરિવાર હસ્તે પટેલ કરસનદાસ. શીવદાસ માવાણી ( નાશીક વાળા)

શ્રી કચ્છ જખૌ ભાનુશાલી સમાજ (મુંબઈ) એ પણ પ. પૂ. સંતશ્રી ઓધવરામજી મહારાજના મંદિરનો ૧૪ મો વાર્ષિક ઉત્સવ સંવત ૨૦૪૬ ના ચૈત્ર સુદ ૯ (રામનવમી) તા. ૩-૪-૯૦ ના રોજ ઉજવવાનું નિર્ધાર્યું છે. કચ્છ જખૌની પવિત્ર ભૂમિ કે જે પ. પૂ. ગુરૂવર્ય સંતશ્રી ઓધવરામજી મહારાજશ્રીનું પ્રાકટ્ય સ્થાન છે.

"ધન્ય ધન્ય શ્રી જખૌ ગામ, જયાં પ્રગટયા શ્રી ઓધવરામ
લાખો અંતરના આરામ, કરો સર્વ અમ પૂરણ કામ."

(૧) ગુજરાત મહેસાણા મધ્યે શ્રી ઓધવરામ સત્સંગ મંડળ દ્વારા નવા સત્સંગભવનનું ખાતમુહુર્ત પ. પૂ. મહારાજશ્રી વાલદાસજી મહારાજનાં હાથે કરવામાં આવ્યું અને બે દિવસ સારી રીતે ઉત્સવ થયો. ગાંધીધામ કચ્છ મધ્યે શ્રી હીંગલાજ માતાજી

(૨) તથા પરમ પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજનાં મંદિરની પ્રતિષ્ઠા વિધિ થઈ તેમાં પણ પ. પૂ. મહારાજશ્રી વાલદાસજી મહારાજે હાજરી આપી તેથી સારી રીતે ઉત્સવ થયો.

(૩) આ શુભ વર્ષે ખેડબ્રહ્મામાં શ્રી પાટીદાર કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજના હસ્તે અને અન્ય ભક્તગણોની હાજરીમાં ઉજવાયો હતો.

શ્રી હીરજીભાઈ જેઠાભાઈ ભાનુશાલીને ઘેર શ્રી રામાયણજીનો સુંદર કાંડ તથા સંધ્યા પાઠ પૂજ્ય મહારાજશ્રીનાં ભક્તો દ્વારા કરવામાં આવ્યો.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પ. પૂ. ઓધવરામજી મહારાજશ્રીનો ઉપદેશ

કર્મ ત્રણ પ્રકારના છે. સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ આ જન્મથી પૂર્વે થયેલા કર્મો સચિત અને વર્તમાન જન્મમાં શરીર, વાણી, મનથી થતાં કર્મ તે ક્રિયામણ અને શરીરની ઉત્પત્તિ વખતે વિધાતાએ નક્કી કરેલાં જે કર્મ ફલ દેવા તૈયાર છે. તેનાથી શરીર બન્યું એટલે કર્મ (ભોગ) આયુષ્ય વિ. નક્કી હોય તે પ્રારબ્ધ.

દષ્ટાંત તરીકે ખેડૂતને ત્યાં અનાજ હોય, તેમાં સંગ્રહ હોય તે સંચિત, જે ખાવા કાઢયું (ખાધું) તે પ્રારબ્ધ અને નવું અનાજ ઉત્પન્ન કરે તે ક્રિયમાણ.

સંચિત કર્મ જ્ઞાન અગ્નિથી નાશ થાય.

ક્રિયમાણ કર્તાપણાનું અભિમાન તથા ફલ ઈચ્છા, આસક્તિ ન હોય તેથી તેનું ફલ નથી.

પ્રારબ્ધ કર્મ શરીર ભોગવે પણ શરીરમાં અહંતા મમતા ન હોય તેથી સુખી-દુઃખી ન થાય. સ્વામીજીએ કહ્યુ કે બ્રહ્મ જાણે તે બ્રહ્મવરૂપ બની રહે.

પ્રથમ કહ્યુ કે ઈશ્વરની પ્રસન્નતા માટે મુખ્ય પ્રેમ (ભક્તિ) જરૂરી છે. ભક્તિ માટે બીજા સાધનોની જરૂર છે.

ઈશ્વર ભક્તિની પ્રાપ્તિથી જ્ઞાન થાય. જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થતાં આત્મબ્રહ્મ એકતા સમજાય. એનાથી અધિક બીજું કંઈ આ બ્રહ્માડમાં નથી. માટે મનુષ્ય જન્મમાં જરૂર પોતાનો ઉધ્ધાર કરી લેજો. જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય વધારશો.

નિષ્કામ કર્મ-ઉપાસના (ભક્તિ) -જ્ઞાન-યોગ અધિકાર પ્રમાણે સાધના કરી પરમાત્માની પ્રાપ્તિ કરશોજી.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પૂ. બ્રહ્મનિષ્ઠ મહાપુરૂષ બાવા વિહારી સાહેબનું જીવન દર્શન

બાવા દેવા સાહેબના શિષ્ય સમુદાયમાં મુખ્ય ચાર શિષ્યો તેમના દિક્ષિત શિષ્યો હતા જેમાંથી બાવાશ્રી વિહારી સાહેબે વાંઢાયમાં આશ્રમ બાંધ્યો.

બાવા દેવા સાહેબે એક ભજનમાં કહ્યુ છે :-

ભેદુ રે મળે તો વાતુ કીજીએ ભેદુ ભરમને જાણે,
અણસમજુને શું કહીએ, પક્ષ પોતાનો તાણે.

ઉપરોક્ત ભજન કેમ વિહારી સાહેબને માટે જ ન બનાવ્યું હોય તેમ આ બાજુ વેરાજીએ મંડળીના સંતના મુખે બાવા સાહેબના વખાણ સાંભળી તેમને મળવાના તાલાવેલી જાગી અને એક દિવસે દૈવધામ હમલાપુરીની મુલાકાત લીધી મહાત્મા દેવા સાહેબના દર્શન કરી તેમનું મન ઠર્યું. "શાંતિ પમાડે તે સંત."

બાવા દેવા સાહેબ પ્રત્યે આકર્षાઈ શ્રી વિહારી સાહેબે તેમની પાસેથી મંત્ર દિક્ષા લઈ કંઠી બંધાવી શિષ્ય બની પુનઃ વાંઢાય પધાર્યા.

વાંઢાયના ગરાસદારોએ મળીને બાવાશ્રી વિહારી સાહેબને અહીં જ આશ્રમ બાંધવા વિનંતી કરી અને ખેતર અર્પણ કર્યા નિવૃતિ પરાયણ સ્થાન જોઈ ત્યાં જ પર્ણકુટી બાંધી ભજનનો આનંદ લેવા માંડયા.

એક વખત તેઓ વાંઢાયથી હમલા પધારતા હતા અને તેમની સાથે કચ્છ વાંઢાયના કામલશા પીર હતા. રસ્તે ચાલતા જંગલમાં અનેક લીલા ઝાડની સાથે એક સુકુ ઠુઠું જોઈ કામલશાહે વિહારી સાહેબને કહ્યુ કે "બાવાજી નીલે ભેગો સુકો જરાય ખાસો ન તો લગે" પીરનું વચન સાંભળી શ્રી વિહારી સાહેબે તેમને કહ્યુ કે આપને પીરની પદવી છે. તો આપ એ વૃક્ષને લીલું કરી નાખો. બાવાજીનું આ કથન સાંભળી કામલશા બોલ્યા.

દુહો : કીત નીલા કીત સુકા કીત મરેં કીત જીએ
ઈ કરામત કુદરતજી તેમેં કામલનું કી ન થીએ

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



કાંઈ હરકત નહીં પીર બાવા. આપ જેવા ગુરૂ અને પીરોની દુહાથી ઝાડ જરૂર લીલું થશે એમ મારૂ ચોક્કસ માનવું છે. પોતા પાસેના જળપાત્રમાંથી એક અંજળી વૃક્ષ પર છાંટવાથી નવપલ્લવ ઝાડ શ્રી વિહારી સાહેબે બનાવ્યું.

સંતોમાં કેટલી વિશાળ ઈશ્વરી શક્તિ હોય છે એનું આ એક ઉદાહરણ જ બસ છે.

બ્રહ્મષ્ઠ બાવાશ્રી વિહારી સાહેબે પોતાનું પંચભૌતિક શરીર વાંઢાયમાં શાંત કર્યું એટલે કે કૈવલ્ય પામ્યા.

## પૂ. બ્રહ્મનિષ્ઠ મહાત્મા દેવા સાહેબની જીવન ઝરમર

મહાત્મા દેવા સાહેબ વિરક્ત બન્યા બાદ કચ્છ હમલા ગામની પશ્ચિમ દિશાએ આવેલ (ચીનકી ગંગા નામે) નદીની પાળ પર (હતીતડ) ટેકરી ઉપર પર્ણકુટી બાંધી ત્યાં પ્રભુ ભજનમાં પોતાનો સમય વ્યતિત કરવા લાગ્યા.

મહાત્મા દેવા સાહેબનો ત્યાગ અને આત્મબળની પ્રશંસા કચ્છમાં થોડા સમયમાં જ પૂર્ણપણે પ્રસિધ્ધ થઈ ગઈ. સંતની પર્ણકુટી માનવી માટે યાત્રાધામ બની સંત વચન જનતા માટે વેદ વચન બન્યાં. એટલે ભાવિકોના ટોળે ટોળાં દર્શનનો લાભ લેવા આવવા મંડયા અને ખ્યાતિ બહુ જ ફેલાઈ ગઈ.

દેવાજીનું હૃદય અતિશય સરળ, સેવાભાવી અને નિર્મળ હતું ગુરૂકૃપા શું ન કરે ! મહાત્મા દેવાજી ગુરૂ વચન અનુસાર કચ્છ ધરાના ધુરંધર એક મહાત્મા બન્યા.

દેવા સાહેબ મહાન સંત હતા. તેવા જ મહાન કવિ પણ હતા. તેમની કાવ્ય શક્તિ અજબ હતી. એમના રચેલ ગ્રંથો પૈકીના હરિસાગર, રામસાગર, કૃષ્ણસાગર ઉપરથી જણાય છે કે જે પુસ્તકોમાં તેઓશ્રીએ કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડની સંપૂર્ણપણે છણાવટ કરેલ છે.

ૐ શાંતિ શાંતિ શાંતિ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



## પૂ. મહારાજશ્રી ક્ષેમદાસજી

પૂ. બાવા શ્રી વિહારી સાહેબનાં શિષ્ય શ્રી ક્ષેમદાસજી નખત્રાણા તાલુકાનાં મંજલ ગામનાં ચારણ કુળમાં જન્મયા હતા. તેઓશ્રી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અન્યોન્ય ગુરૂભક્ત અને વિદ્વાન સંત હતા.

એક વખત વાંઢાયથી આસંબીયા જતાં રસ્તામાં વેકરાના ભીમાણી ગજણજીનાં આગ્રહથી રોકાયા અને ગજણજીએ પોતાનું દુ:ખ સંત આગળ રજુ કર્યું કે, મહારાજ અમારે સંસારીને શેર માટીની ખોટ એટલે એ ખોટથી અમારો સંસાર સૂનો છે. અમારી સમૃધ્ધિ પણ પુત્ર વિના નકામી છે. આમ કહેતાં દુ:ખનાં લીધે ગજણજીની આંખમાં આંસુ આવી ગયા. મહારાજ ક્ષેમદાસજીનાં કોમળ હૃદયથી દુ:ખ સહન ન થયું એટલે કહ્યુ, 'બાપલા રડો મા, ઠાકુર સારા વાના કરશેં' પરંતુ પુત્ર જન્મે એનું નામ સંતદાસ પાડજો. એમ કહી આસંબીયા બાવા શ્રી ગંગા મા પાસે મહારાજશ્રી પધાર્યા.

મહારાજશ્રીની કૃપાથી ગજણજીને ત્યાં પુત્ર જન્મ થયો. સમય પર આવી ક્ષેમદાસજીના ચરણમાં નમાવ્યો. કોરી એક હજાર રોકડી કાનપુર આવી ગજણજીએ મહારાજશ્રીનાં પગે ધરી અને એ કોરીઓનો ઉપયોગ શ્રી ઈશ્વર સાગર સરોવર અર્થે કર્યો.

શ્રી ઈશ્વરરામજીને બોલાવી હંમેશા કથા-શ્રવણનો લાભ આપતાં રહેવું એમ કહી પંચભૌતિક શરીર શ્રી ક્ષેમદાસજી મહારાજે છોડી દીધું અને મોક્ષપદને પામ્યા.

## પ. પૂ. બ્રહ્મનિષ્ઠ સંતશ્રી લાલરામજી

કચ્છ દેશલપુર વાંઢાય ના કડવા પાટીદાર ગોપાલજી ભગતના પત્ની માનબાઈનાં ઉદરથી સંવત ૧૯૧૩ ના વૈશાખ સુદ ૨ ના પવિત્ર દિવસે પુત્ર પ્રગટ થયા એનું નામ લાલજી રાખવામાં આવ્યું.

પૂ. શ્રી ઈશ્વરરામજી મહારાજની અમિદ્રષ્ટિ પડતાં તેઓશ્રીને એ બાળકમાં સંત હૃદયના દર્શન થયાં. શાસ્ત્રાભ્યાસ શરૂ થયો એટલે દરરોજ લાલજી વાંચે અને પૂ. શ્રી ઈશ્વરરામજી એનો અર્થ સમજાવે. આમ બહુ જ લાંબા સમય સુધી ચાલ્યું.

તેઓશ્રીના સહવાસથી લાલજીને શિષ્ય બનવાની ઈચ્છા થઈ. મહારાજશ્રીએ કૃપા કરી પોતાના શિષ્ય

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



## પૂ. દયાલદાસજી મહારાજ



પૂ. મહારાજ શ્રી ઓધવરામજીએ પોતાની હયાતીમાં જ આશ્રમનો સંપૂર્ણ વહીવટ શ્રી દયાલદાસજીને પોતાના પટ્ટશિષ્ય તરીકે માની સુપ્રત કરેલ હતો.

ગુરૂદેવ શ્રી ઓધવરામજીની પાદુકા, ઢોલીયો અને ગાદી સિવાય મહારાજશ્રી પોતા પાસે રાખતા તે દંડ દર્શન માટે એમની પુણ્ય સ્મૃતિમાં આશ્રમમાં જાળવી રાખ્યા. જેવી રીતે જુના દ્વારા શ્રી ઉમીયા માતાજી સ્થાનમાં મહારાજશ્રી ઈશ્વરરામજીનો ભજનનો ઓરડો, તેઓશ્રીનો ઢોલિયો, ટોપી, પુસ્તક અને ગાદીનાં આજે પણ દર્શન થાય છે.

સંવત ૨૦૦૦ નાં ચૈત્ર સુદ ૯ (રામનવમી) નાં પવિત્ર દિને જગદ્જનની ઉમીયાજીનું નૂતન મંદિર બંધાવી તેનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ કર્યો.

આશ્રમમાં શાંતિથી પ્રભુ ભજનમાં મગ્ન રહીને તેઓશ્રી શેષ જીવન વાંઢાયમાં રહ્યા ને મોક્ષ પદને પામ્યા.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન




## પૂ. શાંતિદાસજી મહારાજ



પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





પૂ. મહારાજશ્રી ઈશ્વરરામજી ગુરૂશ્રી ક્ષેમસાગરજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





મહારાજ શ્રી લાલરામજી ગુરૂશ્રી ઈશ્વરરામજી

પ્રાકટ્ય સ્વરૂપવસ્થાન :

વિક્રમ સંવત ૧૯૧૩ વૈશાખ સુદ-૨ * વિક્રમ સંવત ૧૯૭૧ મહા વદ-૨

**પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને**

**જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન**



# પ.પૂ. સદગુરુ શ્રી ઈશ્વરરામજી મહારાજનાં જીવનનાં સંસ્મરણો

પૂ. શ્રી કચ્છ અબડાસાના નાંદરા ગામના કટારમલ શાખાના ભાનુશાલી હતા. પાંચ વર્ષની કુમળી વયે તેમનાં માતાપિતા સ્વર્ગવાસ પામ્યા. એટલે તેઓ ફોઈની છત્રછાયા હેઠળ ઉછરવા માંડયા.

કુમળી વયે પણ તેઓ ફોઈની સાથે સત્સંગમાં જતા જેથી તેમનાં આધ્યાત્મિક સંસ્કારોએ બળ પકડયું અને વૈરાગ્ય ભાવ જાગૃત થયો. જોકે તેમનાં કુટુબીજનોએ તેમનાં સગપણ સંબંધની વાતો કરી પરંતુ તેમણે સંસારી માયાજાળમાં પડવાનો સાફ ઈન્કાર કર્યો.

એ અરસામાં શ્રી અરજુનદાસજી નામનાં મહાત્માએ તેમની મુખાકૃતિ જોઈ અને ક્હ્યુ કે, આ છોકરો ભવિષ્યમાં મહાન સંત થશે અને તેને સંસારમાં ન પડવાની સલાહ આપી.

સમય જતાં મહાત્માઓની સાથે શ્રી ઈશ્વરરામજી કચ્છ હમલાપુરી આવ્યા ત્યાં પરમકૃપાળુ સંત શ્રી ક્ષેમદાસજીના દર્શનથી તેમનાં પૂર્વના પૂણ્ય સંસ્કારો જાગૃત થયા અને તેમણે શિષ્ય બનવાની તીવ્ર ઈચ્છા બતાવી. પૂ. મહારાજ શ્રી ક્ષેમદાસજીએ પણ અધીકારી જાણી તેમને ઉપદેશ આપી શિષ્ય બનાવ્યા અને ઈશ્વરદાસ નામ આપ્યું.

સેવા અને સ્મરણના પથ પર ભવ્ય પુરૂષાર્થથી તેમણે વાંઢાયમાં શ્રી ઈશ્વર આશ્રમની સ્થાપના કરી.

## પૂ. મહારાજશ્રીના જીવન દરમ્યાનની અદભૂત ઘટના

એક સમયે સુથરીનાં રાજયગોર પરસોત્તમને ઘેર કચ્છનાં તમામ સંતો-મહંતો પધાર્યા છે. શ્રીમદ્ ભાગવત પૂર્ણાહુતિનો પ્રસંગ છે.

ઉત્સવનાં છેલ્લે દિવલે પરસોત્તમનો એકનો એક દિકરો ઘોડાને પાણી પાવા ગએલ, ને ત્યાં ઘોડા પરથી પડી જતાં ત્યાં જ મૃત્યુ પામ્યો, સંત સેવામાં અનુરાગી પરસોત્તમે મહાત્માઓને આ વાતની જાણ થવા ન દીધી.

સાધુ સંતોની પંગત પ્રસાદ લેવા બેઠી ત્યારે મહારાજ ઈશ્વરરામજીએ કહ્યુ કે, 'પરસોત્તમ આજ તમારો પુત્ર

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



પીરસે અને આંગણે આવેલાં સંતો પ્રસાદ લે તો મને બહુ જ આનંદ થાય.

'તારો પુત્ર પીરસે' એ શબ્દ કાને પડતાં પરસોત્તમે યુક્તિ પ્રયુક્તિથી મહારાજશ્રીને સમજાવ્યા છતાં પૂ. ઈશ્વરરામજીનો આત્મા હા પાડતો નથી- એટલે પરસોત્તમે કહ્યુ મહારાજ છોકરો તો પ્રભુને પ્યારો થયો છે, પરંતુ મહાત્માઓ ભોજન લીધા વગર ચાલ્યા ન જાય માટે મેં જાણ નથી કરી.

આ સાંભળી મહારાજશ્રીએ કહ્યુ, પરસોત્તમ તારી સેવા-ભક્તિની અવધી ગણાય; તારી સેવા-ભક્તિ પાસે અમારે સાધુને પણ શરમાવું પડે. પરંતુ પરસોત્તમ ! સંત વસ્તા હોય ત્યાં સંકટ કેવું ?

ભેખની ટેક ભગવાન જરૂર રાખશે એમ કહી મહારાજશ્રી સર્વ સંત સમાજ સહીત સબ પાસે પધાર્યા અને હાજર રહેલા મહાત્માઓનાં ચરણો ધોઈ, એ ચરણામૃત છોકરાનાં શરીર પર છાંટયું અને નરોડાનાં મા કલ્યાણબાઈને કહ્યુ માતાજી છોકરાને જરાક હાથ દેજો એટલે આળસ મરડી ઉભો થાય.

કલ્યાણબાઈ માએ મહારાજશ્રીની આજ્ઞાથી કહ્યુ બેટા ઉઠ, ઉભો થા અને આંગણે આવેલા સંતોને જમાડ કારણ કે, ભોજનનો સમય થયો છે.

ત્યાં તો નિંદ્રામાંથી આળસ મરડી છોકરો ઉભો થયો અને મહારાજશ્રી તથા સર્વ સંતોને ચરણે પડયો.

પૂ. મહાત્મા શ્રી ઈશ્વરરામજી વિષે 'ઈસરા-પરમેશ્વરા' એ કહેવત સૌરાષ્ટ્રમાં પ્રચલિત હતી. પરંતુ આ બનાવ પછી કચ્છમાં પણ પ્રચલિત બની.

પૂ. સંત શ્રી આજીવન સેવા સ્મરણમાં લીન રહી પોતાનાં શિષ્યોને ઉપદેશ આપી, સંવત ૧૯૫૩ ના આષાઢ વદ ૨ ને દિવસે મહાનિર્વાણ પામ્યા.

પૂ. મહારાજશ્રીનાં પટ્ટ શિષ્ય શ્રી લાલરામજી અને અન્ય શિષ્યોએ તે સ્થાન પર એક સુંદર આશ્રમ બાંધી મહારાજશ્રીની ફુલ સમાધી તથા એક શિવાલય એ બે ભવ્ય શિખરબંધ મંદિરો બનાવ્યા.


મહારાજશ્રીના સમાધી મંદિરમાં ચરણપાદુકા અને પાનમુર્તી પધરાવવામાં આવી છે. સવાર-સાંજ ધૂપદિપ વિગેરેનો આજ પણ રોજ પુજન અર્ચન થાય છે.

અસ્તુ. ૐ શાન્તિ શાન્તિ શાન્તિ

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન






મહંત શ્રી કરશનદાસજી ગુરૂશ્રી શાંતીદાસજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





પરમ પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજશ્રીના 'ઢોલિયા'ના દર્શન

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# વર્તમાન મહંત શ્રી કરસનદાસજી

વર્તમાન સમયમાં ગાદી પર બીરાજી રહેલા ગુરૂદરબારના નવમી પેઢીના પૂ. મહંત શ્રી કરસનદાસજી ગુરૂશ્રી શાંતિદાસજી નિખાલસ સ્વભાવનાં પ્રેમાળ સંત છે. સેવા અને સ્મરણમાં સતત લીન રહેતા આ સંત આશ્રમની પ્રવૃત્તિઓ અન્નક્ષેત્ર, ગૌશાળા, જીર્ણોધ્ધારનું કાર્ય તથા આવતા જતા સંતની અવિરત સેવામાં રહે છે. તદ્ઉપરાંત દૂર દૂરથી દર્શનાર્થે આવતા સેવકો યાત્રાળુઓની દરેક પ્રકારની પૂરતી સગવડો માટે પૂરતું ધ્યાન આપે છે.

કચ્છમાં નારાયણ સરોવર તીર્થ તથા આશાપુરી માતાજીનું મંદિર (માતાના મઢ) એ જગ્યાઓમાં દર્શનાર્થે જતા આવતા સાધુ સંતો તથા યાત્રાળુઓ વાંઢાય તીર્થધામની અવશ્ય મુલાકાત લે છે. તેઓને રહેવા માટે રૂમો તથા યાત્રા-બસોને ઉતરવા માટે હોલ વગેરેની પુરતી સગવડ છે.

સદ્‌ગુરૂશ્રી ઈશ્વરરામજીની કૃપાથી આપણે બાર મહિના અગાઉ ઉત્સવ ઉજવવાનો નિર્ણય લીધો, અને પ્રભુ કૃપાથી સારો વરસાદ થતાં આ વર્ષે શ્રી ઈશ્વરસાગર સરોવર પણ પૂર્ણરૂપે છલકે છે.

આશ્રમમાં અવાર નવાર ભંડારા, શ્રીમદ્ ભાગવત સપ્તાહો તથા સતકર્મો સેવકો તરફથી થતા રહે છે, અને આશ્રમમાં નિયમિત દર વર્ષે જે ઉત્સવો ઉજવાય છે તેમાં હજારોની સંખ્યામાં એ ઉત્સવોમાં દૂર દૂરથી લોકો હાજરી આપીને એનો પૂરો લાભ ઉઠાવે છે.

## જીવનની સાફલ્યતા :

આપ સૌને સેવા કરવાની આ સોનેરી તક પ્રાપ્ત થઈ છે. તો આ અમૂલ્ય અવસર ચૂકશો નહીં. જરૂર ગુરૂ દરબારનાં દર્શને પધારજો અને આપ સૌની પવિત્ર ફરજ સમજીને તન, મન, ધનથી સેવા કરી આ અવસરને સંપૂર્ણપણે યશસ્વી બનાવજો.

શ્રી ઈશ્વર આશ્રમના ભક્તો દેશનાં ખૂણે ખૂણે અને પરદેશમાં પણ ઘણે ઠેકાણે વસવાટ કરે છે. સંસારી કામોમાં અટવાયેલા હોવાથી સમયના અભાવે અથવા આજની યુવા પેઢીને એમનાં વડીલોનાં વખતની વાતો ભૂલાઈ ગઈ હોય તો તેવા ભક્તોએ પણ આ પ્રસંગે આશ્રમને જરૂરથી યાદ કરીને ગુરૂ ગાદીનાં દર્શનાર્થે પધારીને પોતાનાં જીવનને કૃતાર્થ કરે એ જ અભ્યર્થના.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# અલખની સૌરભ

સંતો અલખની આરાધના કરે છે.

અલખ એટલે જાણી ન શકાય તે. એટલે ત્રીગુણાતીતથી પર બુદ્ધિનો જે વિષય નથી એવા પરમ તત્વ પરમાત્માની આરાધના એને સાધના કહેવાય છે.

સાધકની અવસ્થા ક્ષણે ક્ષણે બદલાતી જાય છે અને છેલ્લે જયારે પૂર્ણતાને આરે સાધક પહોંચે છે ત્યારે તેનો દેહાધ્યાસ છુટી જાય છે. એને તુરીયા અવસ્થા કહે છે. એ તુરીયા અવસ્થાનું વર્ણન કોઈથી લખી શકાય તેમ નથી.

તુરીયા પછી તુરીયાતીત અવસ્થા આવે છે જેમાં કહે છે કે એકવીસ દિવસ પછી જીવ શીવમાં ભેદ રહેતો નથી અને જયોતમાં જયોત મળી જાય છે અને જીવ પરમ ગતીને પામે છે એટલે મોક્ષ પામે છે.

ભક્તિની આ પરાકાષ્ટાએ પહોંચેલા સંતોનું આપણે આપણી બુદ્ધિ પ્રમાણે ભલે વર્ણન કરીએ, પણ એ બધું લેખકની મનોદશા ઉપર આધારિત લખાણ હોય છે, જયારે વાસ્તવિકતા તો સંતો પોતાના શ્રીમુખે જે કહે તે જ હોઈ શકે. માટે સંત બોલે તે શાસ્ત્ર બની જાય છે. એ અક્ષરે અક્ષર સત્ય છે.

સંતોની અનુભવ વાણી શ્રવણ કરનાર જીવ, જો આચરણમાં ઉતારે તો એનું જીવન ધન્ય બની જાય અને એ મોક્ષપદને પ્રાપ્ત થાય.

**"જો ભજે હરિ કો સદા, વો હી પરમપદ પાયેગા"**

અમોને જે કાંઈ પ્રાપ્ત થયું છે તેનો સંગ્રહ કરીને આપની સમક્ષ મુકેલ છે.

સંતોના જીવનનો પરિચય લેખક શ્રી ચંદુભા રતનસિંહ જાડેજા કચ્છ મેરાઉવાળાના "શ્રી ઈશ્વર વિહારી વિલાસ" પુસ્તકમાંથી લીધેલ છે.

લી. ભવદીય,

**સ્મરણિકા સમિતિ, ઈશ્વર આશ્રમ,**
વાંઢાય (કચ્છ).

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી ઓધવરામજી મહારાજશ્રીનું સંક્ષિપ્ત ચરિત્ર

"યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિર્ભિવતિ ભારત્
અભ્યુત્થાનમ ધર્મસ્ય, તદાત્માનં સૃજામ્યહમ્
પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્
ધર્મ સંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે "

ભગવાન જેવી રીતે યુગે યુગે પ્રગટ થાય છે તેવી રીતે સંતો પણ પ્રગટે છે.

કચ્છ જખૌ ગામે ભક્ત હેમરાજ તથા તેમના ધર્મપત્નિ ચાગબાઈ ઘેર સંવત ૧૯૪૫ ને ચૈત્ર સુદ ૯ (રામનવમી) ના પૂ. મહારાજશ્રીનું પ્રાગટય થયેલ.

સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજ પાસે રહી ધાર્મિક અભ્યાસ કરેલો.

મુંબઈમાં થોડો સમય નોકરી કરતા, પણ પૂર્વ સંસ્કારોવેશ વૈરાગ્યના બીજથી સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના આખ્યાન સાંભળવાથી મુંબઈ છોડી કચ્છ આવી હમલાના બાવા શ્રી પુરણરામજી મહારાજ પાસે કંઠી બંધાવી.પછી બાવાશ્રી સાથે મુંબઈ આવતા, પણ ત્યાં વધુ પ્રવૃત્તિ જણાતાં તેઓશ્રી ઈશ્વર આશ્રમ, વાંઢાય ગયા ત્યારે શ્રી લાલરામજી મહારાજને શરણે રહ્યા.

પછી શ્રી પુરણરામજીની આજ્ઞાથી શ્રી લાલરામજી પાસેથી સાધુપદની દિશા લીધી. અભ્યાસ કર્યો.

શ્રી લાલરામજી બ્રહ્મર્વાણ પામ્યા.

શ્રી ગુરૂ શ્રી લાલરામજીએ તેમને યોગનું રહસ્ય સમજાવ્યું તથા વૃધ્ધ બાપુ રામદાસજીની સેવા સોંપી તથા જ્ઞાતિ સેવા શ્રી કડવા પાટીદાર સમાજને સેવા સોંપી. કચ્છ-ગુજરાતના શ્રી પાટીદાર ભાઈઓમાં સૈકાઓ પહેલાં કોઈએ એમની સરળતા અને નિખાલસતાનો લાભ લઈ પીરાણા સતપંથના તેમને અનુયાયી બનાવી દીધા હતા. તેમને અસલ-સત્ય સનાતન ધર્મ સરળ રીતે સમજાવી પૂ. મહારાજશ્રીએ મહાન ધર્મ સ્થાપવાનું કાર્ય કર્યું. તેમની પ્રેરણાથી ગામડે ગામડે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો સ્થપાયા તથા વિદ્યાર્થીભુવન સ્થપાયા. તેમના કાર્યમાં શ્રી રતનસી ખીમજી પટેલ તથા અન્ય ભાઈઓએ સહકાર આપ્યો તથા સાધુ શ્રી દયાલદાસજીએ પણ સારી સેવા કરી. વાંઢાયમાં શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળની સ્થાપના કરી જે હાલમાં શ્રી પાંડુરંગ શાસ્ત્રીજીનાં નેતૃત્વ હેઠળ "ઈશ્વર ભાવના" તરીકે ઓળખાય છે.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
# જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



અંધશાળા-ખેતીશાળા વિગેરેનું કાર્ય શરૂ થયેલું. પછી સરકાર સંભાળતી.

પૂ. મહારાજશ્રી રામાયણ-ભાગવત-ગીતા-યોગવાશિષ્ઠ તથા પંચદશી ઈત્યાદિની કથા કરતા ઘણાને સરળતાથી અભ્યાસ કરાવતા.

સંવત ૧૯૯૬માં કચ્છમાં દુષ્કાળ વખતે તન, મન, અને ધનથી રાહત કાર્ય કરેલું.

કચ્છ મંજલના સાધ્વી મૈયાજીની પ્રેરણાથી ઈશ્વરસાગર તળાવ પાસે એક ટેકરી ઉપર ઝૂંપડી બનાવેલી ને તેમાં રહી ભજન કરતા.

પૂ. મહારાજશ્રીના અંતઃકરણમાં નીચેના સદ્‌ગુણો હતા. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપૈથુનતા, લજજા, અમાનિત્વ, નિષ્કપટતા, શૌચ, સંતોષ, તિતિક્ષા, સત્સંગ, સેવા, યજ્ઞ, દાન, તપ, સ્વાધ્યાય, શમ, દમ, વિનય, આર્જવ (સરલતા), દયા શ્રધ્ધા, વિવેક, વૈરાગ્ય, એકાંતવાસ, અપરિગ્રહ, સમાધાન, ઉપરામતા, તેજ, ક્ષમા, ધૈર્ય, અદ્રોહ, અભય , નરહંકરાતા, શાંતિ અને હરિ-ગુરૂ-સંતમાં અનન્ય ભક્તિ વિગેરે. તેઓશ્રી ક્રાંતિદર્શી, સાચા (નિષ્કામ) કર્મયોગી, રાષ્ટ્રભક્ત, પરમાર્થી, સંકલ્પમૂર્તિ, શ્રોત્તિય, બ્રહ્મષ્ઠ હતા. જનતા જનાર્દનની સેવા કરતા.

હરિદ્વાર જઈ ત્યાંથી ઉત્તરાખંડની યાત્રા, શ્રી જમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ તથા શ્રી બદ્રીનાથ ચારધામની યાત્રા કરી. સં. ૨૦૦૮ માં બાપુ રામદારજી નિર્વાણ પામ્યા પછી પૂ. મહારાજશ્રી હરિદ્વારમાં આવ્યા. સાધ્વી મૈયાજીના અંતિમ દિવસોમાં કચ્છમાં હાજરી આપી પછી હરિદ્વારમાં રહ્યા. હરિદ્વારમાં પ્રથમ એક નાનું આશ્રમ બનાવ્યું તે નેપાલી સ્વામી નિગાહીનાથને સોંપ્યું. પછી ઈ.સ. ૧૯૫૫ માં શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ. અન્નક્ષેત્ર-ગૌશાળાની સ્થાપના કરી.

ત્યારબાદ આંખના મોતીયાનું ઓપરેશન કરાવ્યું પણ નજર બરાબર નહિ થઈ. ગુરૂભાઈ સાધુ ગરીબદાસજીના બ્રહ્મર્વાણ થયાના સમાચારથી આઘાત થયો. પોષ સુદી ૧૨ સં. ૨૦૧૩ના તા. ૧૩-૫-૫૭ માં વાંઢાય-કચ્છમાં શ્રી ઈશ્વરરામજી તથા શ્રી લાલરામજીની પાસે સમાધી લીધી. તેમની પછી વાંઢાયમાં પાનમૂર્તિ સમારંભનો મોટો ઉત્સવ ઊજવાયો.

આજે પણ પૂ. મહારાજશ્રીની પૂણ્યતિથી (નિર્વાણ દીન) દર વર્ષે પોષ સુદ ૧૨ ના ઉજવાય છે જેમાં ભજન, સત્સંગ વગેરેનો ભરપૂર કાર્યક્રમ રહે છે. જેમાં હજારો ભાવિક ભક્તગણ ભાઈ-બહેનો ખૂબ જ ભાવપ્રેમથી જોડાઈ ભજન-કિર્તન અને સત્સંગનો લાભ લે છે.

દા. વાલદાસ
ગુરૂશ્રી ઓધવરામજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ૐ

# શ્રી ઉદ્ધવરામ નિર્વાણાષ્ટક

જય વન્દ્ય ભૂમિ વસુધાની મહીં, વાંઢાય વિહારીનું ક્ષેત્ર દીશે
તાહી શિષ્ય ક્ષમા નિધી ક્ષેમ મહા, નિત્ય તૃપ્ત રહે નિજ રૂપ વિષે
ગુરૂ ઈશ્વર ઈશ્વર રૂપ હતા, મુખાકૃતિ જોતાં જે મંદ હસે
લાલના ભાલે તો ભક્તિ ભરી, બહુ કષ્ટ સહિ નિજ કાય કશે ....(૧)

કચ્છ દેશ કુમારીકા ક્ષેત્ર વિષે, એ તો સંત મહા મહા મતિવંત હતા
યોગી હતા. અવધૂત હતા, માથે સિધ્ધની છાપ ન્હતી તે છતાં
સમ ભાવિએ સંતનો સૂરજ થઈ  અવનિ તલ માંહી સદા તપતા
આજે અસ્ત થયો જાણે રાત પડી. ઉધ્ધવ સમ ઓધવરામ જતા ....(૨)

કાષાય ન રક્ત ન પિત્ત કદિ, શુધ્ધ સત્વ ગુણે પટ શ્વેત ધર્યા
વિરહા અગ્નિમાં જીવ જે ઝુરી મરે, એને ઉધવસમ ઉપદેશ કર્યા
મહા મોહ નિશાવસ માનવના, ભાનુકૂલ ભાણે તિમીર હર્યા
ત્રિગુણાતિત મોહનો નાશ કરી, અવિનાસીના ઉત્તમ ઠામે ઠર્યા ....(૩)

નિજ પ્રાણથી પ્યારા ગુરૂકુલમાં, ગુરૂ ઈશ્વર રામની યાદી ભરી
સદ્ વિદ્યા તણા જેણે દાન દીધાં, જગ વન્દ્ય યતિવર જોગ ધરી
વળી અંધ અપંગ અનાથ તણો, ઉધ્ધાર ક્યાંની તો ખંત ખરી
અહા; આજે  એ ઓધવરામ નથી, કુર કાળે કસોટી આ કેવી કેરી ....(૪)

ઘણા માર્ગ ભુલ્યા એવા માનવીઓ, કુપંથને રાહે ગયા તા ચડી
વિવેકથી વાળીને વશ કર્યા, શુધ્ધ સત્ય સનાતન ધર્મ ભણી

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



જન સેવાની મેખ એ મહંત તણા, જાણે જીવન સાથે હતેલ જડી
ઉપદેશક ઓધવરામ જતાં, એની આજ ખરેખર ખોટ પડી ....(૫)

ઉત્તરા પંથમાં હરીદ્વાર વિષે, ઉપરામ વૃતિ સ્થિતિ પ્રજ્ઞ સ્થિતી
નિજ રૂપમાં પૂર્ણ મસ્ત બની, કરી ગંગ કિનારેપે પર્ણ કુટી
શુભ કર્મ કુઠારની ધારે કરી, દુષ્ટ કર્મરૂપી ગયું કાષ્ટ ફૂટી
જયારે જીવ ને શિવ બે એકય થયા, જગ જંજીર પ્રાયે ગઈ છે છુટી ....(૬)

નિજ આશ્રમ આવીને અંત સમે, અમને પણ આપે કૃતાર્થ કિધા
વદે દાસ દયાળ દયા નિધીના, અમે અંકમાં શીષ સમર્પી દીધા
અમરાપુર ઓધવરામ વર્યા, એ તો સંત બનીને સ્યંસિધ્ધા
ચરણોદક ધોઈને "ચંદુ" કહે, ચરણામૃત મેં તો એ પ્રેમે પીધા. ....(૭)

ધન્ય ધામ ધરા પુનિ માત-પિતા ધન્ય ગામ જેમાં તમે જન્મ ધર્યો
કચ્છ દેશ તણી ધરણી ધન્ય હો, કૃપા નિધી તણાં કુળને ધન્ય હો
ધન્ય સંત સમાગમ જેણે કર્યો, ધન્ય સંતનો જે કોઈ શિષ્ય થયો
ધન્ય ઓધવરામ તણો જય હો, જયહો જયહો જયહો ....(૮)

કરતા : શ્રી ચંદુભા રતનસિંહજી જાડેજા
મેરાઉ-કચ્છ

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# અમારા ગુરૂશ્રી ઓધવરામ

તમે માત હતા, તમે તાત હતા
સાથે ગુરૂદેવ સમા ગુરૂદેવ હતા
અધમના ઓધારણ હાર હતા
અંધ, અપંગના અંગે અંગ હતા -(૧)

વાંઢાય ગામે તમે આશ્રમ સ્થાપી
શ્રી ઈશ્વર આશ્રમ એનું નામ દીધું
પ્રેમે બાળકોને બોલાવી કરી
એને મફત વિદ્યા દાન દીધું -(૨)

સાથે અંધ વિદ્યાલય ત્યાં સ્થાપી દીધું
અને તેઓના જીવનને નવજીવન દીધું
વિધાતાની સાથે તમે બાથ ભીડી
એમ સુરદાસો તમને યાદ કરે -(૩)

ભદ્રા ઉત્સવ તમારો ઉજવાયો જયારે
ગામે ગામથી મેદની આવી ત્યારે
ગાડાઓની હારોથી પગપાળા સથવારાથી
સહુના મુખે આહ નીકળે શ્રી ઉધ્ધવના સમાચારથી -(૪)

ત્યાં આયર જાતિના સંઘો આવ્યા
અને પાટીદારો પણ પ્રસંગે આવ્યા
કેટલી જાતો લખવી અમારે

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ત્યાં માનવમાં તો મેળા જામ્યા -(૫)

સાધુ સંતો અંજલી આપવા
આવ્યા દેશો દેશથી
શિષ્યો ખૂણે ખૂણેથી પધાર્યા
માનવ મહેરામણ આવ્યા અણધાર્યા (૬)

સહુની આંખમાં પાણી હતું
અંતરમાં ઊંડી આહ હતી
ઊધ્ધવરામની યાદી સ્થાપવા
સૌને મોટી ખંત હતી -(૭)

ત્યાં ભજનો થયા ને ગુણ ગવાયા
છતાં ઉધ્ધવ વિના સૌના દિલ ઘવાયા
શ્રી ભાગવત પ્રસંગે આપને યાદ કરીને
સૌ સાથે મળીને, અમર ગુણગાન કરીએ -(૮)

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પ. પૂ. બ્રહ્મનિષ્ઠ સંતશ્રી ઓધવરામજીની
# અમર કહાણી

રાગ : (સુનો સુનો એ દુનિયાવાલો)

સુણો સુણાવું કચ્છ દેશના અમર સંતની અમર કહાણી
સુણો શ્રી ઓધવરામ સદ્ગુરૂ બ્રહ્મનિષ્ટની અમર કહાણી
જેનું જીવન પાવનકારી જેવું ગંગાજીનું પાણી -સુણો-

સંવત ઓગણીસસો પીસ્તાલીસ રામનવમીના જન્મ થયો
જખૌ ગામે કચ્છ ધરા પર ભાનુશાલી સંત થયો
ચાગબાઈ મા અને પિતાજી હેમરાજને હર્ષ થયો
ભક્તિને માનવતાનો એ સાચો વારસદાર થયો -સુણો-

રંગ ભજનનો રગરગમાં લાગ્યો તો એને બચપણથી
ભોજનનું ના ભાન રહેતું સુણતા ગાતા તન્મયથી
ભક્ત પિતાએ બાળ ઉધ્ધવની ઈચ્છાઓ સહુ જાણી
ચાગબાઈને કહ્યુ, "ખરી છે એની પૂર્વ કમાણી" -સુણો-

પિતા તણી મુંબઈમાં જયારે છેલ્લી આંખ મીંચાણી
જવાબદારી કુટુંબની એના પર આવી જાણી
ધંધો કીધો, પણ ના વૃત્તિ માયામાં અટકાણી
જીવનની કિંમત સેવાને પરમારથમાં જાણી -સુણો-

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



હરિશ્ચંદ્રની કથા સુણીને મનમંથન બહુ કીધું
"વ્યવહારે મુક્તિ દે" એવું રોઈ પ્રભુને કીધું
હમલામાં જઈ પૂર્ણરામજી પાસે ચિંતન કીધું
વૈરાગી મન ના માન્યું તે મુંબઈ છોડી દીધું -સુણો-

તોફાની મધદરિયા વચ્ચે સ્વસ્થ રહ્યા, ના ગભરાયા
મુસાફરોને કહ્યુ, "ડરો ના સંભારો રઘુરાયા
શ્રધ્ધા રાખો, ભજન કરો, એ કરશે પાર દયાળા
એનું શરણું લઈને તરશું એની છે આ માયા" -સુણો-

ગિરિકંદરાઓની વચ્ચે આશ્રમમાં એ આવ્યા
દેશલપુર વાંઢાય વસ્યા ને સાચી શાંતિ પામ્યા
ગુરૂપદે શ્રી લાલરામજીને મહારાજે સ્થાપ્યા
આશ્રમવાસી અભ્યાસી એ પ્રેમ ગુરૂનો પામ્યા -સુણો-

આત્માને જાગૃત કરવાની ગુરૂએ દષ્ટિ દીધી
સેવા ને શ્રધ્ધાથી વધતાં પ્રભુની ઝાંખી કીધી
ચિંતન ને મનમંથન કરતાં રહસ્ય બધુ એ જાણ્યું
'ગુરૂની' પાવન કૃપા પ્રેમ છાયામાં જીવન માણ્યું -સુણો-

સંવત ઓગણીસસો એકોતેર બીજ હતી મહા વદની
લાલરામજી ગુરૂ તણી આ છેલ્લી પળ જીવનની
ખિન્ન થયા શ્રી સંત ઉધ્ધવ ને કરૂણાતાય છવાણી
આંસુ સરીયાં આંખ મહીંથી ગદ્‌ગદ્ થઈ ગઈ વાણી -સુણો-

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



આખર મંત્ર ગુરૂએ દીધો પરમ શિષ્ય ઉધ્ધવને
શ્રધ્ધા ગુરૂમાં પૂર્ણ રાખજે, સંયમધારી થાજે
આસ્તિક ભાવે પર ઉપકારી કર્મો કરતો જાજે" -સુણો-

વાણિની વ્યાકરણ શાસ્ત્ર ને સંસ્કૃતનો અભ્યાસ કર્યો
જિજ્ઞાસુ થઈ કાવ્યકોશને ટુંક સમયમાં હસ્ત કર્યો
વાંઢાયના આશ્રમમાં રહીને નિષ્ઠાથી વિસ્તાર્યો
કચ્છ દેશમાં ફરી સનાતન ધર્મ તણો જ પ્રચાર કર્યો -સુણો-

ચિંતન અને મનન કરવા એક સાદી પર્ણકૂટી બાંધી
આત્માનું દર્શન કરવાની સૂરતા એણે સાંધી
એક હાથમાં મંજીરા લઈ બીજામાં એકતારો
ભાવવિભોર બનીને ગાતા રામ હું તારો તારો -સુણો-

ધનસંચયને તિરસ્કારતા, ઉદાર થઈ સેવા કરતા
લગન લાગી કોઈ કાર્ય તણી તો પૂર્ણ કરીને રહેતા
અથાગ પરિશ્રમ રાત દિવસ એ હોંસે હોંસે કરતા
ચિંતા સોંપી ઈશ્વરને સાચી શ્રધ્ધાથી વધતા -સુણો-

ગુરૂકુળ કેરૂ મકાન બાંધ્યું સેવા કર્મો કરવા
છન્નુનાં દુષ્કાળ મહીં એ દોડયા સેવા કરવા
અન્નક્ષેત્ર ખોલીને કીધી ભૂખ્યાંઓની સેવા
ભક્તોએ દઈ સાથ કીધી તન-મન-ધનથી બહુ સેવા -સુણો-

હરિજનોને નિજના માની મક્કમતાથી અપનાવ્યા
મંદિરો ને તળાવ કૂવા આશ્રમનાં ખોલાવ્યાં

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



છાત્રાલય હરિજનને પાટીદારો કાજે સ્થાપ્યાં
ખેતીવાડી ખાદી ને ઉદ્યોગો વિધવિધ સ્થાપ્યાં -સુણો-

કથા ભાગવત તણી અને કીર્તનમાં ભાવ ભર્યો તો
તોડી પ્રણાલી, આભુષણ ને અંલકારનો ત્યાગ કર્યો તો
ખાનાપંથીઓને સાચો ધર્મ સનાતન સમજાવ્યો
વટલાએલા હિન્દુઓએ ધર્મ સનાતન અપનાવ્યો -સુણો-

ગુરૂકુળ કેરી જવાબદારી સંભાળી સરકારે
સપ્ત સરોવર આવ્યા ઉધ્ધવ ગંગાને કિનારે
કચ્છી લાલ રામેશ્વર આશ્રમં મુમુક્ષુકુઓને કાજે
બાંધ્યું તે ઊભું છે અડીખમ, સેવા કરતું આજે -સુણો-

આશ્રમને આદર્શ બનાવે એવા નિયમો રાખ્યા
'દંભ કપટથી દૂર રહેવું' ભક્તોને સમજાવ્યા
કર્મયોગ નિષ્કામ કરીને જીવો સાદું સીધું
કામ ક્રોધ આદિ શત્રુઓથી બચવાને કીધું -સુણો-

ગોપીભાવ ધરીને રમતા રાસ મજાનો જયારે
ભાન ભૂલીને દેહ તણું એ તન્મથ થાતા ત્યારે
ભક્તોએ લ્હાવો લીધો ને રાસલીલા બહુ માણી
રાસલીલા સાંભરતાં આવે આંખલડીમાં પાણી -સુણો-

શરીર થાક્યું મહારાજનું કચ્છ ફરીથી આવ્યા
પરમ શિષ્ય શ્રી વાલદાસને કચ્છ મહીં બોલાવ્યા
આદેશ દીધો, "હરિદ્વાર આશ્રમની સેવા કરજો

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



આશ્રમ સેવા મારા ચરણોની સેવા જ સમજજો" -સુણો-

બે હજાર ને તેરની સંવત પોષ માસ સુદ બારસના
બ્રહ્મનિષ્ઠ થયા, બ્રહ્મરૂપ ને વસ્યા જઈ બ્રહ્મલોકમાં
ભક્તોની આંખોમાં આવ્યાં શ્રાવણ ભાદર પાણી
પરમ શિષ્ય શ્રી વાલદાસને સેવા સહુ સોંપાણી -સુણો-

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिवत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ।।

વેદ એ કલ્પતરૂ છે. એ વેદરૂપી કલ્પતરૂનું આ ભાગવતરૂપી ફળ
શુકના મુખમાંથી પડેલું, અમૃતરસથી ભરેલું છે. અહો શ્રધ્ધાળુ
રસિકજનો ! પરમાનંદ-રસથી છલોછલ ભરેલા આ
ભાગવતરૂપી ફળનું તમે વારંવાર સેવન કરો !

## શ્રી જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીની વાણી

જીવોને પ્રથમ તો મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે. તેમાં પણ પુરૂષત્વ અને તેમાં બ્રાહ્મત્વ મળવું કઠીન છે. બ્રાહ્મ હોવાથી પણ વૈદિક ધર્મના અનુગામી અને વિદ્વતા આવવી કઠીન છે. આ બધું હોય તો પણ આત્મા અને અનાત્માનો વિવેક, સમ્યક્ અનુભવ, બ્રહ્માત્વ ભાવથી સ્થિતિ અને મુક્તિ એ તો કરોડો જન્મમાં કરેલા શુભ કર્મોના પરિપાક વગર પ્રાપ્ત નથી થતી.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પ્રેરણામૂર્તિ પૂ. મહારાજશ્રી વાલદાસજી

પૂ. મહારાજશ્રી વાલદાસજીનો જન્મ ઈ. સ. ૧૯૨૬ માં કરાંચીમાં પૂણ્યલોક શ્રી રામચંદ્રજીના રઘુવંશમાં થયો. મહારાજશ્રીના પૂર્વાશ્રમનું નામ વાલજી, પિતાશ્રીનું નામ ગાંગજીભાઈ તથા માતાજીનું નામ ગોમાબાઈ હતું.

એમના માતાજી વૈરાગ્યવાન હોવાથી નાનપણથી જ એમનામાં ભક્તિરસના સંસ્કારો હતા. વિદ્યાકાળ દરમ્યાન પ્રગતિશીલ રહી ઉચ્ચ કેળવણી મેળવી. સં. ૧૯૪૭ માં બી. એસ. સી. ની પદવી મેળવી સ્નાતક બન્યા, પછી અમદાવાદમાં પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટની ઓફીસમાં નોકરી મેળવી ત્યાં સારી નામના મેળવી.

નાનપણથી જ તેમનામાં ભક્તિરસના સંસ્કારો હતા તેથી તેઓએ નોકરીમાંથી મુક્ત થઈ ઋષિકેશ તરફ ગંગા કિનારે ઈશ્વર પ્રાપ્તિ અર્થે પ્રયાણ કર્યું.

ત્યાં થોડો સમય શ્રી પંજાબ સિંધ શ્રેત્ર ધર્માદાખાતામાં નોકરી મેળવી, અંતરમાં રહેલી ઈશ્વર પ્રત્યેની ભાવનાને લીધે સાધક જેવી સ્થિતિ પ્રાપ્ત કરી. હરિદ્વારમાં પૂજય મહારાજ શ્રી ઓધવરામજી તે વખતે આશ્રમ બંધાવી રહ્યા હતા, આપનો મેળાપ થયો. એમણે આપનામાં રહેલી ભક્તિ અને આધ્યાત્મિક શક્તિઓને પારખી આપને એમના શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમમાં ઈ. સ. ૧૯૫૫ માં સેવા આપવા જણાવ્યું. આપે એ માટે સંમત્તિ આપી અને એમના શિષ્ય બની આશ્રમની સેવા સ્વીકારી. પૂ. મહારાજશ્રીની સમાધી બાદ આપની વિવિધ સેવાઓથી આશ્રમ દિનપ્રતિદીન ફાલીફુલી વટવૃક્ષ બન્યું છે.

મીતાહારી, સરળ સ્વભાવવાલા, વૈરાગ્યવાન, પરોપકારી બ્રહ્મષ્ઠ, એવા આપ સમયને સુવર્ણ કરતાં પણ વધુ કિંમતી સમજીને સવારનાં બ્રહ્મહુર્તથી માંડીને રાત સુધી પોતાના નિયમિત કાર્યક્રમો પ્રાત:સ્મરણ પાઠ, સંધ્યાપાઠ, પ્રવચન સતશાસ્ત્ર વાંચન વગેરે દ્વારા શિષ્યોના જીવનમાં આધ્યાત્મિક સંસ્કારોના બીજ વાવીને એમનાં જીવનમાં મૂળભૂત પરિવર્તનો આણ્યા છે.

નિસ્પૃહી ભાવથી જન સેવા ગૌ સેવા તેમજ ધર્મ માટેના કાર્યોથી આજે આશ્રમની ચોમેર સુવાસ ફેલાયેલી છે અને આજે અનેક મુમુક્ષઓ, યાત્રાળુઓ આશ્રમને ઓટલે આશ્રય પામે છે.

પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ,
પરપિડા સમ નહિ અધ (પાપ) ભાઈ.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





પ્રેરણામૂર્તિ શ્રી વાલદાસજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





પ્રેરણામૂર્તિ શ્રી વાલદાસજી

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



કચ્છમાં ઉપરાઉપરી ચાર દુષ્કાળોમાં ભયંકર હતા તે પ્રસંગે શિષ્ય વર્ગને પ્રેરણા આપી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞોના આયોજન કરીને બન્ને વર્ષમાં મોટું ફંડ એકઠું કરીને શિષ્યો સાથે ગામેગામ ફરીને ગૌસેવા તથા જનસેવા ના કાર્યો કર્યા.

તેમના વિશાળ શિષ્યગણની લાગણીઓથી પ્રેરાઈ તેમણે આશ્રમમાં ગંગા કિનારે શ્રી શુકદેવજી સ્વરૂપ શ્રી ડોંગરેજી મહારાજ વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કર્યું, જેમાં લગભગ દશ હજાર ભાવિકોએ દૂર દૂરથી હરિદ્વાર આવી લાભ લીધો.

ત્યારબાદ આશ્રમમાં સં. ૨૦૩૬ માં શ્રી રામેશ્વર મહાદેવનું સુંદર શીવાલય બંધાવ્યું, અને પૂ. ડોંગરેજી મહારાજના સાનિધ્યમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ થયો.

## પ્રેરણા :

છેલ્લા તેર વર્ષથી કચ્છ નારાયણ સરોવરમાં ચાલી રહેલા શ્રી નારાયણ સરોવર અન્નક્ષેત્ર અને ભોજનાલયની સ્થાપના આપની પ્રેરણાને આભારી છે. ત્યાં એક મોટી ગૌશાળા તથા સાધુસંતો તથા યાત્રાળુઓ માટે જમવા, રહેવાના સારી વ્યવસ્થા ચાલુ છે. જયાં રોજ હજારો યાત્રાળુઓ લાભ લે છે.

જરૂરતવાળઓને શિષ્યવૃત્તિ મળી રહે માટે શ્રી અમરવાલ સરસ્વતીદાસજી ચેરીટેબલ ટ્રસ્ટની પાંચ વર્ષ થયા સ્થાપના કરી, ટ્રસ્ટીપદે રહીને ગરીબ વિદ્યાર્થીઓને મદદરૂપ બન્યા, અને હમણાં હમણાં શ્રી માનવ ધર્મ રક્ષા સેવા ટ્રસ્ટની સ્થાપના કરી સેવકોને પ્રેરણા આપી સેવાના માર્ગે વાળી કૃતાર્થ કર્યા.

શ્રી કડવા પાટીદાર સમાજમાં પરિવર્તન લાવવા પૂ. મહારાજશ્રી ઓધવરામજીના અધુરા રહેલા કાર્યને વેગવંતુ બનાવી કચ્છમાં અને ગુજરાતમાં અનેક ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બંધાવવા પ્રેરણા આપી મંદિરો બંધાવ્યા, અને કચ્છના ગામડાઓમાં પ્રવાસોનું આયોજન કરી સનાતન ધર્મનો પ્રચાર કર્યો.

ગુરૂ દરબાર શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાયના જીર્ણોધ્ધાર માટે અવિરત પરિશ્રમ ઉઠાવી રહેલા આપશ્રીએ પુરાતનકાળના ઋષિ મુનિઓના આશ્રમોનાં જીર્ણોધ્ધારના કાર્યો માટે પણ પ્રયત્નો આદરેલ છે જેમાં શ્રી ગીર બાણગંગા તીર્થધામ બાણેજ તથા શ્રી જમદગ્નિ આશ્રમ આ બે આશ્રમોમાં ચાલી રહેલા જીર્ણોધ્ધારના કાર્યમાં આપ ખૂબ જ પરિશ્રમ ઉઠાવી રહ્યા છો, અને ધર્મની ધજા ફરકાવી પૂ. ગુરૂજી ઓધવરામજીના નામની સુવાસ ફેલાવી રહ્યા છો.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



### પ્રવાસ અને તીર્થયાત્રા :

સેવકોના આગ્રહને વશ થઈ વખતો વખત કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, સિંકદરાબાદ, મદ્રાસ, દિલ્હી કલકત્તા તથા અન્ય વિવિધ સ્થળોએ પ્રવાસ કરીને મુમુક્ષુઓને સેવા અને સ્મરણનો દિવ્ય સંદેશ પહોંચાડેલ છે.

ઋષિમુનીઓની તપશ્ચર્યાથી પવિત્ર બનેલી ભૂમિ ઉત્તરાખંડ હિમાલયના ચાર ધામની યાત્રા તથા અન્ય તીર્થ સ્થાનોની યાત્રા કરી એ પવિત્ર રજકણોથી પાવન થયા.


### પ્રાર્થના :

પ. પૂ. ઓધવરામજી મહારાજ જેવી આધ્યાત્મિક શક્તિ મેળવી જનતા જનાર્દનની સેવા કરી, ધર્મ પારાયણ રહી તેમના જેવી જ લોકપ્રિયતા આપશ્રીએ મેળવી છે, અને સેવા કાર્યો માટે પરમાત્મા આપને દિર્ઘાયુ આપે એજ આપના પવિત્ર પાદારવિંદમાં નમ્રભાવે પ્રાર્થના.

ઈતિ શુભમ્

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી.ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





સંત શ્રી સરસ્વતીદાસ બાપુ (ઉદાશીન)

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





શ્રી હિંગલાજ માતાજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



## પૂ. નિર્વાણ સંતશ્રી સરસ્વતિદાસજી બાપુ (ઉદાસીન)

# જીવન ઝરમર

'બહુરત્ના વસુંધરાં' ઈતિ સિધ્દમ્,

પ્રકૃતિ માતાનું બાળરત્ન, પ્રકૃતિ છોરૂ, નિર્દોષ સહજ જ્ઞાને માના વાત્સલ્યથી તરબોળ બનીને, પરમહંસ વિરકત થઈને, અવ્યક્તમાંથી વ્યક્ત બનીને, અજન્માનો જન્મ સર્જીને, (વસુધૈવ કુટુમ્બકમ્) સમગ્ર પૃથ્વીની કૌટુમ્બિક સહૃદયતા ધારણ કરીને જે જ્ઞાની ભક્ત જન્મ લે છે તે દુર્લભ ગણાય છે. જે જ્ઞાની ભક્તને પરમાત્માએ પોતાનો જ આત્મા કહ્યો છે તેમની જીવન લીલા સ્વાભાવિક દિવ્ય, ગુણિયલ, નિમિત્ત માત્ર જનકલ્યાણાર્થે જ હોય છે.

પ્રદિપ્ત જ્ઞાનગ્નિમાં તપશ્ચર્યાના તેજથી કર્મ ખપાવીને જે વિદેહ સ્થિતિમાં મુક્ત જીવન જીવે છે તેમના સાન્નિધ્યમાં તો પૂર્વ જન્મના પૂણ્યોદય વિના આવવાનું કઠિન છે છતાં અશક્ય નથી, કારણ કે સંતોની અકારૂણીક કૃપાએ સર્વજીવ તેમનાં સતસંગના અધિકારી બને છે. પવિત્ર જ્ઞાનની લ્હાણ માને છે.

પ્રકૃતિના વિશાળ પટાંગણમાં ઘણા રત્નો ઉપર કહ્યુ તે પ્રમાણે સર્વપથરાયેલા છે. આ નરરત્નોની પરખ ઝવેરી વિના એટલે પૂણ્યોદય વિના થવી અધૂરી છે. છતાં એ નરરત્નોનો પ્રકાશ થોડો ઢાંક્યો ઢંકાવાનો ? પંજાબના અમૃતસર જીલ્લામાં એક અજનબી ચેતનાની જયોતિ ઝળહળવા લાગી... વિતરામ શિરોમણી શુકદેવજીના સંભારણાની ઝલક દેવા એ આગળ આવી, આમ તેમના આગમનને માન આપી , વધાવીને પ્રગટ નિર્દોષ બાળકને 'રામમૂર્ત' નામ આપવામાં આવ્યું. રામમૂર્તિની બાળવય તેમના ઘરનાને સંતોષવા લાગી. પરંતુ કિશોર અવસ્થાએ તેમને ઘર છોડવાની ઉપરામતા દાખવી. આમ રામમૂર્તિએ ચૌદ વરસની વયે ઘર છોડયું. તેમણે ઘર છોડવામાં તનીક પણ કઠિનતા અનુભવી નહિ, કારણ કે પૂર્વે તેમણે મોહનાં બંધન છોડેલા હતા. આવા યોગભ્રષ્ટ આત્માએ અહીં ફરીથી આત્માની ધૂણી ધખવવા ઘરબાર, ધનજાગીર બધું છોડીને તનને તપથી તપાવવા, જ્ઞાનથી દિપાવવા, યોગથી સજાવવા વ્રજભૂમિનું તેડું (નોતરૂ) સૌપ્રથમ સ્વીકાર્યું. રામમૂર્તિનું ગોકુલ, મથુરા. વૃંદાવન ભણી જે જવાનું થયું તેમાં પણ કુદરતી એક સંકેત હતો. મથુરામાં જેની તેમને ખોજ હતી તેવા દુર્લભ ઉદાસીન સાધુ શ્રી જવાહરદાસજીનો સતસમાગમ થયો. આમ તેમને મથુરામાં વિભૂતીયોગનો પ્રથમ પરચો મળ્યો. તેમનામાં શ્રીકૃષ્ણ ભક્તિનો પ્રાદુર્ભાવ થયો. પૂજય ઉદાસીન મહારાજશ્રીએ રામમૂર્તિને કસોટીના એરણ ઉપર મૂકી જોયા. તેમને ઘરે પાછા ફરવા માટે કહેવામાં આવ્યું...પણ તેઓ પાછા ફર્યા નહિ.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



મહારાજશ્રી સાથે તેઓ ગિરનારની સિધ્દભૂમિમાં આવ્યા. સિધ્દિભૂમિ ગિરનારના યોગ પ્રતાપે ત્યાં કોઈ પણ મુમુક્ષુ જીવ ભક્તિ જ્ઞાનના સતસંગે રંગાયા વિના રહેતો નથી, ત્યારે રામમૂર્તિ તો અધિકારી પાત્ર હતા. ત્યાં તેમને એકાંત સ્થાનમાં નવદુર્ગાશ્રમમાં રહેવાનો યોગ થયો, ત્યાં આગળ પણ ફરી એકવાર ઘર ભણી જવાનું કહેવામાં આવ્યું. પરંતુ સિધ્દભૂમિના સંસ્કારે તેમની નિષ્ઠાબળને ટેકવી રાખી. આમ તેઓને જયારે તેમની ટેકમાં મકકમ જોયાં, જ્ઞાન, ધ્યાન, ભક્તિમાં વધુ એકાગ્ર થતાં જોયાં ત્યારે તેમને પૂજય ઉદાસીન મહારાજશ્રીએ અન્ય સાધુસમાજમાં દિક્ષા અંગીકાર કરવાનું સૂચન કર્યું. પરંતુ રામમૂર્તિને જ્ઞાની ભક્ત મીરાંબાઈની જેમ 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ના કોઈ'...તેમ ઉદાસીન બાપૂને સર્વ પ્રથમ સમાગમે હૃદયથી એકલવ્યની જેમ સદ્દગુરૂ માનેલાં. હવે તેમને બીજા ગુરૂ કરવાની વાત રહી નહોતી. અંતે ઉદાસીન બાપૂએ આવા અધિકારી જીવને ગુરૂમંત્ર આપવાનો નિર્ણય કરી હર્ષ અનુભવ્યો. તેમણે રામમૂર્તિનો સ્વીકાર કર્યો.

પૂર્વના પૂન્ય વિના દ્વિજફળ મળવું દુર્લભ છે. દ્વિજનો અર્થ બે વાર જન્મ. એક સંસારી, બીજો સંસ્કારિક, જેમ બ્રાહ્મને જનોઈ મળતાં ફરી સંસ્કારી જન્મ મળે છે તેમ રામમૂર્તિનો અહીં બીજીવાર જન્મ થાય છે. તેમનું સંસારી નામ ફેરવાયું. શ્રી સદ્દગુરૂ ઉદાસીન મહારાના મુખારવિંદે 'નિર્વાણસંત સરસ્વતીદાસજી ઉદાસીન' એવું નામ અપાયું. આ પવિત્ર નામાચરણ વિધી, ગુરૂમંત્ર અને સદુપદેશ લઈને શ્રી સરસ્વતીદાસજી બાપૂ થોડો સમય ગિરનારની તપોભૂમિમાં રહ્યા. તે બાદ તેમણે ભારતના પ્રચલિત પ્રાચીન દેવસ્થાનો, આશ્રમો તથા ચાર ધામની યાત્રા કરી...સાધુ સમાજમાં વસીને વેદ, ધર્મની મર્યાદાનું યથાવત પાલન કરતાં કરતાં યોગસાધનામાં કેવલ્યપદ પામી એક આદર્શ દ્રષ્ટાંત પૂરૂ પાડી રહ્યા છે.

ઈશ્વરી સર્જન શક્તિના સંચાલક સિધ્દ પુરૂષો છે. તેઓના શિરે વેદ, ધર્મ, પુરાતન મંદિરો તથા સનાતન અવશેષોને સંભાળવાની , જોવા જાણવાની એક વિશિષ્ટ જવાબદારી રહે છે, તે માટે પણ સંતોને બધે પર્યટન કરવાની જરૂર પડે છે. આ ઋણ અદા કરવાનું શકય ત્યારે જ બને જયારે સાધુતા વડે સાધુતા દિપાવીએ, જનસમુદાયમાં પ્રિય પાત્ર થઈએ. પૂ. બાપુ આમાંના એક સુપાત્ર સાધુ પુરૂષ હોવાથી તેમના વરદ્ હસ્તે પાંચ આશ્રમો (મંદિર ઈ. નો) નો જીર્ણોધ્દાર થયેલ છે. એજ તેમના જીવનની કમાણી છે, જેમાં પોતાની અંગત કોઈ પ્રકારની સ્પૃહા નથી. દરેક આશ્રમનું યથાયોગ્ય કરીને યોગ્ય સુપાત્રને નિયુક્ત કરીને તેઓ સાચા અર્થમાં 'ઉદાસીન' બની રહ્યા છે. તેમની યાદીને તાજગી દેનારી સંસ્થાઓની નામાવલી આ પ્રમાણે છે :-

(૧) રાજુલા તાલુકામાં જામકા પંચમુખી હનુમાન આશ્રમ.

(૨) શ્રી ગિર બાણગંગા તીર્થધામ - (આશ્રમ) બાણેજ (મધ્યગીર)

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



(૩) મથુરામાં વૃંદાવન દ્વારા પાસે ગોકર્ણનાથ મહાદેવ આશ્રમ.

(૪) મુંબઈ નજીક બોરીવલીની કેનેરી ગુફા ઉપર શ્રી ગંગેશ્વર મહાદેવ અગસ્ત્ય આશ્રમ.

(૫) શ્રી જમદગ્નિ આશ્રમ જામવાળા (ગિર)

ત્રાણ આશ્રમનો વહીવટ ટ્રસ્ટને સોંપાયો છે.

બીજુ સ્થાન સૌરાષ્ટ્રનો ગિર પ્રદેશ-શ્રી ગિર બાણગંગા તીર્થધામ આશ્રમ-બાણેજ છે. ગીરના પ્રવેશદ્વાર જામવાળા ગિરની બાજુમાં પાંચમું સ્થાન શ્રી જમદગ્નિ આશ્રમ આ બે આશ્રમોના જીર્ણોદ્ધાર માટે હાલ ભગીરથ પુરૂષાર્થની ટહેલ સહુના કાને પહોંચી છે. સહુએ યથાયોગ્ય કરવાનું ચાલુ કરી દીધું છે. બધુંય સુંદર થશે. એ નિશંક બીના છે.

શ્રી ગિર બાણગંગા તીર્થધામ આશ્રમ બાણેજ તથા શ્રી જમદગ્નિ આશ્રમ આ બે આશ્રમો પૂજય બાપુના પ્રાણસમા કહીએ તો ખોટું નથી. ત્યાં આગળ તેમણે બાણેજમાં એકત્રીસ વર્ષ સુધી તપશ્ચર્યા કરી છે. તે સૌથી કેમ વિસરાય ? નિસ્પૃહી, વિરક્ત, અમાની સાધુ પુરૂષ ના ગુણલા એક સામટાં બધાંય મુખે ગાવાનું શરૂ કરીએ તો પણ ઓછા પડે, કારણ કે ઘણું એવું છે જે આ નાના મુખે ગાઈ શકતું નથી. અમાપને માપવાનું અશક્ય છે. માત્ર પૂજય બાપુની આજ્ઞા થોડી ઘણી પણ પાલન કરીને નતમસ્તક મૂક સેવાનું કામ હંમેશાં કરતા રહીએ અને હંમેશાં પૂ. બાપુના શુભાષીશ મેળવતા રહીએ, એ પણ ઘણું છે.

પ્રભુ ! પૂજય બાપુને દીર્ઘાયુ, ૐ આરોગ્યમ્ બક્ષે એજ સદ્‌ભાવના સાથે આપણે વિરમશું-ઈતિ શુભમ્

## ॥ ૐ ॥

## પૂ. નિર્વાણ સંત શ્રી સરસ્વતીદાસજી (ઉદાસીન) નો સંદેશ

સત્તા, સંપત્તિ, સમય અને સિધ્ધકળા આદિ સમષ્ટિ માટે ઉપયોગ કરવો જોઈએ. જે તેનો સમષ્ટિ માટે ઉપયોગ નહીં કરે તે વ્યક્તિ દોષિત તેમ જ ગુનેગાર ઠરશે. આપણે તે ચારનો જેટલા પ્રમાણમાં અંગત ઉપયોગ કરીશું તેટલા પ્રમાણમાં દુઃખી થશું. માટે ઉપરના ચારમાંથી જે જેની પાસે જે કાંઈ હોય તેનો જલદીથી સૌ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



જીવોના હિતમાં ઉપયોગ કરવો જોઈએ. તેથી જ શાંતિ મળશે, ભોગોથી નહિ. સમયનો કોઈ ભરોસો નથી, શાંતિ મેળવવાનો આ જ ઉપાય તેમજ ભજન છે. સૌ જીવ માત્રને સંતોષ પમાડવો જોઈએ. આપણા સંપર્કમાં આવવાવાળા જીવ ભગવાનની ઈચ્છાથી આવે છે માટે જીવને અપમાનિત કે નિરાશ કરવો એ ભગવાનનું અપમાન છે. જગતમાં એને માટે પ્રતિકુળ વાતાવરણ પ્રગટ થાય છે, અશાંતિ ઊભી થાય છે. જેનું નિવારણ કોઈ દવાથી થવાનું નથી. આવા જીવને નિંદર નથી આવતી તેમજ નથી કોઈનો આધાર મળતો. તેને નિંદર માટે ગોળી લેવી પડે છે. એના શરીરને ધ્રુણાં, વ્યગ્રતા ને અનેક રોગો ઘેરી વળે છે, તે દરેકમાંથી છૂટવા માટે ઉપરના ચાર બોધ વચન (સત્તા, સંપત્તિ, સમય ને સિધ્ધકળા) હમણાં જ જાગી, ઊઠીને બોધ વડે સ્વરૂપ દર્શન કરવા જોઈએ. જે તેનો યથાયોગ્ય ઉપયોગ કરે છે તેણે જ યથાર્થ ભજન કર્યું માનવામાં આવે.

ભગવાનની માયા અકળ છે. તેને આપણી પોતાની માલિકીની કરાય નહિ. આપણે મોહ કરીને જ દુ:ખ પામીએ છીએ. મોહ મમત્વમાં 'આ મારૂ છે આ તારૂ છે' જયાં મારૂ તારૂ દેખાય છે, ત્યાં દ્વેષ થાય છે, દ્વેષ જ દુ:ખ ઉપજાવે છે. ભગવાનનું ભજન ગુરૂકૃપા વિના થતું નથી. ભગવાનની કૃપા વિના ગુરૂ મળતા નથી અથવા જીવ ગુરૂને શોધતો નથી. ભગવાનની કૃપા સમષ્ટિ જીવની સેવા વિના મળતી નથી. માટે સેવા કરવી જોઈએ, તે દ્વારા જ સમરસ આનંદ મળશે-આ સર્વ સંતોની શોધ છે. સોસાયટી, સમાજ, સંસ્થા, સાધુસમાજ પ્રાપ્ત સત્તા, સંપત્તિ જે કાંઈ હોય તેથી સેવા કરવી જોઈએ. સાથે ભગવાનનું ભજન પણ કરવું જોઈએ આ બંને કામ જીવે સદા સર્વદા કરાવ, કરાવવા જોઈએ.

બીજાને સુખી કરીશું તો જ સુખી થાશું. સાચું સુખ પૈસાથી મળતું નથી એ સિધ્ધાંત પણ અનંત જન્મના પૂણ્યોદય થાય તો જ જીવ સમજી શકે. સેવાથી જ ભગવાન રાજી થાય છે. તેથી સદ્ગુરૂ રાજી થાય ત્યારે અનંત જન્મોના દુ:ખ ટળે છે. જેને પ્રમાણથી વધુ સંપત્તિ આપી છે તે વધુ દુ:ખી છે. પણ ભગવાન જેને સદ્બુધ્ધિ આપે છે એ જ સાચું સુખ મેળવી શકે છે. સંતોની તથા સજજનોની સેવામાં રૂચિ નથી થતી-તે પાપનું કારણ છે. પાપથી જીવ દુ:ખી થાય છે જયારે રજોગુણી તથા તમોગુણી જીવની સેવા કરીને સાચું સુખ મળતું નથી પણ માયાવી સુખ જરૂર મળે છે. સેવાથી તે ખોટા, ક્ષણિક અને ઘણા દુ:ખ ભરેલ છે તે સમજાય છે. આ મોટા મોટા રાજઋષિ તથા બ્રહ્મર્ષિઓનાં અનુભવ સિધ્ધ વચન છે. ભગવાનની પણ એજ આજ્ઞા છે. ભગવાન એક જ છે. સૌના માટે એક જ આજ્ઞા છે. માનવીએ સંતોની તથા સજજનોની સેવા કરવી ઘટે છે તે સેવા કરવાથી જ જીવન સાર્થક થશે, અન્યથા નહિ. હરિહર ! ॐ શાંતિ: શાંતિ: શાંતિ:

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પૂજય સાધ્વી મૈયાજી ગુરૂશ્રી ઈશ્વરરામજી નું જીવન વૃતાંત



કચ્છના મધ્ય ભાગે આવેલા નખત્રાણા તાલુકાના મંજલ ગામે સંવત ૧૯૩૬ ના કારતક વદ ૧ ના રોજે ભાટિયા જ્ઞાતિના વાલજીભાઈ પારપ્યા નામના સદ્‌ગૃહસ્થને ત્યાં એમનો જન્મ થયેલો. શ્રી વાલજીભાઈનું કટુંબ વિશાળ હતું. તેમને બીજા પણ ચાર ભાઈઓ હતા. તેમને સાધ્વી મૈયા સિવાય બીજા પણ બે બાળકો હતા, એક પુત્ર તથા બે પુત્રીઓ. પુત્ર સૌથી મોટા હતા અને તેમનું નામ શ્રી ખટાઉભાઈ હતું. જયારે બે પુત્રીઓ જેમાંય આ ચારિત્રના નાયક શ્રી મૈયાજી કે જેમનું બાળપણનું નામ રૂક્ષ્મણીદેવી હતું તથા તેમનામાંથી નાના જવેરબેન નામના હતા.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



શ્રી વાલજીભાઈ એમને લઈને મુંબઈ જતાં પહેલાં પૂજય મહારાજ ઈશ્વરરામજી પાસે વાંઢાય દર્શન માટે લઈ ગયા. તે વખતે એમની ઉંમર ૧૪-૧૫ વરસની હતી. વાલજીભાઈએ એમના વ્યવહારિક જીવન અંગેની વાત કરી ત્યારે મહારાજશ્રી ઈશ્વરરામજીએ કહ્યુ કે હવે બાઈનું ચિત્ત પ્રભુ સ્મરણમાં અને વૈરાગ્યમાં લગાડજો. એના હાથે અનેક શુભ કાર્યો થવાના છે અને એ બાઈ તમારી એકોતેર પેઢી તારશે એવી પ્રતાપી બનશે. એવા આશીર્વાદ આપ્યા. આ વખતે એમણે ઈશ્વરરામજી મહારાજ પાસે ગુરૂ તરીકે કંઠી બંધાવી.

સંવત ૧૯૭૧ માં વાંઢાયમાં શ્રી લાલરામજી મહારાજનું શરીર શાંત થતાં તેમના શિષ્ય શ્રી ઓધવરામજી મહારાજ સં. ૧૯૭૬ માં ગાદીએ બેઠા. પૂ. સાધ્વી મૈયાના આ ગુરૂ ભાઈ થાય. તેમની પાસેથી તેમણે જ્ઞાન-અનુભવ, શાસ્ત્રોના પાઠ, શ્રુતિ-સ્મૃતિ, ગીતા-વેદાંત વિગેરે દરેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને તેનું નિદીધ્યાશન કર્યું.

વિધવાશ્રમ, કાંતણ-વણાટ શાળા, અંત્યજન શાળા વિ. અન્ય સામાજિક સેવાના કાર્યો તેઓશ્રી કરતા. ઉપરાંત મંજલની ઉગતી આશા જેવાં ગરીબ બાળકો કે મંજલની પ્રાથમિક શાળાની કેળવણી પામ્યા બાદ જેમનો અભ્યાસ અટકી જતો તેવા ગરીબ વિદ્યાર્થીઓને શોધી શોધીને તેમને શિષ્યવૃત્તિઓ આપીને વાંઢાય ગુરૂકુલમાં અભ્યાસ કરાવતાં. મધ્યમ વર્ગના આબરૂદાર માણસો પોતાનું દુઃખ જાહેર ન કરી શકતાં હોય તેવાં કુટુંબને કોઈને પણ જાણ કર્યા સિવાય અનાજ, કાપડ કે રોકડ રકમની પણ મદદ કરતાં.

એના સ્વભાવ પણ શાંત, મધુર અને સંસ્કારી હતો. ગમે ત્યારે ગમે તે ક્ષણે તમે એમને મળો ત્યારે તમારા ઉપર એમની અમીદ્રષ્ટિભરી નજર પડવાની જ.

અને આમ પોતાના આખા જીવન કાળ દરમ્યાન જનતાની મુંગે મોઢે સેવા કરનાર, આદર્શ ભક્ત અને સંત પ્રબળ પુરૂષાર્થી, પ્રભાવશાળી અને પ્રેરણાદાયી ભગવતી સાધ્વી મૈયાજી પોષ વદ ૦)) સં. ૨૦૦૯ ના રોજે સવારના ૮ વાગ્યે નિર્વાણ પામ્યા.

આજે પણ મંજલની પશ્ચિમે શ્રી ભાવેશ્વરના મંદિરની સામે એમની સમાધિ વિદ્યમાન છે, અને એમના સેવાભાવી અને ધાર્મિક કાર્યોની જીવંત સ્મૃતિ આપે છે આજે પણ દરેક વરસે પોષ મહીનાની અમાસના દિવસે તેમના નિર્વાણ દિનનો ઉત્સવ ઉજવાય છે. ત્યારે કચ્છભરના સાધુ સંતો તથા ભાવિક ભક્તો મંજલમાં એકઠા થાય છે તથા એમનાં પવિત્ર કાર્યોને અંજલિ આપે છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન






શ્રી ઉમિયા માતાજી

શ્રી હિંગલાજ માતાજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન





કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



"હરિ ૐ"

# સંતશ્રી ઓધવરામજી મહારાજ ચૌક




"જનસેવા એ જ પ્રભુસેવા"નો મંત્ર જેમને શ્રી વાલદાસજી મહારાજશ્રીએ આપ્યો હતો તે શ્રીમતી પ્રભાબહેન પોપટે ( નગરસેવિકા-મુલુંડ) મુલુંડની મુખ્ય બજારમાંના ચોકને "સંતશ્રી ઓધવરામજી મહારાજ ચૌક" નામ મ્યુનિસિપાલિટીમાં રજૂ કરી પાસ કરાવ્યું ને તેનું નામકરણનું ઉદ્‌ઘાટન પૂજય વાલદાસજી મહારાજશ્રીના શુભહસ્તે કરાવ્યું તેનું તાદશ ચિત્ર.

ઉપરોક્ત ચોક આર. આપર. ટી. રોડ અને એસ. એલ. રોડના જંક્શન પર મુલુંડ પશ્ચિમમાં આવેલ છે. જાહેર સ્થાનને શ્રી ઓધવરામ મહારાજનું નામ આપવાનો પ્રથમ શ્રેય આમ મુલુંડના ભક્તજનોને જાય છે.

**પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને**

**જન્મ શતાબ્દિ મહોત્સવ**  **નિમીત્તે કોટી કોટી વંદન**

# શ્રી ઈશ્વર આશ્રમનો પરિચય

## આ વિચાર કેવી રીતે પ્રગટ થયો ?

ગત રામનવમીના શ્રી ઓધવરામજી જન્મ જયંતિ પ્રસંગે પ્રતિ વર્ષની જેમ દૂરદૂરથી હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઈશ્વર આશ્રમ, વાંઢાય (કચ્છ)માં એકઠા થયા હતા. તે વખતે શ્રી ઈશ્વર આશ્રમના જીર્ણોધ્ધારની ગંભીર રીતે ચર્ચા થઈ હતી અને આ વાત ત્રણથી ચાર વર્ષ થયા વિચારણા હેઠળ હતી. એ ચર્ચાના અંતે આ કાર્ય અત્યંત આવશ્યક છે એમ સૌને લાગતાં આશ્રમના સર્વાંગી વિકાસ માટે ગત આઠે પેઢીઓની ભાગવત સપ્તાહો બેસાડવાનું નક્કી થયેલ અને ભારતભરમાં તેમજ વિદેશોમાં વસવાટ કરતા આશ્રમના સેવકોનો સંપૂર્ણ સાથ સહકાર લઈને આ દિવ્ય કાર્યને ઉપાડી લેવું એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

### સંતોની આઠ પેઢીઓની નામાવલી

પૂ. મહારાજશ્રી દેવા સાહેબ ગુરૂશ્રી હરસુરસ્વામી
પૂ. મહારાજશ્રી વિહારી સાહેબ ગુરૂશ્રી દેવા સાહેબ
પૂ. મહારાજશ્રી ક્ષેમદાસજી ગુરૂશ્રી વિહારી સાહેબ
પૂ. મહારાજશ્રી ઈશ્વરરામજી ગુરૂશ્રી ક્ષેમદાસજી
પૂ. મહારાજશ્રી લાલરામજી ગુરૂશ્રી ઈશ્વરરામજી
પૂ. મહારાજશ્રી ઓધવરામજી ગુરૂશ્રી લાલરામજી
પૂ. મહારારજશ્રી દયાલદાસજી ગુરૂશ્રી ઓધવરામજી
પૂ. મહારાજશ્રી શાન્તીદાસજી ગુરૂશ્રી દયાલદાસજી
તથા પૂ. શ્રી સાધ્વી મૈયાજી મંજલવાલા

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



### તીર્થધામ વાંઢાય (કચ્છ)

કચ્છની પવિત્ર ભૂમિ ઉપર વૈકુંઠ ધામ જેવું વાંઢાય ઈશ્વર-સાગરના સુરમ્ય તટે આવેલું છે જે સંતોની તપોભૂમિ છે. ભુજથી ૧૬ (સોળ) માઈલના અંતરે છે, ત્યાં ભુજથી રોજ યાત્રાળુઓ માટે બસ જાય છે. વાંઢાયથી અડધા માઈલના અંતરે આવેલ દેશલપુર ગામ છે. એ ગામ માટેની બસો ભુજથી સવારના છ થી રાતના આઠ સુધી મળી શકે છે, તેમાં વાંઢાય આવી શકાય છે અને ત્યાં સાધુ સંતો તથા યાત્રાળુઓ માટે રહેવા જમવાની પુરતી સગવડ છે અને તે શ્રી ઈશ્વર આશ્રમ તરીકે ઓળખાય છે. હાલમાં વાંઢાય થી પણ એસ.ટી. બસો ચાલું છે.

### દર્શનીય સ્થળો :

- સંતોની સમાધીઓ અને એમની પાદુકાઓ, ઢોલીયો વગેરે તેમના સમયના સંગ્રહ કરેલા સંસ્મરણો.
- આશ્રમના સુંદર મંદિરો તથા ઈશ્વર સાગર તળાવ.
- શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા માધવ બાગ મુંબઈ પ્રેરીત જ્ઞાન વિસ્તારક સંઘ સંચાલિત ઈશ્વરભાવ કૃષિ વિદ્યાલય.
- શ્રી પાટીદાર સમાજની કુળદેવી, શ્રી ઉમીયા માતાજી સંસ્થાનું ભવ્ય મંદિર. શ્રી હીંગરાજમાતાજી મંદિર
- પૂ. શ્રી ઈશ્વરરામજી (ઈશ્વરપરમેશ્વરા) મહારાજે ૧૨ વર્ષ સુધી સૂર્ય જોયા વગર અખંડ તપશ્ચર્યા કરેલ તે જગા.
- પૂ. શ્રી ઓધવરામજી મહારાજે ટેકરી ઉપર તપશ્ચર્યા કરેલ તે જગા.
- પૂ. મહારાજશ્રી વાલદાસજીનું તપશ્ચર્યા સ્થાન સાધના કુટિર.

### જીર્ણોધ્ધારની માહિતી :

(૧) વાંઢાય દ્વારામાં મકાનો તથા મંદિરનો જીર્ણોધ્ધાર. (૨) ઈશ્વર સાગરની પાસે રૂમો તથા બગીચામાં સુધારા વધારા. (૩) અન્નક્ષેત્ર તથા ભોજનાલય. (૪) ગૌશાળા. (૬) ગુરૂ દરબારમાં વાસણો, ગાદલા ગોદડા તથા આશ્રમને લગતી કોઈપણ જરૂરી ચીજવસ્તુ ભેટ તરીકે સ્વીકારવામાં આવશે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ૐ શ્રીરામ

# પ. પૂ. શ્રી ઓધવરામજી મહારાજની તપો ભૂમિ



## આ તપોભૂમિનું નિર્માણ કઈ રીતે થયું તેની એક ઝાંખી.

સંવત ૧૯૯૬ નાં કારતક સુદ ૧ નૂતન વર્ષ પ. પૂ. શ્રી ઓધવરામજી મહારાજે પૂ. સાધ્વી મૈયાજી મંજલવાલા તથા બીજા સેવકોંને વાત કરીકે મારે હવે આ અવસ્થાએ આશ્રમમાં રહેવું નથી ક્યાંક એકાંતિક ભજન કરવું છે.

અને તે જ દિવસે પૂ. મહારાજશ્રીએ ખાદી ધારણ કરી અને તેઓશ્રીએ એકાંતિક ભજન કરવા આગ્રહ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



કર્યો જેથી પૂ. સાધ્વી શ્રી મૈયાજીએ તેમને આગ્રહ કર્યો કે અહીં આશ્રમમાં જ બેસીને ભલે એકાંતમાં ભજન કરો. તો પણ તેમનું મન માન્યું નહિ. તેથી તેમણે પૂ. સાધ્વી મૈયાજીને કહ્યુ કે, હું આજ રાત્રે ગુપ્તવાસમાં ચાલ્યો જઈશ. તેથી પૂ. સાધ્વી મૈયાજીએ તથા બીજા સેવકોએ ખૂબખૂબ જતન કર્યું અને ચોકીદારો રાખ્યા છતાં પણ તેઓ તેજ રાત્રે અદ્રશ્ય થઈ ગયા અને તેઓ કોઈને ખબર ન પડે તેમ ચાલી નીકળ્યા અને પોતાની જન્મભૂમિ જખૌ થઈને પંદર દિવસે તીર્થરાજ શ્રી નારાયણ સરોવર પહોંચ્યા.

આ બાજુ પૂ. સાધ્વી મૈયાજીને તથા તેમનાં શિષ્ય સાધુ શ્રી. દયાલદાસજીને ખબર મળ્યા તેથી તેઓ નારાયણ સરોવર ગયા અને પૂ. મહારાજશ્રી પાસે તેઓ કબુલ થયા કે અમો તમને જુદી ભજન માટે ઝૂંપડી બનાવી આપીશું. તેથી તેઓ આશ્રમમાં આવ્યા.

પછી સંવત ૧૯૯૬ ની સાલમાં તપોભૂમિનું નિર્માણ થયું અને સંવત ૨૦૦૮ સુધી પૂજય મહારાજશ્રીએ તેમાં ભજન કર્યું. વચ્ચે ૧૯૯૯ નાં વરસમાં પૂ. મહારાજશ્રી ત્ર્યબકેશ્વર ગયેલા. ફરી પાછા સંવત ૨૦૦૮ ના શ્રાવણ વદ ૬ નાં ઉપરામતા આવતા હરિદ્વાર બાજુ વિદાય લીધી.

જયાં તેમનું શેષ પ્રારબ્ધ હોવાથી તેમની ઈચ્છા નહોવા છતાં પણ એક મોટા આશ્રમની રચના થઈ. જે આજે તેમનાં દાદાગુરૂ તથા શ્રી ગુરૂ મહારાજનાં નામથી શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ નામે પ્રખ્યાત છે. જયાં અનેક વાનપ્રસ્થીઓ પોતાનું શેષ જીવન ઈશ્વર ભજનમાં ગાળે છે અને અનેક લોકો ઉત્તર ભારતની યાત્રા વખતે ત્યાં વિશ્રાંતિ પામી આગળ વધે છે એ રીતે અનેક આત્માને આ આશ્રમ સંતોષ અને શાન્તિ આપી રહ્યુ છે. અસ્તુ. તપોભૂમિની બાજુમાં દેખાય છે તે સંત શ્રી દયારામજી મહારાજ તથા તેમનાં શિષ્ય શ્રી શાન્તિદાસજી મહારાજની દેરીઓ તથા તેમના પગલા છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# સાધના કુટીર.



સાધના કુટીરનું નિર્માણ કઈ રીતે થયું તેની વિગત.

પ. પૂજય મહારાજશ્રી વાલદાસજી મહારાજ હરિદ્વારથી કચ્છ અવારનવાર આવતા તે વખતે વાંઢાય ખાસ મકાનો, સંડાસ, બાથરૂમની સગવડ ન હોવાથી રોકાતા નહીં. કચ્છમાં આઠ પંદર દિવસનો માંડ કાર્યક્રમ હોય. તે દરમિયાન દેશલપુર શ્રી બચુભક્તને ત્યાં તથા ઈશ્વર આશ્રમમાં રહેતા. ત્યારબાદ વધારે અવરજવર થવાથી શ્રી ઉમિયા માતાજીનાં મંદિરે ત્યાંના ભક્તોનાં આગ્રહથી રોકાતા અને ત્યાં ભજન સત્સંગ ઈત્યાદિ કરતાં. શ્રી ઉમિયા માતાજી સંસ્થાએ તે વખતે પાણીની તકલીફ હોવાથી ત્યાંના પુજારી શ્રી શીવજી બાપા અવારનવાર પૂ. મહારાજશ્રીને કહેતા કે બાપુ પાણીની તકલીફ છે. પૂ. મહારાજશ્રી કહેતા કે બધી સગવડ થઈ જશે. પછી પૂજય મહારાજશ્રીએ માતાજી મંદિરનો વિકાસ થાય તે માટે ત્રણ વર્ષ સુધી પરમ પૂજય શ્રી ઓધવરામજી

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



મહારાજની નિર્વાણ તિથિ ઉત્સવ ત્યાં ઉજવ્યો અને તેથી જનજાગૃતિ થઈ. પાણીની લાઈન પણ આવી અને પૂ. મહારાજશ્રી માટે પણ એક સંતકુટીર તથા બાજુમાં એક રૂમ તથા એક સત્સંગ હોલ થયો અને પછી તો વિકાસ ચાલુ જ રહ્યો. પૂ. મહારાજશ્રી અવારનવાર ત્યાં રહેતા. પછી એક વખત પૂ. મહારાજશ્રીને વિચાર આવ્યો કે અહિ તો અવર જવર ઘણી રહે છે અને દિવસોદિવસ વધવાની છે. તેથી આપને એક જુદી સ્વતંત્ર કુટીઆ ભજન માટે જોઈએ. તેથી તેમણે પૂજ્ય શ્રી શાન્તિદાસજી મહારાજને વાત કરી કે જો આપ રજા આપો તો હું પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજની તપોભૂમિ છે ત્યાં સુધારો કરી કચ્છમાં હોઉં તે દરમિયાન ત્યાં ભજન કરૂ. પછી શ્રી શાન્તિદાસજી મહારાજે આ સાધના કુટિર માટે પ્લોટ બતાવ્યો અને કહ્યુ કે, અહિ તમે ઝૂંપડી બનાવો. તેથી સંવત ૨૦૩૧ નાં અષાઠ સુદ ૨ નાં સાધના કુટિર બનીને તૈયાર થઈ.

પછી થોડી સંકળાશ થવા લાગી તેથી બાજુમાં એક રૂમ તથા ઉપર એક સત્સંગ હોલ જેવું સં. ૨૦૩૬ નાં પોષ વદ ૧૩ બુધવાર તા. ૧૬-૧-૮૦ નાં રોજ તૈયાર થઈ ગયું. સાધના કુટીર પર પહેલાં કવલાનળીયા હતા. જે પાછળથી વરસાદમાં અંદર પાણી આવવાથી કાઢી નાખીને સ્લેબ ભરાઈ છે. અહિ નિયમિત સવારનાં પ્રાતસ્મરણ વિનતિ તથા સાંજે સંધ્યાપાઠ તથા ભજન સત્સંગ થયા કરે છે અને આવેલ દર્શનાર્થી શાન્તિનો અનુભવ કરે છે.

સ્થાનિક રહેવાવાળા શ્રી ડો. કે. પી. ગંગર પૂ. મહારાજશ્રીની તથા સાધના કુટીરની સારી સેવા કરે છે. આવતા જતા યાત્રાળુઓને સંતોષ થાય તે મુજબનું તેમનું વર્તન છે. હાલે લગભગ આ લખાય છે ત્યારથી અઢી વર્ષ થયા પોતે ફલાહાર જ કરે છે. તેમને બગીચાનો પણ ખૂબ જ શોખ છે અસ્તુ.

**પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન**



# શ્રીરામ મંદિર સ્થાપત્ય.



મુંબઈમાં તા. ૨૫-૬-૮૯ નાં રોજ એક મીટીંગ બોલાવવામાં આવી. જેમાં પૂ. મહારાજશ્રીનાં અમુક ભક્તોને પ્રેરણા થઈ કે કચ્છમાં કોઈ ખાસ મોટું રામ મંદિર નથી. તેથી પરમ પૂજયપાદ શ્રી ડોંગરેજી મહારાજની શ્રી રામાયણની કથા થાય છે. તેનાં અનુસંધાનમાં આપણે એક રામમંદિર બનાવીએ. જેથી પરમ પૂજય શ્રી વાલદાસજી મહારાજને પણ એ વાત ગમી અને તે વખતે શ્રી રામમંદિર બનાવવાના નિર્ણય લેવાયો. જેથી તા. ૯-૮-૧૯૮૯ ના શુભદિને પ. પૂજય મહારાજશ્રી વાલદાસજીનાં હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું અને ત્યાર બાદ તા. ૧૮-૮-૮૯ નાં દિવસે (૯) નવ જોડકાંનાં હસ્તે શીલારોપણ વિધિ કરવામાં આવી.


અત્યારે લગભગ રામનવમી સુધી પ્લીંથનું કામ થઈ જશે એવો અંદાજ છે અને અઢીથી ત્રણ વર્શ સુધીમાં શ્રી રામમંદિરનું કામ પૂર્ણ થઈ જશે એવો અંદાજ છે. આ શ્રી રામમંદિર માટે ત્રણ વર્ષ માટેનાં દર માસે રૂ.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



૧૦૦૧/- એક હજાર એક અથવા એથી ઓછી રકમનાં સભ્યો પણ નોંધવામાં આવે છે. જેનો લાભ લેવા સૌને વિનંતી છે.

## પરમ પૂજય શ્રી ઓધવરામજી મહારાજ શ્રી સ્મૃતિધામ દર્શનાર્થે



ઉપરોક્ત પરમ પૂજય શ્રી ઓધવરામજી મહારાજની પ્રતિમા સ્થાપન વિધિ હજારો માણસોની હાજરીમાં પ. પૂ. શ્રી ઓધવરામજી મહારાજશ્રી સ્મૃતિધામ દર્શનાર્થે તા. ૩૧-૩-૮૫ નાં રોજે પરમ પૂજય શ્રી વાલદાસજી મહારાજનાં કરકમલોથી ખુલ્લુ મુકેલ છે. જયાં નિયમિત અગરબત્તી, દીવો, પૂજન અર્ચન વિધિ થાય છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી



શ્રી ઉમિયા માતાજીનાં મંદિરથી અગાઉ એમ કહેવાય છે કે હાલે જયાં માતાજીનું મંદિર છે ત્યાં એક ભોંયરૂ હતું અને તેમાં શ્રી વિહારી સાહેબ ભજન સાધના કરતા અને છેલ્લે શ્રી વિહારી સાહેબ તે ભોંયરામાંથી અદ્રશ્ય થઈ ગયેલા. તેમનું શરીર કોઈને મળેલ નહીં. આમ લોક વાયકા છે. ત્યારબાદ કાળાંતરે ત્યાં શ્રી ઉમિયા માતાજીનાં મંદિરનું ખાત મુહુર્ત સંવત ૨૦૦૦ નાં આસો સુદ ૫ નાં પરમ પૂજય મહારાજશ્રી ઓધવરામજી મહારાજશ્રીનાં હાથે કરવામાં આવ્યું.

ત્યારબાદ નીચે મુજબ માતાજીની પાન મૂર્તિની પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી. જેનો લેખ નીચે મુજબ અધપિ માતાજીનાં મંદિર પર લખેલો જોવામાં આવે છે.

શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનાં મંદિરની સ્થાપના સંવત ૨૦૦૦ નાં ચૈત્ર સુદ ૯ ને રવિવારનાં રોજે થઈ. જેમાં પાનમૂર્તિની પધરામણી કરી સં. ૨૦૦૩ નાં ચૈત્ર સુદ ૯ રામનવમીનાં રોજે પાકી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. મંદિરનાં બાંધકામનું ખર્ચ રૂ. ૬૦૦૦/- છ હજાર થયેલ છે. યાત્રિકોને ઉતરવા


## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



માટેનાં ડેલા પાંચ તથા ગૌશાળાનું ખર્ચ રૂ. ૩૪૦૫, થયું છે. જેમાં કચ્છ, ગુજરાત, મુંબઈ, નાગપુર વિગેરે દેશપરદેશ વસતા કચ્છનાં કડવા પાટીદાર ભાઈઓએ સહાયતા કરી છે અને પટેલ હરિભાઈ કરમસીએ આ સંસ્થા માટે મોટો ફાળો આપીને ખૂબ મહેનત કરી છે. હરિ ૐ

લી. સાધુ દયાલદાસજી ગુરૂ ઓધવરામજી

## પરમ પૂજય સંત શ્રી ઈશ્વરરામજી મહારાજની તપો ભૂમિ




શ્રી ઈશ્વર વિહાર વિલાસમાં આપને જાણવા મળે છે તે મુજબ કાનપરમાં શ્રી દેવલમાને શ્રી ઈશ્વરરામજી મહારાજશ્રી ગુરૂદેવશ્રી ક્ષેમસાગરજીનાં આદેશથી કથા શ્રવણ કરાવતા હતા. તે દરમિયાન જયારે એકાંતનો ટાઈમ મળે ત્યારે પૂજય શ્રી ઈશ્વરરામજી મહારાજ એક રૂમમાં બેસી જતા. તેમને સત્સંગ કરતાં એકાંત વધુ પ્રિય હતું. તેથી તેમણે પૂજય દેવલમાને કહ્યુ કે જો તમો એકાંતિક ભક્તિ કરવા દયો તો મને વધુ આનંદ આવશે. જેથી પૂ. દેવલમાએ પણ કહ્યુ કે ભલે આપ એકાંતમાં રહો અને આપનાં ભજનનાં સમય દરમિયાન હું આપની ચોકી કરીશ અને કોઈ વિક્ષેપ થવા નહીં દઉં.

તેથી પૂ. દેવલમા કદાચ જો કોઈ કાગડો પણ પૂ. શ્રી ઈશ્વરરામજી મહારાજનાં ભજનનાં રૂમ ઉપર બેસી જાય તો તેને તેઓ જાતે ઉડાડતા હતા.


## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ત્યારબાદ પૂ. દેવલમાનું શરીર શાંત થયું અને પછી શ્રી ઈશ્વરરામજી મહારાજ કાનપર (મંજલ) થી ગાડાની વેલમાં બેસી કુકમા બાજુ મીસ્ત્રીઓનાં ગામમાં જતા હતા. ત્યાં વચ્ચે રસ્તામાં વાંઢાયનાં સીંધલ રાજપુતોએ તેમને અરજી કરી વાંઢાય વિહારી સાહેબનાં જુના દ્વારામાં રહેવાનું કહ્યુ. તેથી તેઓ આ સ્થાન પર પહેલાં બાર વરસ સુધી અત્યારે જે ઈશ્વરરામજી તપોભૂમિ લખેલું છે ત્યાં એકાંતિક ભજનમાં બેસી  ગયા. અને અહિ પણ સીંધલ રાજપુતોએ બે ચોકીદારોને રાખેલા. જેથી મહારાજશ્રીને કોઈ પણ રીતે ભજનમાં વિક્ષેપ ન થાય તેની કાળજી રાખતા.

તેઓ ચોવીસ કલાક દરમિયાન એક કલાકને માટે ફક્ત રૂમનું બારણું ખોલતા અને કોઈ દર્શનાર્થી જિજ્ઞાસુ આવ્યા હોય તો તેમને દર્શન આપતા અને કોઈ આધ્યાત્મિક પ્રશ્ન હોય તો તેનો જવાબ પણ આપતા. બાકી લૌકિક કોઈ વાતચીત તેમને ગમતી નહીં તેઓ બધાને કહેતા "ભજન કરો બાપલા", આજે પણ તેમનો ઢોલીયો તથા પોતે જાતે વાંચતા તે શ્રીમદ્ ભાગવતજીનું પુસ્તક તથા અઢીસો વરસ પહેલાનાં આપણા વાંઢાયના મૂળપુરૂષ ગાદીપતી શ્રી વિહારી સાહેબનો ટોપલો આ રૂમમાં છે અને તેની નિત્ય પૂજા આરતી આજે પણ નિયમિત થયા કરે છે. આવા હતા આપણા "ઈશ્વરા", "પરમેશ્વરા"

## શ્રી ઉમિયા પથીક આશ્રમ



## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



શ્રી ઉમિયા પથીક આશ્રમમાં ૧૬ સોળ રૂમો છે. જેમાં આવતા જતા યાત્રિકોને ઉતારો આપવામાં આવે છે અને એ રીતે એનો સદ્‌ઉપયોગ થાય છે. તે સિવાય શ્રી ઓધવરામ ભવનમાં પણ ઘણા રૂમો છે. જેમાં પણ યાત્રિકોને ઉતારો આપવામાં આવે છે.

## શ્રી જીવન પ્રજ્ઞા



આશરે સંવત ૧૯૯૧-૯૨ ની વચમાં હાલે જયાં અંધશાળા કહેવાય છે ત્યાં સાધ્વી મૈયાજી મંજલવાળાને ઉતરવાની જ ગ્યા હતી. તેથી તે સાધ્વી મૈયાજીને દ્વારો પહેલાં કહેવાતો. તેઓ મંજલથી અવારનવાર પૂજય શ્રી ઓધવરામજી મહારાજનાં દર્શન તથા સત્સંગ કરવા આવતા અને તેમાં ઉતરતા.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



તે જગ્યામાં પરમ પૂજય શ્રી ઓધવરામજી મહારાજને એક વખત ઉપરામતાની લહેર આવતાં ચાલીસ દિવસ માટેનું મૌન અને સાધનાં એટલે "ચાલીસો" કરેલો. તેમનાં શિષ્ય શ્રી દયાલદાસજી મહારાજ તે વખતે આપણો ભીમપર દ્વારે છે ત્યાં હતા. ત્યાંથી બોલાવી આશ્રમનો કારભાર સંભાળવા કહ્યુ અને પોતે બરાબર સાધનામાં લાગી ગયા. તે વખતે સાધનામાં તેમને એક વખત નીચે મુજબ અનુભવ થયો.


એક રાત્રિના પૂજય મહારાજશ્રી ઓધવરામજી શાન્તિથી ભજનમાં બેઠા હતા અને અચાનક હૃદયમાં તેમને સાક્ષાત નારાયણ ભગવાનનાં દર્શન થયા અને તેમને આદેશ થયો કે તમો વિદ્યાનું દાન કરો. જેથી તમારા હાથે અનેક જીવોનો ઉધ્ધાર થશે. તો તમો જનજાગૃતિ લાવો અને પ્રજાને અજ્ઞાનતાથી છોડાવો અને એ નિમિત્તે આખા દેશની સેવા કરો. તેથી પરમ પૂજય મહારાજશ્રી ચાલીસો પુરો કરીને તેમનાં સેવકોમાં એટલે કુકમાં ગામે મીસ્ત્રીઓ પાસે ગયા અને પોતાના હૃદયની વાત કરી કે મારે વિદ્યા માટે ગુરૂકુલ બનાવવું છે. તેથી ત્યાંના ભક્તો પૂ. મહારાજશ્રીનાં આદેશથી તેજ વખતે કોરી આશરે આળત્રીસહજાર પાંચસોને એક કરી આપી. પછી પાછા મહારાજશ્રી વાંઢાય આશ્રમે પધાર્યા. હવે ગુરૂકુલ કઈ રીતે બનાવવું તે માટે તેઓ ઘણી જગ્યાએ ફર્યાં અને પછી સોનગઢ સુપાગુરૂકુલનું બાંધકામ તેમને પસંદ આવ્યું અને તે મુજબ શ્રી ઈશ્વરરામજી ગુરૂકુલની સ્થાપના થઈ અને તેમાં ઘણા વર્ષો સુધી પૂ. મહારાજશ્રી હસ્તક વિદ્યા અભ્યાસ થયો.

હાલે તે સંસ્થા પરમ પૂજય સૌના વહાલા દાદા શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે નાં હસ્તક ચાલે છે અને તે પણ પૂજયશ્રી ઓધવરામજી મહારાજનાં સંકલ્પ મુજબ રૂષી-કૃષિ વિદ્યાલય ચાલે છે. તેમાં પણ આપણી વેદ સંસ્તૃતિનો અભ્યાસ વિદ્યાર્થીઓ કરે છે. તેનું નામ હાલે જીવનપ્રજ્ઞા રાખેલ છે. અહિ સંસ્કૃત, હિંદી અને ઈંગ્લીશ ત્રણેનો અભ્યાસ કરાવવામાં આવે છે અને સાથે ખેતીનું કામ તથા નાના નાના ગૃહ ઉદ્યોગો પણ શીખવવામાં આવે છે. જેથી વિદ્યાર્થી પોતાનાં પગ પર નિર્ભર થઈ જીવન ચલાવે અને સાથે સાથે ભગવાનનું કામ પણ કરે એ જાતની વ્યવસ્થા છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાય તીર્થધામ
# શ્રી ઈશ્વર આશ્રમની સ્થાપના કઈ રીતે થઈ તેનું વૃતાંત



પરમ પૂજય શ્રી ઈશ્વરરામજી મહારાજનાં શિષ્ય શ્રી લાલરામજી સહિત બધા તેરશિષ્યો હતા અને તે બધા પહેલા જુના દ્વારામાં રહેતા હતા. કાળે કરીને સંવત ૧૯૫૩ નાં અષાઢ વદ ૨ નાં પૂજયશ્રી ઈશ્વરરામજી મહારાજનું શરીર શાંત થયું અને તેમને શ્રી ઈશ્વરસાગરનાં કિનારે સમાધી આપવામાં આવી. પછી શ્રી લાલરામજી મહારાજને એવી ઈચ્છા થઈ કે અહિ એક ઈશ્વરા પરમેશ્વરની સમાધી છે અને શાંત ઈશ્વર સાગરનો કિનારો છે તે અહિ જ થોડી કુટીઆ બનાવીએ અને શાન્તિથી ઈશ્વરભજન કરીએ. તેથી લીલારામજી સહિત દશ ગુરૂભાઈઓ અહિ રહેવા લાગ્યા. સંતશ્રી ઈશ્વરરામજી મહારાજની સમાધી પર સંવત ૧૯૬૨ માં દેરી કરી મંદિર કર્યું અને તેની સામે જ સંવત ૧૯૬૩ માં શ્રી ઈશ્વરેશ્વર મહાદેવનાં મંદિરની રચના કરી.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



શીખરબંધ મંદિર બનાવ્યું.

ત્યારબાદ અન્ય ગૌશાળા તથા જરૂરત મુજબ રૂમોની રચના થઈ. હાલે જે પરમ પૂજયશ્રી ઓધવરામજી મહારાજનો બંગલો છે અને તેમાં પૂજય મહારાજશ્રીનો ઢોલીયો છે. તે બંગલો શ્રી ઓધવરામજી મહારાજે બનાવેલો. બાકી જે વચમાં સત્સંગ હોલ તથા અન્ય સગવડો બધી શ્રી લાલરામજી મહારાજે કરેલ. જે હાલે બધું જીર્ણ થઈ જવાથી જીર્ણોધ્ધાર કરવાનું શરૂ થયું અને ચાર છ માસનાં નાના ગાળામાં આશ્રમમાં અદ્યતન "શ્રી લાલરામજી ભવન", "શ્રી ઓધવરામજીભવન" તથા "શ્રી દયાલરામજીભવન" તથા નવીન ગૌશાળા વિગેરે નથા મંદિરોનું નિર્માણ ખૂબ થયું જે અત્યારે જોઈ શકાય છે.

## પરમ પૂજય શ્રી ઓધવરામજી ભવન




## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



શ્રી ઓધવરામજી ભવનનાં ચોવીલ બ્લોક છે. તેની અંદર બે રૂમ તથા સંડાસ બાથરૂમ સાથે છે. જેમાં દાતાઓએ દરેક બ્લોકનાં રૂપિયા ૫૧૦૦૦/- એકાવન હજાર ભરેલા છે તથા નામકરણ વિધિનાં રૂપિયા ૨૫૧૦૦૦/- અંકે રૂપિયા બે લાખ એકાવન હ જાર શ્રી જેન્તીલાલ વિશ્રામભાઈ જેઠાભાઈ ભાનુશાલી રતડા પરિવાર તથા શ્રી હીરજીભાઈ જેઠાભાઈ ભાનુશાલી રતડા પરિવાર ગામશ્રી બેરાચીયાવાલા તરફથી આપવામાં આવેલ છે. એ રીતે ઉપરોક્ત અદ્યતન મકાન તૈયાર થયેલ છે.

## શ્રી ઈશ્વર આશ્રમ ગૌશાળા



શ્રી ઈશ્વર આશ્રમમાં જુની ગૌશાળા હતી તે કાઢીને નીચે બગીચામાં નવીન ગૌશાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં આશરે બધા જીવો (૩૨) બત્રીસ છે. જે આશ્રમ ને માટે ખૂબ ઉપયોગી છે. નામકરણ

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ



નિમીત્તે કોટી કોટી વંદન

વિધીના રૂ. ૨,૧૧,૧૧૧ શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઈ તરફથી હસ્તે. શ્રી જયંતીલાલ ગંગદાસ પટેલ

ગૌશાળા માટે કર્મચારીઓ સેવા માટે રોકવામાં આવેલ છે અને તેમની સાથે પ્રજ્ઞાચક્ષુ સંતશ્રી સેવાદાસજી મહારાજ પણ ગાયોની ખૂબ દેખભાળ કરે છે. ગૌશાળાના કાયમીફંડ માટે રૂપિયા ૧૦૦૧/- એક હજાર એકની કાયમી તિથિ નોંધાવામાં આવે છે. જે રકમ બેન્કમાં ફીક્સમાં જમા કરાવી તેનાં વ્યાજમાંથી નિત્ય તિથિ મુજબ ગાયોને ઘાસ ચારો આપવામાં આવે છે. તે દરમિયાન કોઈને ગૌશાળા માટે ચાલુ દિવસે ભેટ આપવી હોય તે પણ સ્વીકારવામાં આવે છે અને તેની પાકી પહોંચ આપવામાં આવે છે.

## શ્રી ઈશ્વર સાગર

## શ્રી ઈશ્વર સાગરનું નિર્માણ કઈ રીતે થયું તેની વિગત



## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન




પરમ પૂજય સાધ્વી મૈયાજી મંજલવાળાના શરીરનાં પિતાશ્રી શ્રી વાલજીભાઈ ભાટીયા એક વખત પરમ પૂજય શ્રી ઈશ્વરરામજી મહારાજનાં દર્શન કરવા આવેલાં તો તેમણે કહ્યુ કે, મહારાજશ્રી મને મારા લાયક કોઈ સેવા હોય તો જણાવો તેથી પૂજય શ્રી ઈશ્વરરામજી મહારાજે કહ્યુ કે, બીજું તો ઠીક પણ ગાવડીઓ માટે પાણીની તકલીફ છે તો નાનું એવું તળાવ બંધાવી આપો. તેથી શ્રી વાલજીભાઈ ભાટીઆએ મૂંબઈ જઈ ત્યાં ફાળો કરીને ત્યાંનાં એક ભક્તશ્રી લોહાણા સદ્‌ગૃહસ્થ ભોળા ભ્રમને સાથે લઈ આવ્યા અને તેમની દેખરેખ નીચે શ્રી ઈશ્વર સાગરનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. એમ કહવાય છે કે ભોળાભ્રમ બહુ જ નિર્મળ હૃદયનાં હતા. કોઈને તકલીફ ન થાય તે રીતે બધા પાસેથી કામ લેતા અને પોતે પોતાનાં હાથમાં એક પતરામાં એક સાખી લખીને રાખતા અને તેનું રટન રાતદિવસ કર્યા કરતાં. "સચો સીતારામ સગો. "નાંય બ્યો કોય સગો." આ તેમનું ભજન હતું. આ રીતે ઈશ્વરસાગરનું કામ ચાલે તેમાં એક તકલીફ ઉભી થઈ કે વાંઢાયની સીમમાં નીચે કોઈ જગ્યાએ પાણી ન હતું. તેથી પાણી દૂરથી લાવવું પડતું. અને કામમાં બહુ જ રૂકાવટ થતી. તેથી ખૂબ મુંઝવણ ભોળા ભ્રમને થતી. એક વખત ભોળાભ્રમે પોતાની વ્યાથા શ્રી ઈશ્વરરામજી મહારાજ પાસે વ્યક્ત કરી પૂજય મહારાજશ્રી એ કીધું કે કાલે હું ત્યાં તળાવ જોવા આવીશ. પછી જુનાદ્વારાથી પૂજય મ હારાજશ્રી એક માણસ ખેંચી શકે તેવી નાની ગાડીમાં બેસી ઈશ્વરસાગર પાસે આવ્યા અને પાણીનાં ટાંકાવાળા ભાઈને કીધું કે એક ટાંકી પાણીની ગાડા ઉપર લઈ આવ. તેથી તે પાણી ભરવા ગયા અને બીજી બાજુ એક ભાઈને બોલાવીને એક જગ્યા બતાવી અને કહ્યુ કે પાણીની ટાંકી આવે ત્યાં સુધી અહિ એક ખાડો કરો તેથી ખાડો તૈયાર થયો અને પાણીની ટાંકી આવી તેને ખાડામાં નંખાવી અને કહ્યુ કે હવે તમારૂ કામ ચાલુ કરો. હવે આ પાણી તમારૂ કામ ચાલશે ત્યાં સુધી ખુટશે નહીં એ રીતે આખા તળાવનું કામ એ વીડીના પાણીથી પુરૂ થયું. અત્યારે પણ એ વીડી શ્રી ઈશ્લરરામજી સિધ્ધ વીડીનાં નામે ઓળખાય છે. પહેલાં તો તેના ઉપર કોશ (એટલે બે બળદથી) પાણી ખેંચી શકાય તેનાંથી બગીચામાં પાણી દેવાતું પણ હાલે તે બંધ છે પણ હજી સ્થાન મોજુદ છે અને ઈશ્વરસાગર હીલોળા મારી રહેલ છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



## શ્રી લાલ રામજી ભવન



ઉપરોક્ત શ્રી લાલરામજી ભવનની નામકરણ વિધિનાં રૂપિયા ૧૧૧૦૦૦/- અંકે રૂપિયા એક લાખ અગીયાર હજાર શ્રી મણીબેન મેઘજી ધંદે દેવીસરવાલા તરફથી મળ્યા છે. આ શ્રી લાલરામજી ભવનમાં નીચે રસોડું તથા ભોજન હોલ છે તથા ઉપર અતિથિઓ માટે સ્ત્રીઓ તથા પુરૂષો માટે અલગ અલગ ઉતારાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પૂ. મહારાજશ્રી સેવાદાસજી

(૧૪) પૂ. સંતશ્રી સેવાદાસજી મહારાજને તેમનાં સદ્‌ગુરૂ દેવશ્રી દયાલદાસજી મહારાજ આશરે ચૌદ વર્ષની ઉંમરે સંવત ૧૯૯૭ નાં વૈશાખ સુદ ૩ ને ગુરૂવારનાં વાંઢાય તેડી આવેલા નાનપણથી જ તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. તેમનું જન્મસ્થાન મથલ કચ્છ. શરીરે કડવા પાટીદાર છે અને નામ પ્રમાણે સેવામાં અત્યંત રૂચી ધરાવે છે. તેઓ મથ લથી વાંઢાય જુના દ્વારામાં આવ્યા તે વખતે જુના દ્વારામાં હાલ જેવી કોઈ પાણીની સગવડ નહોતી. તેથી તેઓ દરરોજ જાતે શ્રી ઈશ્વર સાગરમાંથી ગાડીથી પાણીની ટાંકીઓ જાતે ખેંચીને ભરી લાવતા અને તે વખતે ધ્વારામાં દશ ગાયો હતી. તેમની પણ સેવા કરતા અને વિશેષમાં બીજા સાધુ સંતો અતિથિઓ આવે તેને પણ જાતે રોટલા ઘડીને ભોજન કરાવી તૃપ્ત કરતાં. ત્યારબાદ સંવત ૨૦૦૮ નાં વૈશાખ સુદ ૬ ને બુધવારનાં પ. પૂજય મહારાજશ્રી રામદાસજી બાપુ જે એક વૃધ્ધ સંત હતા. તેમનું શરીર શાંત થયું પછી તેઓ હાલનાં ઈશ્વર આશ્રમમાં આવ્યા અને અહિ સેવામાં જોડાયા.

અહિ તો લગભગ ચાલીસ ગાયો હતી અને તે બધાની તેઓ એકલાજ જાતે બધી દેરેખ દોહવા વિગેરેનું કામ કરતા અને વિશેષતા તો એ હતી કે જે ગાયનો જે વાચરડો હોય તેને ઓળખીને તેની મા પાસે લઈ જઈ તેને સ્તનપાન કરાવતા. પોતે સુરદાસ હોવા છતાં પણ વિશેષ ધ્યાનથી અને આંતરિક શક્તિથી બધી સેવા દેખતા માણસ કરતાં પણ સારી રીતે કરતા. હાલમાં તેમની તબીયત નરમગરમ રહે છે. છતાં આશ્રમનાં પ્રત્યેક કામમાં તથા વ્યવસ્થામાં બધી રીતે પુરૂ ધ્યાન આપી અને સેવા બજાવી રહ્યા છે. ગૌ સેવા એ એમનો પ્રિય વિષય છે. આજે પણ તેઓ ગાયોનું નામ બોલાવે તો ગાયો તેમની પાસે દોડી આવે છે. આ છે સાચી ગૌસેવાનું ફળ. આવા અમારા સુરદાસ સેવાભાવી સંત સેવાદાસજીને કોટીકોટી વંદન.


લી. બચુભાઈ ભક્ત.



પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી દત્તાત્રયનાં પગલા તથા કુટીર



શ્રી દત્ત ભગવાનનાં પગલાનું સ્થાન શ્રી ઉમિયા માતાજીનાં મંદિરની પાછળ પશ્ચિમ બાજુએ એક ઊંચા ટેકરા ઉપર આવેલું છે. જયાં ગામનાં સીંધલ રાજપુતો તેમને પોતાનાં દાદા તરીકે માનતા આવ્યા છે અને તેની પુજા માનતા કરતા આવ્યા છે. ત્યાં પહેલાં તો એકજ નાનો રૂમ હતો પણ પાછળથી ગામનાં ભાઈઓનાં પ્રયાસથી અને પૂજય મહરાજશ્રી વાલદાસજી મહારાજની પ્રેરણાથી તે સ્થાનનો જીર્ણોધ્ધાર થયો અને મહાસુદ ૭ ને સોમવાર તા. ૧-૨-૧૯૮૨ નાં રોજે તેમાં વિધિથી શ્રી દત્તાત્રય ભગવાનનાં પગલાની વિધિ પરમ પૂજય મહારાજશ્રી વાલદાસજી મહારાજનાં હાથે કરવામાં આવી ત્યાં હાલે દરરોજ નિયમિત એક ભાઈ વાંઢાય ગામમાંથી જાય છે અને સેવાપૂજા કરી આવે છે. ઊંચાઈવાળા ટેકરા પર હોવાથી ઉર્દ્વં ગચ્છંતિ સત્વસ્થા- એ રીતે ત્યાં જવાથી વૃત્તિ શાંત થાય છે અને મનમાં શાન્તિનો અનુભવ થાય છે. શ્રી વાંઢાય

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# પ્રેરણા મૂર્તિશ્રી વાલદાસજી મહારાજ

કોઈપણ સંતનું જીવન લખવું અથવા તેમનો પરિચય આપવો તો તે કોઈ જન માટે શક્ય નથી, કારણ કે સંતોનો મતો અગાધ હોય છે. તેથી તેમની ગતિ કે લીલા કોઈનાથી જાણી શકાતી નથી. છતાં પણ "સો જાનઈ જેહું દેઈ જનાઈ, "ની ઉક્તિ મુજબ એમની જ પ્રેરણીથી આ જીવનચરિત્ર લખવા પ્રેરણા મળી છે. પરમ પૂજયશ્રી વાલદાસજી મહારાજનો જન્મ (પ્રાગટય) ઈ. સ. ૧૯૨૬ માં કરાચીમાં પુણ્યશ્લોકથી રામચંદ્રજી ભગવાનનાં રઘુવંશમાં થયો. પૂ. મહા રાજશ્રીનાં પુર્વાશ્રમનું નામ વાલજી હતું. પિતાજીનું નામ ગાંગજીભાઈ તથા માતાજીનું નામ ગોમાબાઈ હતું. તેમનું મૂળ ગામ કચ્છ કોટડા માતાના મઢ પાસે "મોરચમાણા" નામે હતું. હાલે ત્યાં ખાસ વસતી કચ્છમાં અવારનવાર દુષ્કાળનાં હિસાબે રહેતી નથી . એક જુનું શીવમંદિર છે. જેનાં જીર્ણ અવશેષો તથા બીજા મકાનોનાં અવશેષો હાલ પુરતા જોવા મળે છે.

એમના માતાજી ભજનાનંદી અને વૈરાગ્યવાન તથા બહુજ ચુસ્ત હોવાથી નાનપણથી જ એમનામાં ભક્તિભાવનાં સંસ્કારો હતા. તેમનાં માતાજી શ્રી ગોમામા આખો દિવસ ભજન ગાયા કરતા. તેમણે વિદ્યાકાળ દરમિયાન પ્રગતિશીલ રહી ઉચ્ચ કેળવણી મેળવી. સં. ૧૯૪૭ માં બી. એસ. સી. ડબલ ગ્રેજયુએટની પદવી મેળવી સ્નાતક બન્યા. ત્યાર બાદ અમદાવાદમાં પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની ઓફિસે નોકરી મેળવી ત્યાં સારી ચાહના મેળવી.

અમુક સમય બાદ જયારે તેમને સમય મળે ત્યારે સંતોના સત્સંગમાં તેમનાં માતાજી સાથે અવાર નવાર જતા જેથી તેમને વારંવાર સત્સંગનો પ્રભાવથી તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એક વિચાર ઉદ્ભવ્યો કે આ લોકોની નોકરી શા માટે કરવી. કાંતો કોઈ મોટા અમીર થવું અથવા તો શ્રી રામજીની નોકરી કરી મોટા ફકીર થવું. આ વિચારે તેમને હચમચાવી નાખ્યા. તેથી તેમણે તેમની માતાજી પાસે વાત કરી કે મા મને શ્રી રામજીની નોકરી કરવી છે. તેમનાં માતાજી તો તૈયાર જ હતા અને બન્ને મા દીકરાએ તરત જ સંકલ્પ કરી નિર્ણય લીધો કે આ નોકરીમાંથી રાજીનામું આપી કોઈ તીર્થસ્થળે જઈ ભગવાનની નોકરી કરવી. તેથી તેઓ થોડા દિવસોમાં જ અમદાવાદ છોડી ઋષિકેશ હરિદ્વાર તરફ ગંગા કિનારે ઈશ્વર પ્રાપ્તિ અર્થે પ્રયાણ કર્યું.

પછી ઋષિકેશમાં થોડો સમય શ્રી પંજાબસિંધક્ષેત્ર ધર્માદા ખાતામાં નોકરી મેળવી અને સાથે સાથે સાધના પણ ચાલુ રાખી. એક વખત કચ્છ રોહા (સુમરીવાલા)નાં ઠક્કર વાલજીબાપાનો તેમને ભેટો થયો અને તેમને પૂ. મહારાજશ્રીને વાત કરી કે આપનાં કચ્છનાં જ એક સંત શ્રી ઓધવરામજી મહારાજ હાલે હરિદ્વાર સપ્ત

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



સમ સરોવર પાસે આશ્રમ બનાવી રહ્યા છે. આપ ત્યાં ચાલો તો દર્શન થશે. એ રીતે પૂ. મહારાજશ્રી તથા તેમનાં માતાજી ગોમામા હરિદ્વાર આવ્યા. ત્યાં તેમને બ્રહ્મનિષ્ઠ બ્રહ્મક્ષત્રિય પરમ પૂજય મહારાજ શ્રી ઓધવરામજી મહારાજનો ભેટો થયો. જેવી રીતે શ્રી ગોવિંદ આચાર્ય શ્રી શંકર આચાર્યની રાહ જોતા હતા અને શ્રી રામ કૃષ્ણ પરમહંસ દેવ શ્રી વિવેકાનંદની રાહ જોતા હતા તેમ આ બન્ને ગુરૂશિષ્ય એકબીજાને પરખી ગયા અને પછી પૂ. ઓધવરામજી મહારાજ પાસેથી પૂ. મહારાજશ્રીએ દીક્ષા ગ્રહણ કરી શિષ્ય પદ સ્વીકાર્યું.

ઓધવરામજી મહારાજને પૂ. વાલદાસજી મહારાજનાં માતાજી ગોમા માએ કહ્યુ કે પ્રભુ હવે આ છોકરો તમને સોંપેલ છે . આપ જ તેનાં માતાપિતા છો અને શ્રી પૂ. વાલદાસજી મહારાજને તેમનાં માતાજીએ કહ્યુ કે આ તમારા સદ્દગુરૂદેવ છે. એટલે કચ્છીમાં કહ્યુ કે, "શ્રીમારામજી ચેંત વાયમેં ઠેંકડીજે એટલે કે જો શ્રી મહારાજજી કહે તો કુવામાં પણ કુદી પડજે. આટલી બધી સદ્દગુરૂ પ્રત્યે નિષ્ઠા બતાવી માતાજી પોતાનો ભાર હળવો કરી આશ્રમમાં પૂ. મહારાજશ્રી સાથે રહેવા લાગ્યા. પૂ. ઓધવરામજી મહારાજે પણ શ્રી ગોમામાને શાંત્વન આ પ્યું કે તમે ચિંતા ન કરો. હવે આ છોકરો અમારો છે, ત્યારબાદ ૧૯૫૬ માં પૂ. ઓધવરામજી મહારાજ કચ્ચ આવી સમાધીસ્થ થયા.

સંતની મહત્તા જલ્દીથી સમજાતી નથી. ઘણા લોકો મને કહે છે કે આપ ખૂબ ભાગ્યશાળી છો કે સતત સંતનામ સાનીધ્યમાં રહી તેમની સેવા કરો છો અને વાતે સાચી છે મેં પૂ. મહારાજશ્રી પાસેથી તા. ૨૯-૪-૬૫ માં કંઠી બંધાવી છે ત્યારથી હું તેમની સાથે રહું છું કે તે અમારા બધાની એટલે તેમની સાથે જે લોકો રહીએ છીએ તેમની સેવા તે જાતે કરે છે. તેઓ સતત અમારૂ ધ્યાન રાખે છે. ગામડામાં અથવા પરદેશમાં સત્સંગ માટે સાથે જઈએ ત્યારે હું રાત્રે ભજન કરી મોડો આરામ કરૂ તો પોતે તો રાતે આવી તપાસ કરી જાય અને ઠંડી જેવું હોય તો જાતે મને ઓઢાટી જાય અને બીજાને કહે કે બચુભાઈને ઉઠાડશો નહીં. આમ પિતા પણ જેટલો ખ્યાલ ન રાખે તે ટલો ખ્યાલ રાખે છે. હવે કહો કોણ સેવા કરે છે એ આપને સમજાય જશે. સેવા ધર્મ વિશે ગોસ્વામીજીએ શ્રી રામાયણજીની અંદર એક સરસ દ્રષ્ટાંત આપેલ છે. જેમાં શ્રી ભરતલાલજી શ્રી રામજીને પાછા લાવવા માટે વનવાસ જાય છે ત્યારે શ્રી ભરતલાલજી પૈદલ ચાલે છે. કોઈ દિવસ ચાલેલા નથી. તેથી પગમાં ફોલ્લા પડે છે. તે વખતે સાથેનાં ઘોડેસ્વારો વારંવાર વિનંતી કરે છે કે આપ ઘોડા ઉપર બીરાજો તે વખતે શ્રી ભરતલાલજી સેવા ધર્મ વીશે કહે છે કે શરભર જાઉ ઈચિત્ત અસ મોરા, સબતેં સેવક ધર્મ કઠોરા. અર્થાત્ શ્રી રામચંદ્રજી ભગવાન અહિંથી પૈદલ ચાલીને ગયા છે તો મારો સેવકનો ધર્મ છે કે મારે શીર્ષાસન કરતાં કરતાં રામજીને મળવા જવું જોઈએ. આ છે સેવાધર્મની મહત્તા. સાચી સેવા તો સંતો જ કરી શકે અને એવા સંતો વિશે આપણે જેટલું લખીએ તેટલું ઓછું જ કહેવાય. આવા તો અનેક

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



અનુભવો એમની કરૂણાના, એમની સમતાનાં, એમની નિષ્કામતાનાં, એમની નિરઅભિમાનીપણાનાં મને થયા છે જે કેટલા લખવા એ હું કહી શકતો નથી. એમને તો વંદન જ કરાય વાણી ઓછી પડે. એમનાં ગુણગાન ગાતાં ગાતાં ગદગદ થઈ જવાય છે.

સદ્‌ગુરૂનાં ગુણને હું શું ગાવું એ ગુણનો કહેતાં ન આવે પાર
ગુરૂ તો મારા આંખની જયોતિ, ગુરૂ હૈડાનો હાર
એવા ગુરૂ દયાળુ દેવારે ગુરૂ કૃપા તો ગણી રે ગણી
એવા જ્ઞાની ગુરૂજી મળીયારે ગોળી મારી જ્ઞાનતણી
એવી કંચન કાયા કીધી રે ગુરૂ તો મારા પારસમણી સત્તાર

આપ મિતાહારી સરળ સ્વભાવવાળા વૈરાગ્યવાન પરોપકારી બ્ર.નિ.બ્ર.શ્રી. એવી આપ સમયને સુવર્ણ કરતાં પણ વધુ કિંમતી સમજીને બ્રહ્મહુર્તથી માંડીને મોડી રાત સુધી પોતાનાં નિયમિત કાર્યક્રમો પ્રાતસ્મરણ સંધ્યાપાઠ પ્રવચન, સતશાસ્ત્ર વાંચન વિચાર વિગેરે દ્વારા શિષ્યોનાં જીવનમાં આધ્યાત્મિક સંસ્કારોનાં બીજ વાવીને એમનાં જીવનમાં મૂળભૂત પરિવર્તનો આણ્યા છે.

નિસ્પૃહીભાવથી જનસેવા, ગૌસેવા તેમજ ધર્મ માટેનાં કાર્યોથી આજે આપની તથા શ્રી કચ્છી આશ્રમની ચોમેર સુવાસ ફેલાયેલી છે અને આજે અનેક મુમુક્ષુ યાત્રાળુઓ જીજ્ઞાસુઓ આશ્રમને ઓટલે આશ્રય અને શાંતિ પામે છે. ગૌસ્વામીજીએ સંત સ્વભાવ વીરો બધા શાસ્ત્રોનો સાર એક જ ચોપાઈમાં બતાવ્યો છે કે, પરઉપકાર વચનમનકાયા, સંત સસહજ સ્વભાવે ખગરાયા અર્થાત્ મનવચનને કર્મથી બીજાનું હિત ભલું થાય એવું જે સતત વિચારે છે અને એ પ્રમાણે જેનું જીવન છે તેજ સંત છે અને તે સંતનો સહજ સ્વભાવ છે. તે રીતે પૂ. મહારાજશ્રી પણ સતત પરહિતમાં લાગ્યા રહે છે. કચ્છમાં અવાર નવાર ઉપરાઉપરી દુષ્કાળ અથવા કોઈપણ કુદરતી આફતો સંકટ આવે છે તે વખતે પોતાનાં શરીરની જરાપણ પરવા ન કરતાં સતત પ્રયત્નશીલ રહી સેવા કરે છે. તે સિવાય હરિદ્વાર શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમમાં બે વખત પ. પૂ. પાદશ્રી રામચંદ્રજી ડોંગરેજી મહારાજની કથાઓનું આયોજન કરેલું અને એવા બીજા અનેક સતકર્મો આશ્રમમાં આપનાં હસ્તક થયા કરે છે. જેનો શું હિસાબ કરવો. આશ્રમમાં કૃષ્ણમંદિર પાસે પૂ. શ્રી ડોંગરેજી મહારાજનાં કહેવાથી સં. ૨૦૩૬ માં એક શીવમંદિર પણ બનાવેલ છે. જેની પ્રતિષ્ઠા વિધિ પણ પરમ પૂજય શ્રી ડોંગરેજી મહારાજે જાતે કરાવેલ હતી. આ રીતે સતત સતકર્મ થતા રહે છે. શ્રી કચ્છમાં નારાયણ સરોવર અન્નક્ષેત્ર ભોજનાલય તથા પાંજરાપોર વિગેરે આપની પ્રેરણાથી જ ફુલતા ફાલતા રહ્યા છે.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



તદ્ઉપરાંત સદ્ગુરૂ દેવશ્રી ઓધવરામજી મહારાજની ઈચ્છા મુજબ આપ દેશપરદેશ જયાં આમં ત્રણ મળે ત્યાં અવિરત સનાતન ધર્મનો પ્રચાર કરી રહ્યા છો. કાઠીયાવાડમાં પણ બાપુ શ્રી સરસ્વતીદાસજીનાં આશ્રમો બાણેજ, જામવાડા તથા જામકામાં ચાલે છે. ત્યાં પણ આપ પ્રેરણા આપી સતકર્મ કરાવી રહ્યા છો. તે સિવાય કચ્છ વાંઢાયમાં તો આપ છેલ્લા દાયકાથી જીર્ણોધ્ધાર માટે પ્રયત્ન કરતા આવ્યા તેનો યોગ આ સાલે આવ્યો અને ફક્ત છ માસમાં જ. શ્રી ઈશ્વર આશ્રમનો જીર્ણોધ્ધાર તથા નવીન ગૌશાળા તથા અન્ય અદ્યતન મકાનો તૈયાર થઈ ગયા. સાથે સાથે નવીન શ્રી રામજી મંદરિનું કાર્ય પણ ચાલે છે અને પ. પૂ. પાદશ્રી ડોંગરેજી મહારાજીની શ્રી રામાયણજીની કથાનું આયોજન થયું તે પણ બધું આપને આભારી છે.

## પ્રાર્થના

પરમ પૂજય પાદ સદ્ગુરૂ દેવશ્રી ઓધવરામજી મહારાજ જેવી આધ્યાત્મિક શક્તિ મેળવી જનતા જનાર્દનની સેવા કરી ધર્મપરાયણ રહી તેમનાં જેવી જ લોકપ્રિયતા મેળવી ચુક્યા છો અને એવા જ સેવા કાર્યો માટે પરમાત્મા આપને દિર્ઘાયુ અર્પે એજ આપનાં પદારવિંદમાં નમ્રભાવે પ્રાર્થના.

લી. આપનો દાસ બચુભાઈ ભક્તનાં હરિ ૐ વંદન જય ગુરૂદેવ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



તીર્થધામમાં આવવાવાળા ભાવિકોને ઉપરોક્ત સ્થાનનાં દર્શન કરવા વાંઢાય ગામનાં ભાઈઓ ભાવિકોનો આગ્રહ છે કે આપ અહિ જરૂર પધારો અને દર્શન કરી કૃતાર્થ થાઓ.

ૐ શ્રી રામ

# નિત્ય ધુનમાં બોલાતી સાત કાંડની સાત ચોપાઈ

**-: બાલકાંડ :-**

સીયારામમય સબ જગ જાની, કરઉં પ્રનામ જોરિ જુગ પાની

**-: અયોધ્યાકાંડ :-**

રઘુકુલ રીતિ સદા ચલિ આઈ, પ્રાન જાહુઁ બરૂ બચનું ન જાઈ

**-: અરણ્યકાંડ :-**

અસ અભિમાન જાઈ જનિ ભોરે, મૈં સેવક રઘુપતિ પતિ મોરે

**-: કિષ્કિંધકાંડ :-**

અબ પ્રભુ કૃપા કરહુ એહિ ભાઁતી, સબ તજી ભજનુ કરૌ દિનરાતી

**-: સુંદરકાંડ :-**

કહ હનુંમંત બિપતિ પ્રભુ સોઈ, જબ તવ સુમિરન ભજન ન હોઈ

**-: લંકાકાંડ :-**

સંત કહહિં અસિ નીતિ દસાનન, ચૌથેપન જાઈહિ નૃપ કાનન

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



-: ઉત્તરકાંડ :-

સરલ સ્વભાવ ન મન કુટિલાઈ, જથા લાભ સંતોષ સદાઈ

ૐ શ્રી રામ

શ્રી સદ્દગુરૂભ્યો નમ:

શ્રી ગુરૂ ઓધવરામાય નમ:

### પ. પૂ. બ્ર. નિ. બ્ર. શ્રી બ્રહ્મલીન મહાત્માશ્રી
### દેવા સાહેબ વિરચિત રામસાગર દોહા બત્રીસીમાંથી

## શ્રી રામાયણ મંગલાચરણ

શ્રી રામ કહે સુખ ઉપજે, રામ કહો દુ:ખ જાય,
મુક્તિ કો દાતા રામ હૈ, નહીં કોઈ આન ઉપાય.

કાઢયો તત્વ અમૂલ વેદ, સીંધુ કો મથન કરી,
અવર ન આ કે તોલ, અમૃત રસ હરિનામ હૈ,

જીન્હી દીન્હી સંપદા, જીન્હી દીન્હો ભોગ,
જીન્હી દીન્હો માનખો, સો પ્રભુ ધ્યાવન જોગ.

પત્થર તરે અપાર રામ નામ સુજલ વીશે,
લાગે કેતી વાર મનુષ્ય તરત ભવ વારિધ.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



દીર્ઘ રોગ સંસાર હે, મીટે ન આન ઉપાય.
રામ નામ કે લેત હી, સહેજ શાન્તિ હો જાય.

ભૂત પ્રેત લાગે સબે, પાવત જાય સો અપાર,
તીત યમદૂત ન આવહીં, જહાં હરિ કથા કો ઉચ્ચાર.

આવો હનુમાન બીરજીયે, કથા સુનો ઈતિહાસ,
તુમ સેવક રઘુનાથ કે, મૈં તવ ચરણોં કે દાસ.

સિયાવર રામચંદ્ર કી જય, રાધેશ્યામ કૃષ્ણ દેવકી કી જય,
ઉમાપતિ મહાદેવ કી જય, પવનસુંત હનુમાન કી જય,
બોલો ભાઈ સબ સંતન કી જય.

### -: પૂર્ણાહુતિ પ્રસંગે :-

કથા વિસર્જન હોત હૈ, સુનહુ વીર હનુમાન,
રામ લક્ષ્મણ જાનકી, સદા કરો કલ્યાણ.
સીતારામ મહારાજ કી જય.

## શ્રી રામ સ્તુતિ

શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજમન, હરણ ભવભય દારૂણમ્ ।
નવકંજ લોચન કંજમુખ કરકંજ પદ કજારૂણમ્ ।
કંદર્પ અગણિત અમીત છબી, નવનીલ નીરદ સુંદરમ્ ।
પટપીત માનહુ તડિત રૂચિ શુચિ, નૌમી જનક સુતાવરમ્ ।
ભજુ દીનબંધુ દીનેશ દાનવ, દૈત્ય વંશ નીકંદનમ્ ।

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



રઘુનંદ આનંદ કંદ કૌશલ, ચંદ દશરથ નંદનમ્ ।
શિરમુકુટ કુંડલ તિલક ચારૂ, ઉદાર અંગ વિભૂષણમ્ ।
આજાનભૂજશર ચાપધર, સંગ્રામ જિત ખરદૂષણમ્ ।
ઈતિ વદતિ તિલસીદાસ, શંકર શેષ મુનિ મન રંજનમ્ ।
મમ હૃદયકંજ નિવાસ કુરૂ, કામાદિ ખલદલ ગંજનમ્ ।

## આરતિ

આરતિ શ્રી રામાયનજી કી, કીરતિ કલિત લલિત સિય પી કી..

ગાવત બ્રહ્માદિક મુનિ નારદ, બાલમીક બિગ્યાન વિસારદ
સુક સનકાદિ શેષ અરૂ સારદ, બરનિ પવનસુત કીરતિ નીકી.

ગાવત વેદ પુરાન અષ્ટદસ, છઓ શાસ્ત્ર સબ ગ્રંથન કો રસ,
મુનિજન ધન સંતન કો સરબસ, સાર અંસ સંમત સબહી કી.

ગાવત સંતત શંભુ ભવાની, અરૂ ઘટસંભવ મુનિ બિગ્યાની,
વ્યાસ આદિ કવિબર્જ બખાની, કાગભુસુંજિ ગરૂડ કે હી કી.

કલિમલ હરનિ વિષય રસ ફીકી, સુભક સિંગાર મુક્તિ જુબતીકી,
દલન રોગ ભવમૂરિ અમી કી, તાત માત સબ વિધિ તુલસી કી.

## ગાયની રક્ષા કરે તે હિન્દુ

ગોરક્ષા એ હિન્દુધર્મનો નિષ્કર્ષ છે. મનુષ્યની વિકાસયાત્રામાં ગાયની રક્ષા એ મારી દષ્ટિંએ સૌથી આશ્ચર્યજનક ઘટનાઓમાંની એક છે. આનાથી મનુષ્ય પોતાની જાતિની સીમાથી આગળ વધ્યો છે. મારે માટે

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ગાયનો અર્થ આખી મનુષ્ય સિવાયની સૃષ્ટિ છે, ગાયના માધ્યમ વડે મનુષ્યને સંપૂર્ણ પ્રાણીસૃષ્ટિની સાથે પોતાની એકાત્મતા અનુભવવી છે. આને માટે ગાયને જ શા માટે પસંદ કરવામાં આવી, એ મારા સામે બિલ્કુલ સ્પષ્ટ છે. ભારતવર્ષમાં ગાય મનુષ્યનો સર્વોત્તમ સાથી હતી. એ સમૃદ્ધિ આપનારી હતી. એ માત્ર દૂધ જ નહોતી આપતી પણ તેને કારણે જ ખેતી પણ શક્ય બની.

ગાય કરૂણાનું કાવ્ય છે, તેમાં આપણને કરૂણાના કાવ્યના દર્શન થાય છે. ભારતમાં કરોડો લોકોની એ માતા છે. ગૌરક્ષાનો અર્થ સંપૂર્ણ મૂક સૃષ્ટિની રક્ષા છે. પ્રાચીનકાળના દ્રષ્ટાઋષિએ ગાયથી આની શરૂઆત કરી, મનુષ્યની નીચેની કક્ષાની જીવસૃષ્ટિ પ્રતિ આ સંદેશ આખા વિશ્વને માટે હિન્દુધર્મની જ દેન છે, અને હિન્દુધર્મ ત્યાં સુધી ટકવાનો છે જયાં સુધી ગાયની રક્ષા કરવાવાળા બચ્યા છે.

હિન્દુ કોણ છે તેની પરખ ટીલાં-ટપકાં ઉપરથી ન જોઈ શકે, મંત્રોના શુધ્ધ ઉચ્ચારણ પરથી પણ ન કરી શકાય અને ન તો તીર્થયાત્રા પરથી કે ન તો ધાર્મિક ક્રિયાકાંડોનું કોણ અત્યંત સૂક્ષ્મતાથી પાલન કરે છે-- પરંતુ હિન્દુની પરખ ગાયને બચાવ્યાની લગન અને તત્પરતાથી જ થવાની છે.

(યંગ ઈન્ડીયા : ૬-૧૦-૨૧) -ગાંધીજી

### -: ગૌરક્ષા કાજે તપશ્ચર્યા કરીએ :-

ગાયની પૂજા મારે માટે સરળતા અને નિષ્કામનાની પૂજા છે, મારે માટે તો ગાય સરળતાની મૂર્તિ જ છે. ગૌરક્ષાનો અર્થ છે દુર્બળ અને અસહાયની રક્ષા. પ્રો. વાસવાણીએ યોગ્ય જ કહ્યુ છે કે ગૌરક્ષાનો અર્થ થાય છે માનવ અને પશુ વચ્ચે ભાઈચારો. આવી શ્રેષ્ઠ ભાવનાને આપણે સતત શ્રમ અને તપશ્ચર્યાથી વિકસિત કરતા જવાની છે. પ્રાચીનકાળમાં ઋષિઓએ ગાયને માટે આકરી તપશ્ચર્યા કરી છે, એવું આપણે સાંભળીએ છીએ. આપણે પણ એ ઋષિઓના ચરણ-ચિન્હો પર ચાલી તપસ્યા કરીએ જેથી આપણું જીવન એટલું શુધ્ધ અને ગાયની રક્ષા અને તેનો જે આશય અને અર્થ છે, તેની રક્ષા કરી શકીએ.

-ગાંધીજી

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



## શ્રી ઓધવરામજી જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિ
## શ્રી ૧૦૮ એકસો આઠ અષ્ટોતર સત રામાયણ નવાન્હ પારાયણ જ્ઞાનયજ્ઞ.

શ્રી વાઢાંય તીર્થધામ

શ્રીરામ કહે સુખ ઉપજે, રામ કહો દુઃખ જાય
મુક્તિકો દાતા રામ હય. નહીં કોઈ આન ઉપાય.
કાઢયો તત્ત્વ અમુલ. વેદ સીંધુકો મથન કરી.
અવર ન આ કે તોલ અમૃત રસ હરિનામ હય.
જીન્હી દીન્હો સંપદા જીન્હી દીન્હો ભોગ.
જીન્હી દીન્હો માનખો. સો પ્રભુ ધ્યાવન જોગ.
પથ્થર તરે અપાર. રામનામ સુ જલવીરો.
લાગે કેતી વાર મનુષ્ય. તરત ભવ વારિધિ.
દીર્ઘ રોગ સંસાર હય. મીટે ન આન ઉપાય
રામનામકે લેત હી. સહજ શાન્તિ હો જાય.
ભૂત પ્રેત ભાગે સબે. પાવત બય સો અપાર
તીત યમદૂત ન આવહીં. જહાં હરિ કથાકો ઉચ્ચાર

પરમાત્મા શ્રી રામનાં દર્શન કરવાથી જ માનવજીવન સફળ થાય છે. શ્રી રામ સર્વ સદ્‌ગુણોનાં ભંડાર છે.

જે રામજીની સેવા કરે, જે રામજીનાં સદ્‌ગુણો જીવનમાં ઉતારે, જેનું જીવન શ્રી રામજીનાં જેવું બને. તે જીવ શ્રીરામજીનાં દર્શન કરી શકે. શ્રીરામજીની સેવા વિનાં રામજનાં દર્શન કરી શકાતા નથી. પરમાત્માનાં દર્શન, પરમાત્માની પ્રાપ્તિ એજ માનવ જીવનનું લક્ષ્ય છે. એમાં માનવજીવનનું સાફલ્ય

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



છે. પુરૂષનું વર્તન શ્રીરામજીનાં જેવું હોવું જોઈએ અને સ્ત્રીનું વર્તન શ્રી સીતાજીનાં જેવું હોવું જોઈએ. શ્રી સીતા-રામજી માનવ સમાજને, સ્ત્રી-પુરૂષોને, સ્વધર્મનું તત્ત્વ સમજાવવા સફળ થશે.

પરમાત્માને પ્રસંન્ન કરવાની ઈચ્છા હોય તો પ્રભુની આજ્ઞાનું પાલન કરો. માનવસૃષ્ટિનું સંચાલન કરલા માટે પ્રભુએ જે કાયદા બનાવ્યા છે તેનું નામ ધર્મ.

તમે તમારો ધર્મ બરાબર બજાવો. ધર્મની મર્યાદાનો ભંગ એટલે ભગવાનની આજ્ઞાનો લોપ. બગવાનની આજ્ઞાનો ભંગ કરનારને ભગવાન કદી અપનાવતા નથી. પ્રભુની આજ્ઞાનું પાલન ન કરે, અને ભગવાનને ફુલની માળા અર્પણ કરવા નીય, ઠાકોરજીનાં સમક્ષ સામગ્રી પધરાવે, તેને ભગવાન કહે છે, ‘હું તારા હાથની સામગ્રી નહીં લઉં ? તું મારૂં કહ્યું કરતો નથી. જે સ્વધર્મનો ત્યાગ કરે છે તેની સેવાનો સ્વીકાર ભગવાન કરતા નથી. ભગવાનને ધર્મ અતિશય પ્રિય છે.

પરમ પૂજ્ય શ્રી રામચંદ્રજી ડોંગરેજી મહારાજ

શ્રી પરમાત્માની પ્રસન્નતા કેળવવા માટે સર્વ જીવો સાથે પ્રેમ કરો.

શ્રી ઓધવરામજી મહારાજ.

### જીર્ણોધ્ધારની માહિતી :

(૧) વાંઢાય દ્વારામાં મકાનો તથા મંદિરનો જીર્ણોધ્ધાર. (૨) ઈશ્વર સાગરની પાસે રૂમો તથા બગીચામાં સુધારા વધારા. (૩) અન્નક્ષેત્ર તથા ભોજનાલય. (૪) ગૌશાળા. (૫) રૂમ સંડાસ બાથરૂમ સાથેના રૂમાં શ્રી શાંતીદાસજી ભવનમાં બાંધવાના છે. તે સેવા રૂ.૪૧,૦૦૦ રાખી છે. (૬) ગુરૂ દરબારમાં વાસણો, ગાદલા ગોદડા તથા આશ્રમને લગતી કોઈપણ જરૂરી ચીજવસ્તુ ભેટ તરીકે સ્વીકારવામાં આવશે.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



### શ્રી સદ્‌ગુરૂદેવ શ્રી ઓધવરામજી મહારાજ

**જય જય જય ગુરૂદેવ !**
અનેક વર્ષો વીત્યાં,
શબ્દોનો સાગર ખેડતાં-
આજે અચાનક-

આપશ્રીની ઈશ્વર આરાધનાને,
ઈશ્વરીય સાધનાને,
આપશ્રીનાં રાષ્ટ્ર પ્રેમ અને માનવ પ્રેમને,
આપશ્રીનાં ધર્મ પ્રેમને, ધર્મ સંરક્ષણ
નાં પ્રયાસોને,

શ્રધ્ધાંજલિ આપવા પ્રાપ્ત થયેલા અવસરે-
એક પણ સુયોગ્ય શબ્દ મેળવી શકાતો નથી.
આપશ્રીએ આપની સાધનામાં
ઈશ્વર દર્શન કર્યાં.
આપશ્રીએ પતિતોનાં ઉત્થાન કાર્યોમાં
ઈશ્વર દર્શન કર્યાં.

આપશ્રીએ ધર્મનો રાહ ભૂલેલાઓને-
સનાતન ધર્મનો સાદો-સરળ
અને સનાતન માર્ગ દર્શાવવામાં-
સનાતન ધર્મનાં મૂલ્યો અને
પુરાતનતા સમજાવવામાં-
અને
પુનઃ સત્ય પથ પર લાવી રહેવાનાં
પ્રયત્નોમાંયે સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન કર્યાં.

આપશ્રીએ ગુરૂકુલ સ્થાપ્યું, અંધશાળા સ્થાપી, પાટીદાર છાત્રાલય સ્થાપ્યું, હરિજન છાત્રાલય સ્થાપ્યું, વણકરોનાં સંકટોને વાચા આપી, અછુતોનાં ઉત્થાનનાં કાર્યોમાંયે આપશ્રીએ ઈશ્વર દર્શન કર્યા.

અને.....અને.....અને-

બહુ સંખ્ય ભક્ત ગણ
અનન્ય શ્રધ્ધા સાથે
આપશ્રીની સેવા અર્થે
આતુર હોવા છતાં-

આપશ્રી નિર્મોહ, નિર્લોભ અને નિરપેક્ષ રહ્યા.
બ્રહ્મન પામતાં પર્યંત ઈશ્વર ચિંતનમાં મગ્ન રહ્યા.
સર્વ સંપન્નતા પ્રાપ્ત છતાંયે-
સર્વસ્વને ત્યાગીને,
આપશ્રીની નિસ્પૃહ સાધુતાનાં-
આપશ્રીએ દર્શન કરાવ્યાં.
શું એ-

ત્રિવિધ પુણ્યવતી રામનવમીનું માહાત્મ્ય હશે ?

શ્રી રામ ભગવાનનું પ્રાગટય એજ દિને
આપશ્રીનો જન્મ એ રામનવમીને ત્રિવિધ
પુણ્યદાન કરવાનું માહાત્મ્ય અર્પી ગયો.

આપશ્રીના એ પરમ પુનિત-પુણ્યપદ સાધુ
ચરિત્રને શ્રધ્ધાંજલિ સમર્પણ કરવા વર્ષોથી
ખેડેલો શબ્દોનો સાગર પણ આજે અધુરો
ભાસી રહ્યો છે.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી વિહારી સાહેબથી શ્રી વાલદાસજી સુધી :

ધનજી ભાનુશાલી,
'કડક બંગાલી', ૧૦, જલારામ કૃપા, એસ. ટી. કોલની, ભૂજ

હરિહર સંપ્રદાય એટલે સનાતન ધર્મ અને હરસુરાનંદ પરમહંસ મહારાજ દ્વારા વેદાંત મતના સિધ્ધાંતો ગ્રહણ કરી હમલાપુરીના બાવાશ્રી દેવા સાહેબે હરિહર ઉપાસના સ્વીકારી હતી. તે કારણે હમલાપુરી એ સનાતન ધર્મની ગુરૂગાદી મનાઈ છે. કચ્છનું સનાતન ધર્મનું કોઈપણ ઝરણું હશે તો એનું ઉદ્‌ગમ સ્થાન હમલાપુરીને માની લેવી. આ જગ્યાના હમલાપુરીના-મહંતો થયા -

- બાવાશ્રી દેવાસાહેબ,
- બાવાશ્રી જેઠી રામજી,
- બાવાશ્રી રામસંગજી,
- બાવાશ્રી મોહનરામજી,
- બાવાશ્રી પુરણરામજી,
- બાવાશ્રી મંગલરામજી,
- બાવાશ્રી માધવદાસજી (વર્તમાન ગાદીપતિ)

આ જ સંપ્રદાયના એક શિષ્ય વાંઢાય ગામના એક ગરાસદાર વેરોજી મેઘરાજજી ધલ ક્ષત્રિય (જન્મ સંવત ૧૮૦૪) એ બાવાશ્રી રામસંગજીના સમયથી વાંઢાય ગામના રમણિય વાતાવરણમાં વાંઢાય પરંપરાની શરૂઆત કરી, જે આજ દરેક સનાતની માટે 'કચ્છની કાશી ' તરીકે મનાય છે. આ પરંપરામાં થયેલા સંતો -મહંતો તરફ જોઈએ તો-

- બાવાશ્રી વિહારી સાહેબ (સં. ૧૮૦૪),
- મહારાજશ્રી ક્ષેમદાસજી,
- મહારાજશ્રી ઈશ્વરરામજી,
- મહારાજશ્રી લાલરામજી,

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



- મહારાજશ્રી ઓધવરામજી,
- મહારાજશ્રી દયારામજી,
- મહારાજશ્રી શાંતિદાસજી,
- મહારાજશ્રી કરશનદાસજી, (વર્તમાન ગાદીપતિ)

આ વાંઢાય પરંપરાના શિષ્યોએ કચ્છમાં જુદી જુદી જગ્યાઓએ જે આશ્રમો સ્થાપ્યાં તે છે -

- હરદ્વાર કચ્છી આશ્રમ : ઓધવરામજી મહારાજે સંવત ૨૦૦૯ માં કચ્છના સનાતનીઓ માટે સપ્તઋષિના કિનારે આશ્રમની સ્થાપના કરી. હાલે શ્રી વાલદાસજી મહારાજ તેના અધ્યક્ષ છે અને હરિદાસજી વહીવટ સંભાળે છે.
- મંજલ (યક્ષ) : મંજલના સેવક ભાટીયા ઠા. વાલજીભાઈના પુત્રી રૂક્ષ્મણીબેન જે લગ્ન થયે છ મહિને બાળવિધવા થયાં હતાં એમણે 'સાધ્વી મૈયાજી' નામાભિ માન કરી આ આશ્રમની સ્થાપના કરી. સેજબાઈ ફૂઈથી હાલે સાધ્વી દૈવીશ્રી વહીવટ સંભાળે છે.
- ભોજાય : બાશ્રી જેઠીબાએ આ આશ્રમની સ્થાપના કરેલી. હાલે કોઈ ઉત્તરાધિકારી નથી. આશ્રમ બંધ છે.
- ભીમપર : સાધુ શંભુ પ્રસાદે સ્થાપના કરી.
- વમોટી મોટી : દ્વારાની સ્થાપના સાધુ લાલરામજીએ કરી પણ પાછળથી તેઓ સંસારી બની જતાં દ્વારો બંધ થયો છે.
- ઝુરા : ઠાકરમાયે દ્વારાજી સ્થાપના કરી. હાલે એક માતાજી છે.
- કેરા : કેરાના ખોજાકુટુંબના શ્રી ઈસ્માઈલ ભગતે આ દ્વારાની સ્થાપના કરેલી. અત્યારે સાધુ ધરમદાસજી છે.
- નિરોણા : આ દ્વારાની સ્થાપના સાધુ ચતુરદાસજીએ કરેલી. હાલે તેઓ દ્વારો ચલાવે છે.
- ભુજ કબીર મંદિર : સાધુ લક્ષ્મણદાસજીએ સ્થાપના કરેલી. હાલે સાધુ શ્યામદાસજી સાહેબ છે.
- કોટડી મહાદેવપુરી : આ દ્વારાનો લોપ થયો છે.
- ટંડા અલાયા (સિંધ-પાકિ.) : આ દ્વારાનો પણ હાલે લોપ થયો છે.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ઉપર જણાવેલ વિગતે આ હરિહર સંપ્રદાય એક મોટા વટવૃક્ષની જેમ ભાગ્યશાળી ભૂમિ કચ્છમાં પથરાયેલ છે અને તેની વડવાઈઓ કચ્છ બહાર પણ દેખા દે છે.

આ સંપ્રદાયની ગુરૂગાદી એટલે હમલાપુરી. હમલાપુરી એટલે બાવાશ્રી દેવા સાહેબ જાગીર. એ બંને એકબીજાના પર્યાય છે.

હમલા પુરી કે હમલા-મંજલ એટલે હરિહર સંપ્રદાયની ગુરૂગાદી. હમલાપુરીની ગુરૂગાદી એટલે બાવાશ્રી દેવા સાહેબ જાગીર. બાવાશ્રી દેવા સાહેબ જાગીર એટલે સનાતન ધર્મની ગંગોત્રી અને મહારાજશ્રી ઈશ્વરરામજીની તપોભૂમિ.

ક્યા નામે જાણીયે હે, પુણ્ય - પવિત્રા તને !

આ સંપ્રદાયના સાધુઓએ શ્વેત વસ્ત્રો પહેરવા પડે છે. લાંબી બાંયનું ચુડદાર પાસાંબંધ કેડીયું, માથે ભારાશાઈ કચ્છી પાઘડી, ખભે ખેશ અને સૂરતી પટ્ટા-કિનારાવાળી ચારછેડે ધોતી પહેરવી પડે. રૂદ્રાક્ષ માળા, બરખો, ત્રિપુડ વગેરે ધારણ કરવા પડે.

એક દુવામાં કહેવાયું છે કે-

હમલા ગંગ ગોદાવરી, હમલા હય હરદ્વાર
અડસઠ તીરથ નીત વસે ગુરૂ દેવા કે દરબાર.

### વાંઢાય પરંપરા

બાવાશ્રી દેવા સાહેબના ચાર શિષ્યો હતા એ પૈકી ચોથા શિષ્ય વિહારી સાહેબથી વાંઢાય પરંપરાની શરૂઆત થઈ હતી.

વાંઢાયના ગરાસદાર મેઘરાજજી ધલ ક્ષત્રિયને ત્યાં સંવત ૧૮૦૪ માં વેરોજી નામે પુત્ર નો જન્મ થયો. પૂર્વજન્મના સંસ્કાર ના બળે ગુરૂદેવા સાહેબની આજ્ઞા માની સંસારી બન્યા અને જેઠુજી તેમ જ હરિબા નામે બે સંતાનોના પિતા થયા અને સંસાર ત્યાગી ' વિહારી સાહેબ 'નામ ધારણ કર્યું અને વાંઢાય દ્વારાની સ્થાપના કરી. ત્યાર બાદ એમણે ભુજની પીગળશાળામાં નાની ખાખરના જાડેજા કવિ ઉન્નડજી પાસે વિદ્યાભ્યાસ કરી, પીગળ શીખ્યા.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



એમના શિષ્યો થયા હરિદાસજી, ક્ષેમદાસજી, નારણદાસજી, રાઘવદાસજી.

એમનું શરીર શાંત થતાં, પટશિષ્ય ક્ષેમદાસજી ગાદીએ આવ્યા.

### પ. પૂ . શ્રી ક્ષેમદાસજી

ક્ષેમદાસજીનું શરીર ચારણકુળ નું હતું અને તેઓ નાનપણથી પ્રજ્ઞાચક્ષુ હતા છતાં એમણે સંતસેવા અને અન્નદાન કરવામાં કોઈ કમી રાખી ન હતી. એમણે નાગ્રેચા, ભીમપર વગેરે જગ્યાએ ઠાકર મંદિર બાંધવા પ્રેરણા આપી હતી.

એમના શિષ્ય હતા ઈશ્વરરામજી.

### પ. પૂ. શ્રી ઈશ્વરરામજી

રાત બરાબર જામી હોય, ચારે તરફ શાંતિ પથરાયેલી હોય અને ક્યાંક દૂરથી મધુરકંઠે હરિનામ લેવાતું હોય કે -

હાલો હાલો તો વાંઢાય હાલીએ રે,
મળી સંતોને મહાસુખ માણીએ રે...
હાલો હાલો તો વાંઢાય હાલીએ રે.

એવા એ વાંઢાય ગામને ઈશ્વરનગર બનાવનાર , 'ઈશ્વર કાં પરમેશ્વરા' જેવી ઉક્તિને સાર્થક કરનાર બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી ઈશ્વરરામજી સિધ્ધપુરૂષ હતાં.

અબડાસા તાલુકાના નાંદરા ગામના કટારમલ નુખનાં ભાનુશાલી હંશરાજભાઈ અને માતા કુંવરબાઈના ઘેર સંવત ૧૮૪૫ ના અશ્વિન સુદીરને સોમવારના પુત્ર જન્મ થયો. નામ રાખ્યું ઈશ્વર.

દુષ્કાળભૂમિ કચ્છમાં સૂકી ખેતી પર નભતાં આ કુટુંબને, એક દુષ્કાળમાં કચ્છ છોડી ટંડા અલાયા (સિંધ-પાકિ.) માં હંશરાજભાઈના બહેન ત્યાં રહેતા હતાં ત્યાં જવાનું થયું. અહિના જુરડા ગામમાં સેવારામજીના શિષ્ય ચરણદાસજી દ્વારો ચલાવતાં હતા ત્યાં કથા વગેરેના ધાર્મિક વાતાવરણમાં બાળક ઈશ્વરને ધર્મના સંસ્કારો મળ્યાં. અહીં જ કુવામાંથી પાણી સિંચતા રેંટના રાંઢવામાં પગ આવી જતાં તેઓ અપંગ બન્યા. વળી, અહીં જ એમના પિતાનું અવસાન થયું આ કારણે અરજાણદાસજીએ કચ્છ હમલા - મંજલમાં દેવા સાહેબ દરબારમાં

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



મોકલ્યો અને અહીં જ ક્ષેમદાસજીના દર્શન થયા અને એમને ગુરૂ તરીકે સ્વીકાર્યા. ગુરૂએ શિષ્યનું નામ રાખ્યું ઈશ્વરરામજી.

વાંઢાય દ્વારાને ઈશ્વરરામજીએ ખૂબ જ વિકસાવ્યો. તેઓ એક સિદ્ધપુરૂષ મનાતા અને એ માટે ઘણા ચમત્કારો એમના જીવનમાં વણાંયેલા જોવામાં આવ્યાં છે. અહીં એક નાની તરાવડી હતી ત્યાં સંવત ૧૯૪૮ માં સેવક વાલજીભાઈએ મુંબઈમાં કરેલા ફાળાની રકમ રૂપિયા પોણો લાખમાંથી એક મોટા તળાવનું આયોજન થયું. નામ રાખ્યું ઈશ્વર સાગર.

મંજલના ભાટીયા ઠા. વાલજીભાઈના દીકરી રૂક્ષ્મણીબેન લગ્ન પછી છ મહિને બાળ વિધવા થતાં, ઈશ્વરરામજીએ સંતોપદેશ કરી, એમને શિષ્યાં બનાવ્યાં અને નામ આપ્યું 'સાધ્વી મૈયાજી'. સાધ્વી મૈયાજીએ જમાનામાં મંજલમાં વિધવા આશ્રમ શરૂ કર્યું હતું તથા કન્યાશાળાની સ્થાપના કરી હતી.

એક ધ્યાન ખેંચે એવી વાત એ છે કે તેઓ વાંઢાય દ્વારાના ગાદી પતિ હતા એ દરમ્યાન હમલા-મંજલના બાવાશ્રી રામસંગજીનું શરીર શાંત થતાં, હમલાં-મંજલની ગાદીએ પણ ઈશ્વરરામજીની વરણી થઈ હતી અને 'ચદરવિધિ' થઈ હતી. બે સંસ્થાઓમાં એકીસાથે ગાદીપતિ બનવાની ઘટના ભાગ્યે જ બનતી જોવામાં આવે છે.

સંવત ૧૯૫૩ ના આષાઢ વદ ૨ ના બ્રાહ્મમુહૂર્તમાં તેઓ 'હરિહર ૐ શાંતિ'નું રટણ કરતા દેવ થયા.

એમના શિષ્યો હતા. લાલરામજી, નારણદાસજી, ગરીબદાસજી, મુંદરાના તેજબાઈમા, ભોજાયના બાશ્રી જેઠીબા, કેરાના ખોજા જ્ઞાતિના ઈસ્માઈલ ભગત.

### શ્રી લાલરામજી

ઈશ્વરરામજીના પટ શિષ્ય હતા ગરીબદાસજી. કુકમાના મિસ્ત્રી જ્ઞાતિનું પિંડ ધરાવતા નાનજીભાઈ મિસ્ત્રીને સંવત ૧૯૫૫ ના આષાઢ સુદ ૧૫-ગુરૂપૂર્ણિમાના દિવસે સવારના દશ વાગે ઈશ્વરરામજીની સમાધિ પર એમને સાધુપદની દીક્ષા અપાઈ હતી. એટલે વાંઢાયની ગાદીએ ગરીબદાસજી આવવા જોઈએ. પરંતુ, ઉપલબ્ધ માહિતી પ્રમાણે મહારાજશ્રી ઈશ્વરરામજી પછી વાંઢાયની ગાદી માટે એમના શિષ્યોમાં ભેદભાવ ઊભા થયા હતા. એ કારણે પટશિષ્ય ગરીબદાસજીને એ ગાદી મળી નહિ અને આ કારણે એમણે પોતાના પૂર્વાશ્રમના ગામ કુકમામાં જઈ નિવૃત્તિ આશ્રમની સ્થાપના કરી ત્યાં ભક્તિ કરવા લાગ્યા. બીજી બાજુ વાંઢાયની ગાદીએ મહારાજશ્રી ઈશ્વરરામજીની છબિ મૂકી, છબિને 'ચરદવિધિ' કરવામાં આવી હતી. આ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



વ્યવસ્થા સંવત ૧૯૫૩ થી (ઈશ્વરરામજીના દેહવિલયથી) સંવત ૧૯૭૧ સુધી ચાલુ રહી હતી.

વખત જતાં, અમુક શિષ્યોએ અન્ય દ્વારાઓની સ્થાપના કરતાં તેમજ કેટલાક શિષ્યોના દેહવિલય થતાં, તત સમયના હમલા-મંજલ જાગીરના બાવાશ્રી પુરણરામજીએ રસ્તો કાઢ્યો. શિષ્ય લાલરામજીને ૧૯૭૧ માં વાંઢાયની ગાદીએ ચોથા મહંત તરીકે બેસાડયા.

કડવા પાટીદાર જ્ઞાતિનું પિંડ ધરાવતા, પૂર્વાશ્રમના લાલજી પટેલ મહારાજશ્રી લાલરામજી થયા. એ સમયે એટલે સનાતન ધર્મની કસોટીનો સમય હતો. 'પીરાણા પથ' માં જવા એક ગાડરીયો પ્રવાહ શરૂ થયો હતો. જેમાં કડવા પાટીદારોનો પ્રવાહ મોટો હતો. લાલરામજીએ સનાતન ધર્મ માટે ભારે મહત્ત્વનું કામ કર્યું. પૂર્વાશ્રમની પોતાની જ્ઞાતિના સભ્યો આ ગાડરિયા પ્રવાહમાંથી બહાર આવે એ માટે એમણે અતિ મહત્વનું કામ કર્યુ છે.

પરંતુ કુદરતની ગત ન્યારી છે ! સંવત ૧૯૭૧ માં જ ગાદીએ આવેલા લાલરામજી મહારાજ એ જ વર્ષના મહાવદ ૨ ના રોજ, એક જ વર્ષની ગુરૂગાદીની સેવા કરી દેવ થઈ ગયા.

શ્રી લાલરામજીના શિષ્યો હતા કેશવરામજી અને યુગલરામજી. પરંપરા પ્રમાણે આ બે શિષ્યોમાંથી વાંઢાયની ગાદી માટે પસંદગી થવી જોઈએ. પરંતુ તેમ થયું નહિ. આ પ્રમાણે ફરીથી વાંઢાયની ગાદી સંવત ૧૯૭૧ થી સંવત ૧૯૭૬ સુધી ગાદીપતિ વગરની રહી. આખર, લાલરામજીને ગાદીએ બેસાડનાર હમલા-મંજલની ગાદીના બાવાશ્રી પુરણરામજીએ લાંબો વિચાર કરી, પોતાના પ્રથમ શિષ્ય ઉધ્ધવદાસ -કે જેઓ આગળ જતાં ઓધવરામજી મહારાજ તરીકે જાણીતા થયા ને પસંદ કર્યાં.

ઉધ્ધવદાસજીના પ્રથમ ગુરૂ બાવાશ્રી પુરણરામજી. પણ ગુરૂના ઉગ્ર સ્વભાવ અને તેજ આગળ ટકી ન શક્યા. ચેલો મુંબઈથી રજા વગર ભાગી નીકળી વાંઢાય દ્વારામાં રહ્યો અને અંતે લાલરામજીએ શિષ્ય તરીકે સ્વીકાર કર્યો.

### પ. પૂ. શ્રી ઓધવરામજી

'ઉધ્ધવદાસ'' માંથી ઓધવરામજી નામાભિમાન ધારણ કરનાર મહારાજશ્રી ઓધવરામજીએ સંવત ૧૯૭૬ માં ગુરૂ લાલરામજીનો ભદ્રા ઉત્સવ કર્યો અને બાવાશ્રી પુરણરામજીએ ઓધવરામજીના નૂર અને હીર બંને પારખી લીધાં અને ભદ્રા ઉત્સવ પછી તરત જ સંવત ૧૯૭૬ માં ઓધવરામજી વાંઢાય ગાદીના પાંચમા મહંત તરીકેની 'ચદરવિધિ' મેળવવા ભાગ્યશાળી થયાં.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



અહીં એક જોગાનુજોગ પણ જુઓ : વાંઢાય ગાદીથી ઘણા વર્ષો પહેલા શરૂ થયેલ ગુરૂગાદી હમલા-મંજલમાં પાંચમા ગાદીપતિ હતા બાવાશ્રી પુરણરામજી અને એ પાંચમા ગાદીપતિએ જ વાંઢાયની ગાદી માટે પાંચમા મહંત તરીકે મહારાજશ્રી ઓધવરામજીની વરણી કરી !

એમ કહેવાય છે કે હરેક મોટા માણસના ઘડતરમાં એક યા બીજા સ્વરૂપે સ્ત્રી છુપાયેલી હોય છે. એ સ્ત્રી માતા સ્વરૂપે હોય, પત્ની સ્વરૂપે હોય કે પ્રેયસી સ્વરૂપે પણ હોઈ શકે .

અબડાસા તાલુકાના જખૌ ગામે ખેડૂત હેમરાજ ભાનુશાલી રહે. એમને સૌ 'ભગત' કહેતાં. એમના પત્ની ચાગબાઈ ધર્મપરાયણ હતાં. એમણે પોતાના પતિ હેમરાજને ધર્મનું શિક્ષણ લેવા ઠેઠ સિંધ-બેલા (સિંધ - પાકિ.) ગામમાં એક મહાત્મા પાસે મોકલ્યા હતા. બે વરસની સંતસેવા પછી હેમરાજ ભગત, 'તમારે ત્યાં એક પુત્ર થશે-એ સંત હશે'... તેને સંસારમાં નાખશો નહિ...! એવા સત- આશિષ મેળવી જખૌ પરત આવ્યા હતા.

હેમરાજ -ચાગબાઈ દંપતિને ભાણજી નામે એક પુત્ર હતો અને સંત વચન પ્રમાણે, સંવત ૧૯૪૫ ના ચૈત્ર સુદ ૯ એટલે કે રામનવમીના દિવસે બીજા પુત્રનો જન્મ થયો. સમય પ્રમાણે કુંડળી મંડાઈ અને નામ રાખ્યું 'ઉધ્દ્વદાસ'.

કૃષ્ણના જન્મ પછી ગોકુળવાસીઓના મન આનંદિત થયા હતા તે જ રીતે, ઉધ્દ્વના જન્મથી આ દંપતિના ઘરમાં એક જાતનું આનંદિત વાતાવરણ ઉભું થયું હતું. ઘરની દિવાલે-દિવાલે અને દરેક વસ્તુમાં કંઈક અલૌકિક દેખાતું હતું એમને !

માતા ચાગબાઈમા અને પિતા હેમરાજ ભગતના ધર્મના સંસ્કારો એટલે 'પડી પટોળ ભાત, ફાટે પણ ફિટે નહિ...' એવા સંસ્કારો ઉધ્દ્વમાં સિંચાયા. કોઠારા સામેના ગામ ખીરસરાના શાંકરમતના વિધ્દાન સ્વામી શંકરાનંદજી રહે. તેઓ વિદ્યાના સ્વામી હતા. એમનું એક કથા પ્રસંગે જખૌમાં આગમન થયું. માતા સાથે કથા સાંભળવા આવેલા બાળ ઉધ્દ્વને જોઈ ભવિષ્ય ભાખ્યું. 'માતા, આ બાળક એક મહાપુરૂષ થશે અને આપની કુખ અજવાળશે...' એમણે માગણી કરી અને માતાએ બાળ ઉદ્દળને ધર્માભ્યાસ માટે સ્વામીને સુપ્રત કર્યો.

સ્વામી શંકરાનંદજી પાસે ગાયો હતી. પણ કુખ્યાત છપ્પનિયા દુષ્કાળમાં આ ગાયોની સેવા કરવાની તક અગિયાર વરસના બાળ ઉધ્દ્વને મળી હતી. એમાં આ છ માસના અભ્યાસ દરમ્યાન એના પરથી બે ઘાત ગઈ હતી. શ્રાવણ માસમાં ગાયો માટે ખાણ રાંધતા કપડાં સળગ્યાં અને આશ્રમના અંતેવાસી અમરબાઈમાએ એમાંથી બચાવ્યા તે તેમ જ એ જ માસમાં એ જ સ્થળે કુવામાંથી પાણી સિંચતાં રાંઢવું પગમાં ભરાયું અને ઉંધા ફરતા રેંટથી બાળક ડોલ સહિત પડયો કુવામાં અને રવના સેવક રવાજી જાડેજાએ કુવામાંથી બહાર

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



કાઢયો અને પીવાઈ ગયેલું પાણી ઓકાવી જીવનદાન અપાવ્યું એ બીજી ઘાત.

પિતા હેમરાજ બારદાનના ધંધામાં મુંબઈ ગયા અને ત્યાં જ અવસાન પામ્યા, એટલે બંને ભાઈઓ જખૌમાં ખેતીકામમાં લાગી ગયા. પણ એક દુષ્કાળમાં એમને સૂકીખેતી મૂકવી પડી અને ઉધ્ધવને બારદાનના ધંધા માટે મુંબઈની વાટ પકડવી પડી.

કામની ધગશને કારણે ફેરિયામાંથી ઉધ્ધવ-શેઠ તુલસીદાસ લધાની પેઢીમાં મુકાદમ બની ગયો. બીજી બાજુ જુવાન ઉધ્ધવમાં 'મુંબઈની હવા પ્રસરી ગઈ હતી અને જુવાની ઉગી નીકળી હતી...' 'મા, મારૂ સગપણ ક્યારે કરશો ? હું મોટો થઈ ગયો છું...'

પણ કુદરત તો જુઓ ? કેટલા ખેલ કરે છે. રાત્રે રખડવાના સમયે સત્ય વાદી હરિશ્ચંદ્રનું આખ્યાન સાંભળવા જતાં, પૂર્વનાં ધર્મના સંસ્કારો જાગૃત થયાં. આત્માએ પુકાર કર્યો -'ઉઠ, સૂતો શું છે ? સંતસેવા કર...' અને એ દિવસથી ઉધ્ધવનો રસ્તો બદલી ગયો. દિવસે શેઠ તુલસીદાસ લધાની પેઢીનું કામ કરે અને રાત્રે બેસે ભજનમાં.

ત્યાં સંવત ૧૯૬૭ માં ઈશ્વરે એક જોરદાર ઝાટકો આપ્યો. એ પેઢીનો રાતપાળીનો માણસ રજામાં હોતાં ઉધ્ધવને રાતપાળી મળી. સવારે ગોદીથી ઘોડાગાડીમાં બેસી પેઢીએ આવ્યા પણ લાખો રૂપિયાના માલના વોચર ઘોડાગાડીમાં ભૂલાઈ ગયા ભારે થઈ. વોચર વગર માલ મળે નહિ અને વોચર રહી ગયા ઘોડાગાડીમાં. લાખો રૂપિયાના માલની વાત હતી અને શેઠની પેઢીની શાંખનો સવાલ હતો.

પ્રભુનું નામ સ્મરી હૃદયથી પ્રાર્થના કરી, 'હે મારા નાથ, શેઠ અને શેઠની પેઢીની લાજ રાખજે. હું આ સંકટમાંથી પાર ઉતરૂ તે જ ઘડીએ આ મુંબઈને રામ રામ કરીશ અને તારૂ નામ લઈશ....'

સાચા હૃદયની પ્રાર્થના ભગવાને સાંભળી હોય તેમ, નરસૈયાંના બાપાનું શ્રાધ્ધ કરાવી નાગરી નાતને સોનાનાં પાત્રોમાં જમાડી તેનું દાન કરનાર હજાર હાથવાળાએ શ્રધ્ધાનાં દીપક અજવાળ્યાં. પેલો ગાડીવાન શોધતો શોધતો શેઠની પેઢીએ આવ્યો અને ભૂલાઈ ગયેલા વોચર પરત કરી ચાલ્યો ગયો. બસ, આઠ વરસની મુંબઈ ની નોકરીને રામ રામ કરી દીધા. એ દિવસે રવિવાર હોતાં શેઠ પેઢીએ આવ્યા ન હતા એટલે પોતાની પાસેનો પેઢીનો સઘળો હિસાબ એક કાગળમાં લખી-પત્ર મૂકીને માંડવી જતી સ્ટીમર માં એ જ દિવસે બેસી ગયો બાળ ઉધ્ધવ.

માંડવી ઉતરી ઉધ્ધવે રસ્તો પકડયો હુમલા-મંજલનો. ત્યાં વેદાંત પારંગત બાવાશ્રી પૂરણરામજી ગાદીપતિ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



હતા. શીશ નમાવી રહેલા બાળ ઉદ્ધવને પૂરણરામજીએ કંઠી બાંધી. સેવકની સેવાથી બાવા પૂરણરામજીને સંતોષ હતો એટલે એઓ હરેક જગ્યાએ આ સેવકને સાથે લઈ જતા. સિંધ અને મુંબઈ પણ સાથે લઈ જતા. આવી જ મુંબઈની એક ટૂરમાં સંવત ૧૯૭૦ માં સેવક ઉદ્ધવ બાવાશ્રી સાથે મુંબઈમાં ફસાયો. જે જગ્યાએથી છૂટકારો મેળવી ભાગ્યો હતો એ જ જગ્યાએ આત્મા ફસાતો હતો અને બાવો તો મુંબઈના સેવકોની સેવામાંથી નવરો નહોતો થતો. તેમ સેવકને રજા પણ નહોતો આપતો.

આખરે, જાદવજી રતનસી ભાનુશાલી પાસેથી રૂપિયા દશ ઉધારા લઈ સેવક ઉદ્ધવ ભાગ્યો કચ્છ. અહીં સ્ટીમરમાં ગજબનો ઘાટ ઘડાયો. રાત્રે અગિયારની આસપાસ મુસાફરો સૂઈ ગયા હતા ત્યારે દરિયાઈ તુફાન આવી ચડયું. સૌ ભાગદોડમાં પડયા. દરિયાનાં રાક્ષસી મોજાં સ્ટીમર સાથે અથડાતાં હતાં. સ્ટીમર હાલક-ડોલક થવા લાગી. ચારેબાજુ આક્રંદ અને આતંક ફેલાઈ ગયો. ફક્ત ઉદ્ધવ જ શાંત ચિત્તે બેસી રહ્યો. એણે સૌને કહ્યુ, 'ગભરાવ નહિ સંતો...પ્રભુનું નામ સ્મરણ કરો....' એમ કહી એણે રામધૂન શરૂ કરી. સ્ટીમરનો કપ્તાન પણ જોડાયો...જેમ જેમ રામધૂનનો અવાજ વધતો ગયો તેમ તેમ દરિયાઈ તુફાન શાંત થવા લાગ્યું.

રામધૂનની કુદરત પર અસર થઈ. તુફાન શમી ગયું...ચમત્કાર થયો....

એ દિવસે સ્ટીમરમાં મુંબઈથી માંડવી મુસાફરી કરી રહેલાં નિરોણાના એક બહેન શ્રીમતિ દેવકીબાઈ વિશનજીએ, ઉદ્ધવની પ્રભુ પરની આસ્થા જોઈ એક ગીત લખ્યું-જે સંત સમાજમાં પ્રચલિત છે.

માંડવી ઉતરી ઉદ્ધવ હવે ગયો વાંઢાય દ્વારાના ચોથા ગાદીપતિ મહારાજશ્રી લાલરામજી પાસે. કેમકે, હમલા દ્વારામાં પૂરણરામજી હવે તેને પેસવા આપે તેમ ન હતા. લાલરામજીએ કહ્યુ, 'તું અમારી ગુરૂગાદી હમલા-મંજલનો શિષ્ય છો અને ગુરૂગાદીની આજ્ઞા વિના અમે તને અહીં રાખી શકીએ નહિ...' પણ આખરે તેઓ માન્યા.

બીજી બાજુ બાવા પૂરણરામજીને સેવક આજ્ઞા વિના ભાગી ગયાની જાણ થતાં તેઓ ધૂંઆપૂંઆ થતા આવ્યા સીધા વાંઢાય. ત્યાં સેવકને જોયો - સેવકે ગુરૂને જોયાં. ગુરૂના ગુસ્સાનો કંઈ પાર નથી.

રાત્રે મોડેથી, ઉદ્ધવ બાવાની પગચંપી કરવા બેસી ગયો. બાવાએ લાતોનો પ્રહાર કર્યો. છતાં ઉદ્ધવ ઉઠયો નહિ અને બે હાથ જોડી કહ્યુ, 'પૂજય, હું આપનો જ છું અને આ વાંઢાય આશ્રમ પણ ગુરૂ દેવા સાહેબનો છે. આપને વળી હમલાપુરી અને વાંઢાય અલગ ક્યાં દેખાયા ?'

ગુરૂ સમજી ગયા. ત્યાં રહેવાની પરવાનગી આપી અને એ રીતે ઉદ્ધવને સંવત ૧૯૭૦ માં લાલરામજીએ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



શિષ્ય તરીકે 'મૂંડી' ઓધવરામજી નામાભિમાન આપ્યું.

અહીં શિષ્યે સંસ્કૃત અને ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો.

ઓધવરામજીના વિદ્યાગુરૂ ચાર. ખીરસરા સ્વામી શંકરાનંગદજી પહેલા વિદ્યાગુરૂ. જખૌના શાસ્ત્રી રઘુનાથ મુલજી શર્મા બીજા વિદ્યાગુરૂ-જેમણે 'પાણિનિ' વ્યાકરણ તથા 'કાવ્યકોશ' ની શિક્ષા આપી. ત્રીજા વિદ્યાગુરૂ બાવાશ્રી પુરણરામજી. એમણે શબ્દ રૂપાવલી, ધાતુ રૂપાવલી, સમાસચક્ર તથા પંચબંધીનો અભ્યાસ કરાવ્યો. ચોથા વિદ્યાગુરૂ લાલરામજી. અહીં ચિંતન, મનન, આત્મદર્શન અને ઈશ્વર સાનિધ્ય અને વૈરાગ્ય શતકનું જ્ઞાન મળ્યું એક વિશેષ છોગુ પણ ઉમેરાયું. લાલરામજીએ પોતાના અંતકાળે, યોગ્ય પાત્ર જોઈ ગુપ્ત આત્મજ્ઞાન તેમ જ આત્માનંદનો અપરોક્ષ અનુભવ કરાવ્યો.

એ બધા વિદ્યાગુરૂઓ પોતપોતાના ક્ષેત્રમાં પ્રકાંડ પંડિતો હતા. એમની પાસેથી અભ્યાસમાંથી પારંગતતા મેળવી ઓધવરામજીએ

ગુરૂ લાલરામજીનું શરીર શાંત થતાં, સંવત ૧૯૭૬ માં આશ્રમની જવાબદારી શ્રી ઓધવરામજી મહારાજ ઉપર આવી પડી. પણ પોતાની ઈચ્છા પરિશ્રમ કરવાની હતી- આશ્રમની જંજાળથી દૂર રહેવાની હતી જેથી ઈશ્વર-આશ્રમનો સઘળો વ્યવહાર સાધુ દયારામને સોંપી, સેવકોને સતસંગનો લાભ આપવા મહારાજશ્રી વિચારવા લાગ્યા.

કેરામાં એક અનોખા ભક્તનો સંપર્ક થયો. ખોજા કુટુંબ ના શ્રી ઈસ્માઈલ ભગત નાતજાતના ભેદથી પર રહી હરિભક્તિ કરતા હતા. એમણે પોતાનો દ્વારો મહારાજશ્રીને ભેટ કર્યો.

મહારાજશ્રી એક વખત મુંબઈ હતા ત્યારે જખૌથી માતાજી ચાગબાઈમાનો તાર આવ્યો. 'દેશમાં ભાઈ ભાણજી સ્વર્ગે સિધાવ્યા છે....' તાર વાંચી મહારાજશ્રી જખૌ પધાર્યા-માતાજીને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું.

સંવત ૧૯૭૫ ના અરસામાં સેવક વાલજીભાઈ ભાટીયાના યુવાન દીકરી રૂક્ષ્મણીબેન વિધવા થયાં-આગળ જતાં તેઓ 'સાધ્વી મૈયાજી' નામે જાણીતા થયાં હતા. તેઓ મહારાજશ્રીના શિષ્ય થયાં હતાં.

પરિભ્રમણ દરમ્યાન, મૈયાજીનો એક સંદેશ મહારાજશ્રીને મળ્યો. 'ઈશ્વર-આશ્રમનો વહીવટ ભગવાન ભરોસે છે... વહેલા પધારો. શ્રી ગુરૂદેવની સેવા એ જ વિદ્યાનું ફળ છે...' એવી ગુરૂઆજ્ઞાનું સ્મરણ થતાં એઓશ્રી સંવત ૧૯૭૫ ના વૈશાખ માસમાં વાંઢાય પધાર્યા.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



વાંઢાય આશ્રમમાં તે સમયે ફક્ત ૨૮ કોરી સિલક હતી તેમાં પોતાની અંગત સિલક કોરી ૨૦૦ ઉમેરી આશ્રમનો વહીવટ કાળજીપૂર્વક પાટે ચડાવ્યો. આશ્રમના સાધુઓનો વિદ્યાભ્યાસ ચાલુ રખાવ્યો.. બપોર બાદ આ શ્રમમાં નિયમિત કથા કરતા...એમ કહેવાય છે કે મહારાજશ્રી સુંદર ગાઈ શકતા હતા અને તે હૃદયથી ગાઈ શકતા હતા.

### નિસ્પૃહી મહારાજશ્રી

આપણે શરૂથી જોતા આવ્યા છીએ કે મહારાજશ્રી બિલકુલ નિસ્પૃહી હતા. એમને આવી જંજાળો ગમતી નહિ એટલે એઓ અવારનવાર આશ્રમની જવાબદારીમાંથી મુક્ત થવા માગતા હતા. સાધુ જાનકીદાસને ઉપમહંતપદે વરણી કરાવી 'ચદરવિધિ' કરાવી. પણ જાનકીદાસ ચાહ-બીડીના વ્યસનમાંથી બહાર ન આવતાં મહારાજશ્રી એ તેને ઉપમહંતપદેથી દૂર કરી ફરીથી આશ્રમનો વહીવટ સંભાળ્યો.

### શિક્ષણશાસ્ત્રી ઓધવરામજી

ઓધવરામજી મહારાજશ્રીના જીવનનાં વિધવિધ પાસા જોતાં જણાય છે કે એઓશ્રી તે સમયના નહિ પણ આજે પણ અહોભાવથી મૂલવવા પડે એવા શિક્ષણશાસ્ત્રી હતા. એમણે સૂપા ગુરૂકુળના વહીવટનો અભ્યાસ કર્યો અને 'સૂપા જેવું ગુરૂકુળ કચ્છમાં કેમ ન થઈ શકે ? એવા વિચારને મનમાં ઘૂંટવા લાગ્યા.

આ માટે મહારાજશ્રી મુંબઈ ગયા. મિસ્ત્રી કોમની શ્રમજીવી વસ્તીનાં ગામોમાં ઘૂમ્યા. સેવકોને પોતાના વિચાર જણાવ્યા. પરિણામે, સંવત ૧૯૯૨ માં વૈશાખ માસની અક્ષય તૃતિયાએ ગુરૂકુળની સ્થાપના થઈ. મહારાજશ્રી એક કેળવણીકાર તરીકે-શિક્ષણાશાસ્ત્રી તરીકે બહાર આવ્યા. સંવત ૧૯૯૩ માં એ જ માસે મકાનોનું બાંધકામ પૂરૂ થયું. પછી તો ઈશ્વર નગરમાં જ કચ્છની પ્રથમ અંધશાળાની મહારાજશ્રીએ સ્થાપના કરી સંવત ૧૯૯૩ માં.

સંવત ૨૦૦૨ માં, અનેક સેવકોના ઉગ્ર વિરોધ છતાં મહારાજીશ્રીએ અહીં જ -ગુરૂકુળમાં-હરિજન છાત્રાલયની સ્થાપના કરી. પાટીદાર બોર્ડિંગની સ્થાપના કરી.

સંવત ૨૦૧૦ માં સાબરકાંઠા જિલ્લાના ધનસુરામાં પાટીદાર સમાજની બીજી બોર્ડિંગની સ્થાપના કરી મહારાજશ્રીએ.

સારસ્વતોનાં સંતાન માટે 'સારસ્વત એજયુકેશન સોસાયટી' ની સ્થાપના કરી. આહિર સમાજ માટે

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



છાત્રાલય સ્થાપવાની તૈયારી કરતા હતા...સંગાર કોમ માટે પણ છાત્રાલય થાય તેવી એમની ઈચ્છા હતી. ભાનુશાલી જ્ઞાતિની બોડિંગો શરૂ કરાવી મહારાજશ્રીએ...મુંબઈમાં ભાનુશાલી નગર ઊભું કરાવ્યું મહારાજશ્રીએ...આ સમાજને કેળવણીના ઉચ્ચ માર્ગે લઈ જનાર મહારાજશ્રીને ક્યો સમાજ ભૂલી શકે તેમ છે?

આવા કેળવણીકારને બીજા ક્યા નામે ઓળખીશું ?

### ક્રાંતિકારી ઓધવરામજી :

ઓધવરામજી મહારાજ સાચા સંત હતા. આધુનિક કેળવણીકાર હતા અને એથી વિશેષ ક્રાંતિકારી પણ હતા.

સંવત ૨૦૦૨ ના ચૈત્ર સુદ રામનવમીએ, મહારાજશ્રીએ મંજલમાં હરિજન-વણકર સંમેલન બોલાવ્યું. પૂ. રવિશંકર દાદા આમંત્રણથી હાજર રહ્યા. હરિજનનો પ્રત્યેની આ નિષ્ઠા જોઈ રવિશંકર દાદા બોલ્યા, 'આજે મને સાચા સંતનાં દર્શન થયાં' અને ત્યારથી પૂ. રવિશંકર દાદાના હૃદયમાં મહારાજશ્રીએ કાયમી સ્થાન લઈ લીધું હતું.

આ પહેલાં સંવત ૨૦૦૨ માં ઈશ્વરનગરમાં અંધશાળાની સ્થાપના પણ એમણે કરાવી હરિજન છાત્રાલયની સ્થાપના પણ એમણે જ કરાવી. સેવકોએ ઉગ્ર વિરોધ કર્યો ત્યારે એમણે કહ્યુ, 'છૂતઅછૂત એ હિંદુ ધર્મનું કલંક છે...એમનામાં પણ પરમાત્મા વસે છે... હરિજનોની સેવા પણ પરમાત્માની સેવા છે....'

આશ્રમના એક ઉત્સવ પ્રસંગે, કિંમતી વસ્ત્રો અને આભૂષણો પહેરી મહંત તરીકે વિચરતા મહારાજશ્રીને જોઈ એક સેવકે ઉભરો ઠાલવ્યો, ' જો મહંતો આવા ઠઠેરા કરતા હોય તો આપણને ક્યાં બંધન છે.. .ભા ઈ પહેરે રાખોને તમે પણ દાગીના....' 'મહારાજશ્રીના મનમાં આ વાત ખૂંપી ગઈ અને એ જ ઘડીયે દાગીના અને કિંમતી વસ્ત્રોનો ત્યાગ કર્યો તેમ જ ખાદીની સાદી કફની ઝભો અંગે ચડાવ્યો હતો જે જીવન પર્યંત કાયમ રહ્યો હતો. એઓશ્રી કાયમ રેંટિયો કાંતતા અને હાથે વણેલ ખાદી પહેરતા. એમના ક્રાંતિકારી વિચારોનું આ સીધું આચરણ છે.

મુન્દ્રામાં યુસુફ મેહરઅલીના પ્રમુખપદે જવાબદાર રાજતંત્ર માંગનારાઓનું અધિવેશન મળ્યું. સૌ ભાગ લેવા આવ્યા, ઓધવરામજી પણ ત્યાં પધાર્યાં અને આઝાદી કાજે થનગનતો-મેરામણ જોઈ મહારાજશ્રીએ ભરી સભામાં કહ્યુ, 'મારા દેશ માટે મારો આ દેહ આપવા તૈયાર છું. મેં આ દેશનું લુણ ખાધું છે. તેની સેવા કરવાં હું અને મારા ગુરૂકુળનો સ્ટાફ તેમાં જોડાવાં તૈયાર છીએ. લખો સત્યાગ્રહી તરીકે પહેલું મારૂ નામ... 'અને

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



સભામાં હાજર રહેનારા સ્તબ્ધ થઈ ગયા. ધાર્મિક સંસ્થાનો મહંત આવા ક્રાંતિકારી વિચારતો હોઈ શકે એ કોઈના માન્યામાં આવતું ન હતું. પણ હકિકત ખરી હતી.

આમ એક ક્રાંતિકારીનો જુસ્સો અને આચરણ મહારાજશ્રીના રગેરગમાં હતાં. તે સમયે આઝાદી જંગમાં ભાગ લેનારા શ્રી ભ વાનજી અરજણ ખીમજી, શ્રી હરિદાસ વેલજી, શ્રી પ્રેમજી ભવાનજી, શ્રી ક્રાંતિ પ્રસાદ અંતાણી જેવા અનેક નેતાઓએ એમને બિરદાવ્યા છે.

### આધુનિક ઓધવરામજી :

મહારાજશ્રીનું એક વિશેષ જમા પાસું છે એમનાં આધુનિક વિચોરોનું. ગુરૂકુળમાં ખાદી સંચાલનનાં વર્ગો, ખેતીવાડી, વર્ધા યોજના, ગ્રામોદ્યોગ જેવી અનેક પ્રવૃત્તિઓ એમણે ગુરૂકુળમાં દાખલ કરી હતી. ખેતીવાડી ક્ષેત્રે, ગુરૂકુળ નજીક આશ્રમની વાડી ઊભી કરી હતી અને આધુનિક પધ્ધતિએ ખેતી શરૂ કરાવી હતી. એમ કહેવાય છે કે, કચ્છમાં કુવા ઉપર એન્જિન મૂકી પાણી ખેંચાવી પીયત કરાવનાર મહારાજશ્રી ઓધવરામજી પ્રથમ હતા. વાંઢાયની વાડીમાં મશીનથી પાણી ખેંચાતા જાઈ કચ્છના લેવા પટેલોએ તેનું અનુકરણ કર્યું અને વાંઢાયની આજુબાજુનાં ગામડાં જે ખેતીવાડીમાં અગ્રેસર રહ્યા છે તેનાં બી મહારાજશ્રીની પ્રવૃત્તિમાંથી ઊગેલા છે.

ગુરૂકુળમાં ખેતીવાડીને એક વિષય તરીકે દાખલ કરનાર મહારાજશ્રીએ જોયું કે સમૂહ-શક્તિથી કોઈપણ મુશ્કેલ કામ પાર પાડી શકાય છે. આ વિચાર અન્વયે એમણે ત્યાંની વાડીઓ અને ખેતરોમાં સમૂહ શક્તિ દ્વારા જમીનો સમથળ કરાવી હતી. અને 'કામ કરે ઈ જીતે. રે માલમ, કામ કરે ઈ જીતે...' એ ઉક્તિને સાર્થક કરી બતાવી હતી.

'ગુરૂકુળમાં ધાર્મિકતા, રાષ્ટ્રીયતા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સતત વહેવો જોઈએ' એમ માનતા મહારાજશ્રીના ક્યા પાસાને વિશેષ રૂપે મૂલવશું ? આધુનિક ઓધવરામજી આપને કોટિ કોટિ વંદન....

### સાધુ તો ચલતા ભલા...

આપણે શરૂથી જોતા આવ્યા છીએ કે મહારાજશ્રી ઓધવરામજી આધુનિક વિચારના ક્રાંતિકારી સાધુ હતા. એમને આ સ્વાર્થી દુનિયામા ભૌતિક સુખોમાં રસ ન હતો. એટલે કોઈ જંજાળ એમને ગમતી નહિ. એઓ હંમેશા તીર્થાટનમાં રહી ગુરૂદેવોની અમૃતવાણીનો લાભ સેવકોને આપવા માગતા હતા. આ કારણે એઓ

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



અવારનવાર તીર્થોટનમાં નીકળી પડતા.

એમને વિચાર આવ્યો, 'શેષજીવન હરદ્વારમાં ગાળવા મળે તો કેવું સારૂ...' અને એઓશ્રી સંવત ૨૦૦૫ ના માગસર સુદ ૬ ને મંગળવારના હરિદ્વાર-હરદ્વારમાં પધાર્યા. અહીંની ગુજરાતી ધર્મશાળામાં ઉતર્યાં...હવામાન અનુકુળ જણાયું. પરિણામે, આ જ સાલે ફાગણ માસની સુદ ૯ ને શુક્રવારના રોજ હરદ્વારથી પ્રયાણ કરી ગોકુળ, મથુરા, વૃંદાવન, ચિત્રકુટ, પ્રયાગ, કાશી અયોધ્યા વગેરે તીર્થોના દર્શને ગયા. એ જ વર્ષે ચૈત્ર માસમાં બદ્રીકેદારની યાત્રાએ ગયા.

'તીર્થાટન પછી પોતાના દ્વારાના અને ગુરૂમહારાજોના દર્શન કરવાથી યાત્રાનું ફળ મળે છે...' એવા શાસ્ત્ર કથનને આધારે એઓશ્રી પોતાના દ્વારાના દર્શને આવ્યા. અહીં આવી જોયું કે ગુરૂમહારાજે ખાસ ભલામણ કરી હતી તે બાપુ રામદાસજીનું શરીર સંવત ૨૦૦૮ ની વૈશાખ માસની સુદ ૬ ને બુધવારના ઠંડુ થતાં બધી ઉત્તરક્રિયાઓ કરાવી ઉત્સવ કર્યો. આશ્રમનો સઘળો વહીવટ સાધુ દયારામજીને સોંપી એઓશ્રી ફરી હરદ્વાર પધાર્યાં.

વળી, અહીં સમાચાર મળ્યા કે મંજલમાં ' સાધ્વી મૈયાજી' ના છેલ્લા દર્શન કરવા પધારો મહારાજ...' મહારાજશ્રી મંજલ આવ્યા.

મૈયાજીએ સંવત ૨૦૦૯ ના પોષ સુદ ૦)) ને ગુરૂવારના રાત્રે આઠ વાગે જીવનલીલા સંકેલી લીધી. મહારાજશ્રીએ મૈયાજી પાછળ ભદ્રા ઉત્સવ કર્યો અને મંજલની જગ્યાનો હવાલો સેજબાઈ ફૂઈને સોંપ્યો.

વિચાર કરો તો, ઓધવરામજીએ કેટલા ભદ્રા ઉત્સવ કર્યા. આ ફરજ આ તો જે તે શિષ્યની હતી પણ ભાર ઉતાર્યો ઓધવરામજીએ !

સંવત ૨૦૦૯ માં ફરી હરદ્વાર પધાર્યા. પ્રભુધ્યાનમાં લાગી ગયા.

પણ અહીં હરદ્વારમાં એમણે અનુભવ્યું કે કચ્છના સનાતનીઓને અહીંની યાત્રા માટે અનેક તકલીફો પડે છે. આથી અનુકુળ જગ્યાએ આશ્રમ માટેની જગ્યા શોધી કાઢી. પવિત્ર ગંગાના સાનિધ્યમાં સપ્તસરોવરની જગ્યાએ ગુરૂ લાલરામજીના નામે રૂપિયા એંસી હજારના ખર્ચે તે સમયે 'કચ્છી લાલરામેશ્વરાશ્રમ'નું આશ્રમ ઊભું કર્યું સંવત ૨૦૦૯માં. કચ્છના સનાતનીઓ એમને ક્યારે પણ ભૂલી ન શકે એવું કાર્ય કર્યું.

અહીં રહેવા માટે નિયમો બનાવ્યા જે કડક હતા. શ્રમ કરવો, બાગાયત કરવી અને ખાદી કાંતણ ફરજિયાત હતા. સંતોષથી રહી અને પ્રભુભજન કરવા માટે આ અનુકુળ સ્થળ હતું અને છે.

**પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને**

**જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન**



મહારાજશ્રીને અહીંથી આંખની તકલીફ શરૂ થઈ. અનેક ઉપાય કર્યા છતાં દર્દ જતો ન હતો. આખરે ગુરૂમહારાજનાં શબ્દો યાદ આવ્યા. ચોધાર આસુએ રડી કહ્યુ...'પરંતુ , આજથી મારી પ્રતિજ્ઞા છે કે ગમે તેવો કપરો કાળ આવશે તો પણ હું ગુરૂ ઈશ્વરરામજીથી દૂર ભાગીશ નહિ. ગુરૂદેવ, આપની ગતિ ન્યારી છે... મને માફ કરો...'અને મહારાજશ્રી વાંઢાય આવ્યા.

## હરદ્વાર આશ્રમ

અહીં એમણે વાંઢાયમાં પાટીદાર સમાજ માટે ઉમિયા માતાશ્રીની સ્થાપના કરાવેલી તેમજ પાટીદાર વસ્તીનાં ગામેગામ લક્ષ્મીનારાયણનાં મંદિરો ઊભાં કરાવ્યાં હતા તેનો લાભ સારો લેવાયો હતો અને 'પીરાણા પંથ' માં જતો સમાજ અટકી ગયો હતો. આ કાર્ય સારી રીતે પાર પડ્યું હતું એટલે પાટીદાર સમાજ મહારાજનો હંમેશા ઋણી રહ્યો છે.

ઈશ્વરનગરમાં મહારાજશ્રી આવ્યા ત્યારે શરીર ૬૦-૬૫ નું હતું. અવસ્થા ચાડી ખાતી હતી. અહીં જ રહેવાનું નક્કી કરી હરદ્વાર આશ્રમનો વહીવટ શિષ્ય વાલદાસજીને સોંપ્યો. ટ્રસ્ટી મંડળ બનાવીને સોંપ્યો.

વાંઢાયમાં શિષ્ય દયારામજી દ્વારો સંભાળે અને હરદ્વારમાં વાલદાસજી વહીવટ કરે. મહારાજશ્રી નિવૃત્ત થયા.

ગુરૂકુળ, હરિજન છાત્રાલય, અંધશાળા વગેરે માટે વ્યવસ્થા સમિતિ રચી. આ સમિતિમાં બધા પ્રતિષ્ઠિત આગેવાનો હતા.

ભારત આઝાદ થતાં, આ સંસ્થાઓ સરકારના હાથમાં આવી. સરકારી તંત્રમાં જે હાલ થવા જોઈએ તેવા જ થયા ....અને આજે. ગુરૂકુળનાં મકાનો પાંડુરંગ શાસ્ત્રીજીને સ્વાધ્યાય માટે સોંપાયા છે.

ઉમિયાજીનું મંદિર પાટીદાર સમાજ પાસે છે જે રજિસ્ટર ટ્રસ્ટના રૂપનાં ખૂબ જ વિકસી ગયેલ છે.

## છેલ્લી અવસ્થા :

કાળે મહારાજશ્રીના શરીરને પણ છોડ્યું નહિ. શરીર નબળું થયું, આંખોમાં મોતિયો થયો...ઉછેરી ઊભી કરેલી સંસ્થાઓની વ્યવસ્થા થઈ ગઈ.

છેલ્લી અવસ્થાના સમાચાર મળતાં સેવકો વાંઢાયની વાટે હાલી નીકળ્યા, ને સંવત ૨૦૧૩ ના પોષ સુદ ૧૨ (તા. ૧૩-૧-૫૭) ને રવિવારના મકરસંક્રાતિના રાતે ૮-૧૫ કલાકે ઓધવરામજી મહારાજે છેલ્લા શ્વાસ

1989-04-14 -Odhavram Janshatabdi Smaranika (976)



# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



લીધા.

સમાચાર મળતાં સેવકો ઉમટયાં વાંઢાયમાં જ સમાધિ અપાઈ. શિષ્ય દયારામજીએ મહારાજશ્રી પાછળ ભદ્રા ઉત્સવ કર્યો.

## પરંપરા :

વાંઢાય પરંપરાના દ્વારાના પાંચમા મહંત ઓધવરામજી મહા રાજ પછી છઠ્ઠા મહંતપદે આવ્યા દયારામજી, ૭માં થયાં શાંતિદાસજી અને આઠમા આવ્યા કરશનદાસજી. હાલે કરશનદાસજી ગાદીએ છે.

## પ. પૂ. શ્રી વાલદાસજી :

ગુરૂ શિષ્યની આ પરંપરામાં એક સુ વંદનીય નામ છે પૂ. વાલદાસજી મહારાજનું. એઓ મહંતપદે નથી સ્વભાવે ભલાભોળા, તથા મૃદુભાષી પૂ. વાસદાસજીનું સાનિધ્ય ભાગ્યશાળીઓને જ મળે. એમના દર્શન માત્રથી સનાતનીઓના શાશ્વત શરીરમાં રોમાંચનો અનુભવ થાય છે.

Valdas is not Mahant of Haridwar. Haridwar is just an Yatri Ashram not a religious place

એઓશ્રી હરિદ્વારના 'કચ્છી લાલરામેશ્વરાશ્રમ' ને સુપેરે સંભાળે છે.

## શ્રી ઓધવ સ્મૃતિઓ :

કચ્છમાં સનાતન ધર્મની ધજાને ઉન્નત મસ્તકે રાખનાર ઓધવરામજી મહારાજનાં આજે અનેક સ્મારકો કચ્છ અને કચ્છ બહાર છે. જખૌનું મંદિર, રણુજામાં મુખ્ય બારણા સામે બિરાજતા ઓધવરામજી, જામનગરનું મંદિર, નલીયા પંચાયત સંચાલિત ઓધવ જલધારા, ઓધવ ધૂનમંડળો, મુલુંડમાં આવેલ ઓધવ ચોક, ભુજની કોમર્સ કોલેજમાં શરૂ થયેલ ઓધવ કોમ્પ્યુટર સેંન્ર, નારાયણ સરોવરનું ઓધવ ઉપવન...એવા અનેક સ્મારકો છે.

આજે દેશભરમાં મહારાજશ્રીના લાખો અનુયાયીઓ છે. મહારાજશ્રીની જન્મ શતાબ્દિ હાલે ઉજવાઈ રહી છે.

યુગો સુધી આપણને પ્રેરણા આપશે ઓધવ સ્મૃતિઓ...આપણને માર્ગદર્શન આપશે ગુરૂદેવોનાં વચનામૃતો...સ્વીકારજો કોટિ કોટિ વંદન મ હારાજશ્રી, અમારા !

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



સદગુરૂ દેવકી જય

# વાંઢાય પરંપરાની સાલવારી

### વિહારી સાહેબથી વાલદાસજી સુધી ....

કચ્છની સનાતનધર્મની ગંગોત્રી એટલે દેવા સાહેબ જાગીર હમલા-મંજલની. એ જાગીરની પાઘ એટલે વાંઢાય. વાંઢાય એટલે ઈશ્વરનગર. મહારાજશ્રી ઈશ્વરરામજી અને ગુરૂ ઓધવરામજીની ત પોભૂમિ એટલે વાંઢાય. છેલ્લા બસો-અઢીસો વરસની સનાતન ધર્મની ધૂણીની એ જગ્યાના પાંચમા મહંત પૂ. ઓધવરામજી મહારાજની આ વર્ષે જન્મ -શતાબ્દી ઉજવાઈ રહી છે ત્યારે એ ધૂણીની જગ્યાના મહત્તવના બનાવોની સાલવારી આપી તેને સમજવાનો આ એક પ્રયાસ છે. ગાગરમાં સાગર સમાવવાનો આ એક પ્રયત્ન છે.

- સંવત ૧૮૦૪ : વાંઢાયમાં વિહારી સાહેબનો જન્મ થયો વેરોજી તરીકે.
- સંવત ૧૮૯૫ : આસો સુદ ૨, ઈશ્વરરામજીનું નાંદરાના ભાનુશાલી કુટુંબમાં પ્રાકટ્ય થયું.
- સંવત ૧૯૧૩ : વૈશાખ સુદ ૨ ના રોજ, પિતા કડવા પાટીદાર ગોપાલ ભગત તથા માતા માનબાઈની કુખે દેશલપર (ગુંતલી) માં લાલજી નામે છોકરાનો જન્મ થયો જે આગળ જતાં ઓધવરામજીના ગુરૂ લાલરામજી તરીકે ઓળખાયા.
- સંવત ૧૯૪૫ : ચૈત્ર સુદ ૯ (રામનવમી) ના રોજ ખેડૂત પરિવારના માતા ચાગબાઈમા અને પિતા હેમરાજભાઈ ભાનુશાલીને ઘેર જખૌ (કચ્છ) મધ્યે ઉધ્દ્વદાસનો જન્મ થયો.
- સંવત ૧૯૫૧ : આશ્વિન શુકલ પૂર્ણિમાના દિવસે દઠ્ઠા મહંત શ્રી દયારામજીનો જન્મ લોહાણા શેઠશ્રી દામજી ટોકરસીના ઘેર પત્ની કેશરબાઈના ઉદરે થયો.
- સેવત ૧૯૫૩ : આષાઠ વદ ૨ ના બ્રહ્મમુહુર્તમાં 'હરિ ૐ શાંતિ' નું રટણ કરતા મહારાજશ્રી ઈશ્વરરામજી દેવ થયા.
- સંવત ૧૯૫૫ : આષાઠ સુદ ૧૫ ગુરૂપૂર્ણિમાના દિવસે ૧૦ વાગે વાંઢાયના સંત મંડળગરીબદા સજી (પૂર્વાશ્રમના નાનજી મિસ્ત્રી) ને ઈશ્વર રામજીની સમાધિ ઉપર સાધુપદની દીક્ષા આપી .
- સંવત ૧૯૫૯ : પિતાના અવસાન પછી ઘરનો બોજ માથે આવી પડતાં, કમાવવા માટે કા કા પાસે

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ઉધ્ધ વદાસ મુંબઈ ગયા. ત્યાં હરિશ્ચંદ્રની કથા સાંભ ળતા એમનું સાધુમન દ્રવી ઊઠયું.

- સંવત ૧૯૬૭ : શ્રાવણ-માસમાં ઓધ વરામજીએ હમલાપુરીમાં ગાદીપતિ બા વાશ્રી પૂરણરામજી પાસે કંઠી બંધાવી દીક્ષા લીધી અને ત્યાર બાદ છ માસ રહી એમણે લાલરામજી મહારાજને ગુરૂ તરીકે સ્વીકાર્યા. ગુરૂદીક્ષા લીધી અને ગુરૂએ નામ આપ્યું-'ઓધવરામજી' .
- સંવત ૧૯૭૦ : મહારાજશ્રી ઓધવરામજી ગુરૂ આજ્ઞા મેળવ્યા વિના, ભાનુશાલી જાદવજી રતનસી પાસેથી રૂપિયા દશ ઉછીના લઈ સ્ટીમર મારફતે કચ્છ આવી વાંઢાય રહ્યા.
- સંવત ૧૯૭૧ : મહા વદ ૨ ના રોજ લાલરામજી દેવ ત થયા.
- સંવત ૧૯૭૧ : લાલરામજીની 'ચદરવિધિ' થઈ અને એઓ વાંઢાયની ગાદીએ ચોથા મહંત તરીકે આવ્યા.
- સંવત ૧૯૭૫ : વૈશાખ માસમાં મૈયાજીના સંદેશા પ્રમાણે ગુરૂદ્વારામાં સ્થિર રહેવા રોહાથી વાંઢાય ઓધવરામજી પધાર્યા. તે સમયે વાંઢાય આશ્રમમાં કોરી ૨૮ ની સિલક હતી. બાકી કંઈ ન હતું. પોતાની પાસે અંગત પ્રાંત કોરી ૨૦૦ હતી તે આશ્રમની સિલકમાં ઉમેરી આશ્રમનો વહીવટ ઓધવરામજીએ સંભાળ્યો.
- સંવત ૧૯૭૬ : ગુરૂ લાલરામજી દેવ થયા પછી એમનો ભંડારો થયો ન હતો તે ઓધવરામજી મહારાજે ભંડારો કર્યો.
- સંવત ૧૯૭૬ : આ પ્રસંગે હમલાપુરના મહંત બાવાશ્રી પુરણરામજીના હસ્તે-સેવકો અને ભક્તોની હાજરીમાં વાંઢાય દ્વારાના પાંચમાં મહંત તરીકે ઓધવરામજી મહારાજની 'ચ દરવિધિ' કરવામાં આવી. પોતાની ઈચ્છા ન હોવા છતાં. સંત-સમાજના આગ્રહ પાસે પોતે ન મતું જોખી આ પદનો સ્વીકાર કર્યો હતો.
- સંવત ૧૯૮૭ : કા રતક સુદ ૧ ના રોજ ઓધવરામજીએ દયારામજીને દીક્ષા આપી. દયારામજી નામ આપી પટ શિષ્ય કાયમ કર્યાં.
- સંવત ૧૯૯૦ : ઈશ્વર-આશ્રમમાં મહારાજશ્રી ઓધવ રામજીએ ઉત્સવ કર્યો. હજારો ભક્તો તેમાં જોડાયા હતા.
- સંવત ૧૯૯૦ : ચૈત્ર માસ શુક્લ પક્ષમાં, નાના આસંબીયાનાં પંડિત પ્રેમજી દામજીને આચાર્ય પદે

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



બેસાડી ઓધવરામજી મહારાજે વિષ્ણુ યજ્ઞ કર્યો, જેમાં નેવું હજાર કોરી ખર્ચાઈ હતી.

- સંવત ૧૯૯૦ : આ પ્રસંગે હમલાપુરી ના મહંત બાવાશ્રી મંગલરામજી પધાર્યા હતા. તે સમયે., પોતાને આશ્રમની જવાબદારીમાંથી મુક્ત કરવા ઓધવરામજીએ વિનંતી કરી હતી અને તે કારણે ઓધવરામજી મહારાજના શિષ્ય જાનકીદાસની ઉપ મહંત પદે વરણી કરવામાં આવી હતી. પરંતુ, જાનકીદાસને ચા, બીડી વગેરેનાં વ્યસનો હતાં તે લાખ સમજાવટ છતાં છોડવા તૈયાર ન થતાં ઓધવરામજીએ છ મહિનામાં તેને ઉપ મહંતપદેથી મુક્ત કર્યા અને સાધુ વિઠ્ઠલદાસને તે જવાબદારી સોંપી.
- સંવત ૧૯૯૨ : વૈશાખ માસની અક્ષય તૃતિયાના દિવસે, વાંઢાયમાં ગુરૂકુળ સ્થાપવાનું નક્કી થતાં તે રોજ ગુરૂકુળનાં મકાનોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.
- સંવત ૧૯૯૩ : મહા માસની વસંત પંચમીના દિવસે ઈશ્વરરામજી ગુરૂકુળનાં મકાનોનું બાંધકામ પૂરૂ થતાં, તે વખતના કચ્છના નાયબ દીવાન રા. રા. જદુરામ પુરૂષોત્તમ ભટ્ટના હસ્તે ગુરૂકુળનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- સંવત ૧૯૯૩ : અને એ જ વર્ષે અંધશાળાની ઉદ્‌ઘાટન વિધિ, કચ્છના તે સમયના આરોગ્ય વડા ડૉ. જાદવજીભાઈ હંસરાજભાઈના હસ્તે કરવામાં આવી.
- સંવત ૧૯૯૪ : મહા સુદી પંચમીના ગુરૂકુળના પ્રથમ વાર્ષિકોત્સની ઓધવરામજી મહારાજે ઉજવણી કરી.
- સંવત ૧૯૯૬ : કુખ્યાત 'છન્નુઆં' દુષ્કાળમાં મહારાજશ્રી ઓધવરામજીએ આત્મકલ્યાણ માટેની સાધના બાજુએ મૂકી દિન-દુઃખિયાઓની તથા મુંગા-પશુઓની સેવા શરૂ કરી. માનવસેવા-ગૌસેવાનું કામ કર્યું-દુષ્કાળ નિવારણનું કામ કર્યું.
- સંવત ૧૯૯૭ : કારતક સુદ ૧ ના રોજ, ગુરૂકુળ આશ્રમનો વહીવટ સાધુઓ-ભક્તોને સોંપી કોઈ ન જાણે તેવી જગ્યા-મંજલમાં ઓધવરામજી મહારાજ ચાલ્યા ગયા.
- સંવત ૧૯૯૯ : મહા સુદ ૪ (તા. ૧૧-૧૨-૧૯૪૨ ) ના રોજ પોતાના ગુરૂબંધુ સાધુ કેશવદાસને ઈશ્વર -આશ્રમનો વહીવટ સોંપ્યો.
- સંવત ૨૦૦૦ : ચૈત્ર સુદ ૯ (રામનવમી) ને રવિવારના રોજ ઓધવરામજી મહારાજે ઉમિયામાતાજી મંદિરની સ્થાપના કરી, પાનમૂર્તિની વાંઢાયમાં પ્રતિષ્ઠા કરાવી.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



- સંવત ૨૦૦૨ : ચૈત્ર સુદ ૯ (રામનવમી) ના રોજ રવિશંકર મહારાજનું કચ્છમાં આગમન થતાં અસ્પૃશ્યતા નિવારણ માટે મંજલ (યક્ષ) માં વણકર અને હરિજન સંમેલનનું મહારાજશ્રી ઓધવરામજીએ આયોજન કર્યું.
- સંવત ૨૦૦૨ : સાધુ કેશવદાસ નિર્વાણ પામ્યા એટલે ફરીથી આશ્રમનો બોજો ઓધવરામજી મહારાજ ઉપર આવ્યો.
- સંવત ૨૦૦૨ : ઓધવરામજીએ ગુરૂકુળમાં હરિજન છાત્રાલયની સ્થાપના કરી.
- સંવત ૨૦૦૨ : એ જ સાલમાં ગુરૂકુળની ભૂમિ પર પાટીદાર છાત્રાલય પણ શરૂ કર્યું. એ જ રીતે ઓધવરામજી મહારાજે સારસ્વત એજયુકેશન સોસાયટીના નિર્ણયને આકાર આપ્યો હતો અને અર્ધ ફી માં ઘણાને ગુરૂકુળમાં દાખલ કર્યાં હતા.
- સંવત ૨૦૦૩ : ચૈત્ર સુદ ૯ (રામનવમી) ના રોજ ઉમિયા માતાજીની પાકી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા ઓધવરામજીએ વાંઢાયમાં કરી. મંદિરના બાંધકામનું ખર્ચ થયું રૂપિયા ૬૦૦૦/-.
- સંવત ૨૦૦૩ : પ્રથમ શ્રાવણી ૦)) ને શનિવારના રોજ ફરીથી ઈશ્વર-આશ્રમનો વહીવટ પોતાના શિષ્ય દયારામજીને સોંપ્યો અને પોતે પાછા પર્ણકુટિમાં આવી ગયા.
- સંવત ૨૦૦૫ : માગસર વદ ૬ ને મંગળવારના રોજ આશ્રમ નજીક રહેવાથી આશ્રમની જવાબદારી ફરીથી વળગશે એવા ભયે, ઓધવરામજી મહારાજ આશ્રમથી દૂર હરદ્વાર પધાર્યાં.
- સંવત ૨૦૦૫ : ફાગણ સુદ ૪ ને શુક્રવારના રોજ હરદ્વારથી તીર્થાટન માટે ઓધવરામજી મહારાજ રવાના થયા. મથુરા, વૃંદાવન, ચિત્રકુટ, પ્રયાગરાજ, કાશી, અયોધ્યા થઈ પાછા હરદ્વાર આવ્યા.
- સંવત ૨૦૦૫ : ચૈત્ર સુદ ૪ ને બુધવાર, મહારાજશ્રી ઓધવરામજી બદ્રીકેદારની યાત્રાએ ગયા.
- સંવત ૨૦૦૫ : જેઠ સુદ ૧૧ ને ગુરૂવારના, તીર્થાટન પછી પોતાના ગુરૂદ્વારાના દર્શન કરવાથી યાત્રાનું ફળ મળે છે એવા શાસ્ત્રના વચનને કારણે, ઓધવરામજી મહારાજ ઈશ્વરનગર આશ્રમના દર્શને પધાર્યા.
- સંવત ૨૦૦૭ : ગુરૂકુળ આશ્રમનાં રૂપિયા બે લાખની કિંમતના મકાનો-ખેતરો તથા અન્ય મિલ્કતની સરકારને મહારાજશ્રીએ સોંપણી કરી.
- સંવત ૨૦૦૮ : વૈશાખ સુદ ૬ ને બુધવારના રોજ બાપુશ્રી રામદાસજીનું શરીર ઠંડું થયું.

realpatidar.com

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



- **સંવત ૨૦૦૮ :** વૈશાખ વદ ૨ ને રવિવારના બાપુશ્રી રામદાસજીનો ભવ્ય ઉત્સવ પોતાની ફરજ સમજીને ઓધવરામજી મહારાજે કર્યો.
- **સંવત ૨૦૦૮ :** આ ઉત્સવ પ્રસંગે રોજ રાત્રે સંતસમાજ અને સેવકોની હાજરીમાં ઓધવરામજી મહારાજે નિર્ણય જાહેર કર્યો કે પોતે વાંઢાય દ્વારાનો સઘળો વહીવટ પોતાના શિષ્ય દયારામજીને સોપવા માગે છે અને પોતે નિવૃત્ત થઈ હરદ્વારમાં શેષ જીવન ગાળવા ઈચ્છે છે.
- **સંવત ૨૦૦૮ :** શ્રાવણ વદ ૯ ને ગુરૂવારના રવાના થઈ મુંબઈ ગયા અને ત્યાંથી ભાદરવા સુદ ૯ ને શુક્રવારના મુંબઈથી રવાના થઈ હ ર દ્વાર પધાર્યા અને રમા ભુવનમાં રહેવા લાગ્યા.
- **સંવત ૨૦૦૯ :** પોષ સુદ ૯ ને ગુરૂવાર-સાધ્વી મૈયાજીની તબિયત એકદમ ખરાબ હોવાના સમાચાર મળતાં, ઓધવરામજી હરદ્વારથી મંજલ પધાર્યા.
- **સંવત ૨૦૦૯ :** પોષ વદ અમાસને ગુરૂવારના સવારના સાડા આઠ વાગે સાધ્વી મૈયાજી મંજલમાં નિર્વાણ પામ્યા. ઓધવરામજી મહારાજ ત્યારે ત્યાં હાજર હતા.
- **સંવત ૨૦૦૯ :** મહા સુદ ૧૩ ને મંગળ વારના સાધ્વી મૈયાજીનો ભ દ્રા ઉત્સવ કર્યો તેમજ તે જગ્યાએ આશ્રમના ખાસ કાર્યકર્તા સેજબાઈ ફુઈને 'ચદરવિધિ' કરી, મૈયાજીની ગાદીએ બેસાડયા.
- **સંવત ૨૦૦૯ :** ચૈત્ર સુદ૧૧, ઓધવરામજી મહારાજશ્રી ફરી હરદ્વાર પધાર્યા.
- **સંવત ૨૦૧૦ :** ચૈત્ર સુદ ૯ ના રોજ, ગુજરાતના પાટીદાર ભાઈઓ મહારાજશ્રીને તેડવા હરદ્વાર આવ્યા. તલોદ, બદામકંપા, હીરાપુરકંપા વગેરે જગ્યાએ મહારાજશ્રીએ કેળવણી ઉપર ઉપદેશ આપ્યા. આ કારણે અહીં રૂપિયા ૬૦૦૦/- ના ફાળામાંથી ધનસુરામાં પાટીદાર ભાઈઓ માટે બોર્ડિંગની સ્થાપના મહારાજશ્રીની પ્રેરણાથી થઈ.
- **સંવત ૨૦૧૨ :** (તા.૨૩-૬-૧૯૫૬) કોઈમ્બતુર ખાતે ગરીબદાસજી નિર્વાણ પામ્યા.
- **સંવત ૨૦૧૩ :** પોષ સુદ ૧૨ (તા. ૧૩-૧-૧૯૫૭) ને રવિવારના રોજ મહારાજશ્રી ઓધવરામજી વાંઢાયમાં દેવ થયા.
- **સંવત ૨૦૧૩ :** પોષ સુદ ૧૩ (તા. ૧૪-૧-૫૭) ને સોમવારના રોજ મહારાજશ્રીને સમાધિ અપાઈ. સંવત ૨૦૧૩ :(તા.૭-૪-૧૯૫૭) ને રવિવારના રોજ, વાંઢાય મધ્યે ઓધવરામજી

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



મહારાજની પાનમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો જેમાં પચાસ હજાર ઉપરાંતના ભક્તો-સેવકોએ હાજરી આપી હતી.

- સને ૧૯૭૮ : શ્રી વાલદાસજી મહારાજની પ્રેરણાથી વાંઢાયમાં ઉમિયા માતાજીના મંદિરમાં પ્રથમવાર ભોજનશાળા તથા અતિથિગૃહનાં મકાનો બંધાયા.
- સને ૧૯૮૧ : શ્રી ઉમિયા માતાજી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્રને ટ્રસ્ટના રૂપમાં ફેરવી રજિસ્ટર કરાવવામાં આવ્યાં.
- સંવત ૨૦૩૧ : અષાઢ સુદ ૨ ના, વાંઢાયમાં પૂ. વાલદાસજી મહારાજની સાધના કુટિર બાંધવામાં આવી.
- સંવત ૨૦૪૪ : પોષ સુદ ૧૨ ના રોજ જામનગર ભાનુશાલી વાડીમાં મહારાજશ્રીની નિર્વાણતિથિની ઉજવણી કરવામાં આવી.
- સંવત ૨૦૪૫ : પોષ સુદ ૧૨ (તા. ૧૮-૧-૧૯૮૯) બુધવાર રોજ ઘાટકોપર મધ્યે ભાનુશાલી નગરમાં મહારાજશ્રીની પૂણ્યતિથિ ભારે ધામધૂમથી ઉજવવામાં આવી અને તે પ્રસંગે કચ્છી ભાષાના જાણીતા વાર્તાકાર શ્રી ધનજી ભાનુશાલીએ આ પરંપરા અંગેનું પુસ્તક આપણા ગુરૂ ઓધવરામજી' તૈયાર કર્યું હતું તેનું શ્રી જગત ગુરૂ શંકરાચાર્યજી મહારાજની સાનિધ્યમાં પૂ. વાલદાસજી મહારાજે વિમોચન કર્યું.
- સંવત ૨૦૪૫ : મહારાજશ્રીના જન્મસ્થાન જખૌમાં ચૈત્ર સુદ ૯ (રામનવમી) ને શુક્રવારના (તા. ૧૪-૪-૧૯૮૯) ના રોજ જન્મ શતાબ્દિની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.
- સંવત ૨૦૪૬ : પોષ સુદ ૧૨ ના રોજ બારડોલીમાં મહારાજશ્રીની આગામી પૂણ્યતિથિ ઉજવવામાં આવશે.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



ૐ શ્રી રામ

શ્રી સદ્ ગુરૂભ્યો નમ: શ્રી ગુરૂ ઓધવરામાય નમ:

## શતાબ્દિ નિમિત્તે ચાલતા અખંડ દીપ તથા શ્રી રામધુન

(૧) શ્રી ઈશ્વર આશ્રમ તથા સાધના કુટીર, શ્રી ઉમિયા માતાજી મંદિર (વાંઢાય- તીર્થધામ)

(૨) શ્રી શં કર મંદિર તથા શ્રી લક્ષ્મી નારાયણ મંદિર દેશ લપર ( વાંઢાય)

(૩) શ્રી જેન્તીલાલ હંસરાજ પટેલ તથા શ્રી દરજી કરસનભાઈ રતનશીને ત્યાં મગનપુરા (ગુજરાત)

(૪) શ્રી દયાલભાઈ મીઠુભાઈ ભાનુશાલી, શ્રી આશાપુરા માતાજીનું મંદિર મોડકુબા (કચ્છ)

(૫) શ્રી ઠાકર મંદિર હા. શ્રી રણછોડભાઈ નથુ પરમાર રેહા (હાજાપર)

(૬) શ્રી મગનભાઈ શામજી તથા શ્રી રેવાભાઈ રામજી પટેલ મગનપુરા (ગુજરાત)

(૭) શ્રી મોહનલાલ નારણભાઈ પરમાર હાજાપર (હરૂડી)

(૮) શ્રી અંબેમાનું મંદિર નાની ધુફી

(૯) સ્વ. શ્રી શીવદાસ શીવજી પરિવાર નાશીક

(૧૦) શ્રી ખોડિયાર માતાજીનું મંદિર કોડાય

(૧૧ ) શ્રી ગુરૂવર્ય [illegible]વરામજી મહારાજનું મંદિર - જખૌ

(૧૨) શ્રી જામનગર ભાનુશાલી વાડી મહાજન સરોવર - જામનગર

તે સિવાય શતાબ્દી અંતર્ગત શ્રી જામનગર ભાનુશાલી વાડી મહારાજ સરોવર ટ્રસ્ટે ૧૫૧, ભાગવત સપ્તાહનું આયોજન કર્યું. મંજલમાં સાધ્વી મૈયાજીની તિથિ ઉજવવામાં આવી. તે સિવાય ગામે ગામે કચ્છ તથા કચ્છ બહાર પૂ. મ. શ્રી વાલદાસજી મહારાજની પધરામણી કરી ભજન સત્સંગનો લાભ લોકોએ લીધો.જખૌ જન્મભૂમિમાં પણ ૧૫૧, ભાગવત પોથીનું આયોજન થયું. તે સિવાય ઘણી જગ્યાએ પૂ. ડોંગરેજી મહારાજ પ્રેરિત અન્નક્ષેત્રોનાં ઉદ્ઘાટન થયા. એવી અનેક જાતની ધાર્મિક ક્રિયાઓ વરસ દરમિયાન ચાલુ રહી.

પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી ઈશ્વર આશ્રમ સેવા ટ્રસ્ટ

**R.No. E 959 ભુજ કચ્છ**

**વાઢાંય તીર્થધામ કચ્છ ભુજ ફોન. ૩૦**

**Pin Code : 370040**

પરમ પૂજય શ્રી વાલદાસજી મહારાજની પ્રેરણાથી અને મહંતશ્રી કરસનદાસ મહારાજની અનુમતિથી શ્રી ઈશ્વર આશ્રમ સેવા ટ્રસ્ટ રચવામાં આવ્યું છે અને તેનો વહીવટ નીચે જણાવેલા ટ્રસ્ટીઓ સારી રીતે સેવા ભાવનાથી ચલાવે છે.

ટ્રસ્ટ તા. ૧૪-૪-૮૯ થી અમલમાં આવ્યું છે અને તે ચેરીટી કમીશનરની ભુજ કચેરીમાં નોંધવામાં આવ્યું છે.

ઉદ્દેશ. ગૌસેવા, અન્નક્ષેત્રો, શિક્ષણ સેવા,

ધર્મસેવા તથા લોકઉપયોગી કાર્યો,

પશુ અને માનવ સેવાના કાર્યો તથા કુદરતી આફતોમાં મદદ રૂપ થવાના કાર્યો.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# ટ્રસ્ટીઓના નામ



આર્કીટેક : શ્રી હરીશ મોરારજી ઠક્કર મુલુન્ડ

જેમને આપણા આશ્રમને પ્લાનીંગ બનાવીને ફ્રી સેવા આપેલ છે અને તેમની દેખરેખ હેઠળ સેવા આપી છે.

આર. સી. સી. શ્રી કીર્તિભાઈ એચ. શાહ એ

આપણા આશ્રમને પ્લાન્ટ બનાવીને તેમની દેખરેખ હેઠળ કામો કરાવી આપ્યો છે.

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# ભેર ની વિગતો રામાયણકથા

**-: મુખ્ય યજમાન :-**

| | |
|---|---|
| ૨,૫૧,૦૦૦- | સ્વ. પટેલ શ્રી સીવદાસ શીવજી માવાણી પાટીદાર |
| ૧,૧૧,૧૧૧- | મુખ્ય ભંડારાના યજમાન હીરજી જેઠાભાઈ તથા શ્રી વિશ્રામ જેઠાભાઈ પરિવાર |
| ૫૧,૧૧૧- | ૯ દિવસ બ્રહ્મભોજન શ્રી પ્રેમજી સીવગણ પરિવાર જીસ્તપર |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ શ્રી કાન્તાબેન કેસરી પરિવાર |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ ભા. સુંદરજી કાનજી પરિવાર |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ પૂ. ઓધવરામજી મહારાજ સંત્સંગ મંડળ જામનગર |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ શ્રી લાલજી લઘા ચોપડા - રાજપર |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ શ્રી માણીબેન રણછોડદાસ ૮૩૩૨ |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ શ્રી માણીબેન મેઘજી-ચંદે |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ શ્રી દામજી ધીરાઉ |
| ૧૧,૧૧૧- | મહાભંડારા પ્રસાદ શ્રી શીવજીભાઈ કેસરા |
| ૫,૧૧૧- | બ્રહ્મભોજન પૂ. શ્રી દેવશ્રીબહેન મંજલ |
| ૫,૧૧૧- | બ્રહ્મભોજન શ્રી શામજીભાઈ જીવરાજ |
| ૫,૧૧૧- | બ્રહ્મભોજન શ્રી વસ્તારામ લાલજી સાંયરા |
| ૨૫૧૧- | નિત્યફ્લાહાર શ્રી માણીબેન રણછોડદાસ |
| ૨૫૦૧- | નિત્યફ્લાહાર ભા. અરજણ ખટાઉ |
| ૩૨૦૦- | ભંડારાપ્રસાદ પૂ. ઓધવરામજી મહિલા સત્સંગમંડળ જામનગર |
| ૧૦૦૦- | ભંડારા પ્રસાદ ભાનુશાલી સમાજ જામનગર |
| ૫૧૧- | પ્રસાદ દેનીક શ્રી શામજી દેવસી દિલ્હી |
| ૫૧૧- | પ્રસાદ દેનીક શ્રી એમ.જી.પટેલ દિલ્હી |

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



હરિ ૐ

# શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ-અન્નક્ષેત્ર

### સપ્ત સરોવર, હરિદ્વાર (યુ.પી.) પીનકોડ : ૨૪૯૪૧૦. ફોન ૬૬૨૧

સ્થાપક : પૂ. મહારાજશ્રી ઓધવરામજી (સને ૧૯૫૫)

નિવૃત વ્યવસ્થાપક : સાધુ વાલદાસજી ગુરૂશ્રી ઓધવરામજી

પ્રમુખ ટ્રસ્ટી : શ્રી પ્રેમજી વેલજી

અન્ય ટ્રસ્ટીઓ : શ્રી છોટાલાલ જોશી, શ્રી નરસિંહભાઈ મનજી જેરામ,
શ્રી શીવગણ રાજા પટેલ, શ્રી દાનાભાઈ દેવશી પટેલ,
શ્રી મણીલાલ પૂંજા પટેલ, શ્રી પ્રેમજી નેણસી, શ્રી દેવશી નારણજી,
શ્રી વેલજી દેવશી પટેલ

સાધુ વાલદાસજી મહારાજ ટ્રસ્ટી તરીકે હતા, તેમણે રાજીનામું આપ્યું અને હવે શ્રી પ્રેમજી નેણશી કોઠારી ટ્રસ્ટી તરીકે નિમાયા છે.

પૂ. માતાજી જશોદા મા ગુરૂશ્રી ઓધવરામજી આશ્રમની સ્થાપના થઈ ત્યારથી સેવા આપતા હતા. હાલ તેમની દીકરીનો દીકરો સાધુ શ્યામદાસ ગુરૂ વાલદાસજી છે.

શ્રી કાનજી ભગત ભાનુશાલી સારી સેવા આપે છે.

શ્રી મોહનલાલ સચદેવ પણ સેવા આપે છે.

શ્રી દેવશી ભગત ટ્રસ્ટી તરીકે આશ્રમમાં સેવા કરે છે.

શ્રી અરવિંદદાસ ગુરૂ વાલદાસજી હાલ વાંઢાયમાં છે.

શ્રી દાનાભાઈ દેવશ્રી પટેલ, હરિદ્વારમાં સેવા આપે છે.

શ્રી વેલજીભાઈ દેવશી પટેલ તથા દીલ્હીના પાટીદાર ભાઈઓ સારી સેવા આપે છે.

# પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



## હરિ ૐ

### પ. પૂ. મહારાજ ઓધવરામજી જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિ.

### તા. ૧-૪-૧૯૮૯ થી ૩૧-૧-૧૯૯૦ સુધી આવક જાવકનું અહેવાલ.

જ ઉ

| | |
|---|---|
| ૧,૦૨,૨૨૭.૦૦ | શ્રી મકાન ફંડ ખાતે જમા |
| ૧,૦૨,૨૧૨.૦૦ | શ્રી ભાગવત પોથી ખાતે જમા |
| ૨,૪૪,૩૦૩.૫૦ | શ્રી ભેટદાન ખાતે જમા |
| ૨,૫૫૫.૮૪ | શ્રી વ્યાજ ખાતે જમા |
| ૧,૫૦૦.૦૦ | શ્રી ભાગવત વાંચન ખાતે જમા |
| ૧,૦૦,૦૦૦.૦૦ | શ્રી ચેક ડેમ ખાતે જમા |
| ૮૫,૧૮૭.૦૦ | શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ ખાતે જમા (શ્રી ઉમિયા માતાજી તથા શ્રી હિંગલાજ માતાજી) |
| ૩,૭૬૭.૦૦ | શ્રી ગોલકની આવક ખાતે જમા |
| ૪૨,૧૧૧.૦૦ | શ્રી જનરલ તકની ખાતે જમા |
| ૧,૮૦,૮૩૦.૦૦ | શ્રી રામમંદિર નિર્માણ ખાતે જમા |
| ૧૯,૪૧૬.૦૦ | શ્રી ગૌશાળા ખાતે જમા |
| ૧,૩૬,૯૨૬.૦૦ | શ્રી રામમંદિર માસિક ભેટ ખાતે જમા |
| ૩,૩૭,૮૯૪.૦૦ | શ્રી રામાયણજી ભેટ ખાતે જમા |

| | |
|---|---|
| ૨,૭૨,૫૬૬.૮૪ | શ્રી બેંક ઓફ ઈન્ડીયા ખાતે ઉ. (દિશલપુર બ્રાન્ચ) |
| ૧,૭૦,૮૩૦.૭૦ | શ્રી રામમંદિર નિર્માણ ખાતે ઉ. |
| ૩,૪૫,૫૫૪.૯૦ | શ્રી જીર્ણોધ્ધાર બાંધકામ ખાતે ઉ. |
| ૧૮,૧૪૬.૬૭.૦૦ | શ્રી પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી ખર્ચ ખાતે ઉ. |
| ૧,૨૫,૯૭૮.૪૫ | શ્રી રસોડા ખર્ચ ખાતે ઉ. (પ્રતિષ્ઠા મહોત્સવ વખતે) |
| ૩૪,૦૦૦.૦૦ | શ્રી મંડપ ખર્ચ ખાતે ઉ. |
| ૯,૦૦૦.૦૦ | શ્રી ઈલેક્ટ્રીક ખર્ચ ખાતે ઉ. |
| ૧૯૮.૦૦ | શ્રી પદયાત્રા ખર્ચ ખાતે ઉ. |
| ૯,૭૧૬.૦૦ | શ્રી ઈલેકટ્રીક મોટર ખર્ચ ખાતે ઉ. |
| ૪,૩૧૬.૦૦ | શ્રી પ્રાજ્ઞ રૂટીંગ ખર્ચ ખાતે ઉ. |
| ૬૫૦.૦૦ | શ્રી ઈ. મોટર રીપેરીંગ ખર્ચ ખાતે ઉ. |
| ૫,૯૦૦.૦૦ | શ્રી મેડીકલ કેમ્પ ખર્ચ ખાતે ઉ. |
| ૧૦,૧૧,૯૮૨.૦૦ | શ્રી ઓધવરામજી ભુવન નિર્માણ ખર્ચ |

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



| | |
|---|---|
| ૯,૬૧,૧૧૧.૦૦ | શ્રી ઓધવરામજી ભુવન ખાતે |
| ૨,૫૭,૦૦૦.૦૦ | શ્રી અનામત ખાતે જમા |
| ૧,૫૩,૬૮૯.૫૦ | શ્રી બાંધકામ જીર્ણોધ્ધાર ખાતે જમા |
| ૨૫,૮૮૮.૭૫.૦૦ | શ્રી નિર્વાણતિથી ઉત્સવ ખાતે જમા |
| ૨૭,૫૬,૬૧૮.૫૯ | |

| | |
|---|---|
| | ખાતે ઉ. |
| ૩,૦૦,૦૦૦.૦૦ | શ્રી લાલરામ ભુવન નિર્માણ ખર્ચ ખાતે ઉ. |
| ૧૪,૯૩૫.૭૫ | શ્રી પરચૂરણ ખર્ચ ખાતે ઉ. |
| ૨,૦૦૦.૦૦ | શ્રી વાહન ભાડું ખાતે ઉ. |
| ૧,૦૦,૦૦૦.૦૦ | શ્રી ચેક ડેમ ખાતે ઉ. (વીટ્રૈ. એન્ડ સીઈ.) |
| ૩૮,૦૧૫.૦૦ | શ્રી વીનુભાઈ કે. સોમપુરા (શ્રી રામમંદિરનિર્માણ ખર્ચ પેટે) |
| ૪૧,૩૨૦.૭૮ | શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ ખર્ચ |
| ૧,૬૯,૬૮૪.૬૦ | શ્રી ગૌશાળા બાંધકામ ખર્ચ |
| ૫૭,૩૫૫.૧૦ | શ્રી નિર્વાણ તિથિ ઉત્સવ ખર્ચ ખાતે ઉ. |
| ૪,૦૩૦.૦૦ | શ્રી બેચરલાલ હરજી ખાતે ઉ. (હીસાબનાં આપવા માટે) |
| ૧૩,૦૦૦.૦૦ | શ્રી અરજણ મેઘજી ખાતે ઉ. (હીસાબના આપવા માટે) |
| ૭,૪૩,૫૮૦.૦૦ | શ્રી પુરાંત ખર્ચ ખાતે ઉ. (રોકડા ઓફીસમાં) |
| ૨૭,૫૬,૬૧૮.૫૯ | |

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને
## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ
# તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટ (હરિદ્વાર)

### -ટ્રસ્ટીઓ, હોદેદારો તથા સલાહકાર સમિતિના સભ્યો-

| ક્રમાંક | નામ | હોદો | રહેઠાણ |
|---|---|---|---|
| ૧ | શ્રી વાલદાસજી ગુરૂ શ્રી ઓધવરામજી | આશ્રમના સંચાલક | હરિદ્વાર |
| ૨ | શ્રી પ્રેમજી વેલજી | ટ્રસ્ટી પ્રમુખ | ઘાટકોપર |
| ૩ | શ્રી છોટાલાલ ધરમસિંહ જોષી | ટ્રસ્ટી ઉપ-પ્રમુખ | શીવ |
| ૪ | શ્રી શાવગણ રાજા પટેલ | ટ્રસ્ટી ઉફ-પ્રમુખ | ઘાટકોપર |
| ૫ | શ્રી નૃસિંહ મનજી રાઠોડ | ટ્રસ્ટી માધાપર- | કચ્છ |
| ૬ | શ્રી દેવશી નારાણજી ભાનુશાલી | ટ્રસ્ટી | ઘાટકોપર |
| ૭ | શ્રી પ્રેમજી નેણશી કોઠારી | ટ્રસ્ટી | મુલુન્ડ |
| ૮ | શ્રી વેલજી દેવશી પટેલ | ટ્રસ્ટી | ન્યુ દિલ્હી |
| ૯ | શ્રી દાનાભાઈ દેવશી પટેલ | ટ્રસ્ટી | કલકત્તા |
| ૧૦ | શ્રી મણીલાલ પુંજાભાઈ પટેલ | ટ્રસ્ટી | ઘાટકોપર |
| ૧૧ | શ્રી રતીલાલ મણીભાઈ રામાણી | માનદ્ મંત્રી | ઘાટકોપર |
| ૧૨ | શ્રી કાનજી મીઠુભાઈ ભાનુશાલી | ખજાનચી | ઘાટકોપર |
| ૧૩ | શ્રી મંગલદાસ રાઘવજી મસાલાવાલા | સભ્ય | દાદર |
| ૧૪ | શ્રી દેવજીભાઈ ખીમજી પટેલ | સભ્ય | ગાંધીધામ |
| ૧૫ | શ્રી કરસન મુલજી પટેલ | સભ્ય | ખેડબ્રહ્મા-ગુજરાત |
| ૧૬ | શ્રી પ્રેમજી વિઠ્ઠલદાસ ઠક્કર | સભ્ય | મુલુન્ડ |
| ૧૭ | શ્રી હિંમતલાલ રતનશી પટેલ | સભ્ય | ઘાટકોપર |
| ૧૮ | શ્રી ઠાકરશી નરસી કોઠારી | સભ્ય | માટુંગા |
| ૧૯ | શ્રી શીવજી વીરજી ભાનુશાલી | સભ્ય | ઘાટકોપર |
| ૨૦ | શ્રી અબજી નાનજી પટેલ | સભ્ય | ઘાટકોપર |

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



| | | |
|---|---|---|
| ૨૧ શ્રી ગોપાલ બચુભાઈ યાદવ | સભ્ય | મુલુન્ડ |
| ૨૨ શ્રી શામજી જીવરાજ પટેલ | સભ્ય | થાણા |
| ૨૩ શ્રી જમનાદાસ ભીમજી ઠક્કર | સભ્ય | મુલુન્ડ |
| ૨૪ શ્રી બચુભાઈ મુલજી ભગત | સભ્ય | દેશલપુર-કચ્છ |
| ૨૫ શ્રી પ્રેમજી મોરારજી રૂપારેલ | સભ્ય | માટુંગા |
| ૨૬ શ્રી લક્ષ્મીદાસ ઠાકરશી કોઠારા | સભ્ય | શીવ |
| ૨૭ શ્રી અમૃતલાલ લાલજી પટેલ | સભ્ય | ઘાટકોપર |
| ૨૮ શ્રી નંદલાલ કાનજી સોમૈયા | સભ્ય | કોલાબા |
| ૨૯ શ્રી મથુરાદાસ મોનજી પોપટ | સભ્ય | મુલુન્ડ |
| ૩૦ શ્રી જાદવજી પ્રેમજી ચંદે | સભ્ય | સાયન |
| ૩૧ શ્રી દિનેશચંદ્ર મોરારજી ઠક્કર | સભ્ય | માટુંગા |
| ૩૨ શ્રી હીરજીભાઈ લાલજી પટેલ | સભ્ય | ઘાટકોપર |
| ૩૩ શ્રી વિશ્રામ શાવદાસ પટેલ | સભ્ય | ન્યુ-દિલ્હી |
| ૩૪ શ્રી પ્રેમજી શીવગણ પટેલ | સભ્ય | મુલુન્ડ |
| ૩૫ શ્રી રામજીભાઈ કરસન પટેલ | સભ્ય | ઈન્દોર |
| ૩૬ શ્રી ડાહ્યાભાઈ કરસન પટેલ | સભ્ય | નાગપુર |
| ૩૭ શ્રી નારાયણ શીવદાસ પટેલ | સભ્ય | રાજનંદગાંવ |
| ૩૮ શ્રી શીવજી કરસન પટેલ | સભ્ય | પુના |
| ૩૯ શ્રી વસ્નાભાઈ વાલજી પટેલ | સભ્ય | રાયપુર |
| ૪૦ શ્રી બેચરદાસ હરજી પટેલ | સભ્ય | ઘાટકોપર |
| ૪૧ શ્રી કરમશી ગંગદાસ પટેલ | સભ્ય | ઘાટકોપર |
| ૪૨ શ્રી પદમશી આણંદજી ભાવસાર | સભ્ય | કલકત્તા |
| ૪૩ શ્રી શાન્તીલાલ શીવદાસ પટેલ | સભ્ય | નાસિક |
| ૪૪ શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ વેદાન્ત | સભ્ય | મુલુન્ડ |
| ૪૫ શ્રી જમનાદાસ રણછોડદાસ | સભ્ય | ઘાટકોપર |
| ૪૬ શ્રી વલ્લભજી હીરજી | સભ્ય | કલકત્તા |
| ૪૭ શ્રી રામ પંજવાણી | સભ્ય | હરિદ્વાર |

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને

## જન્મ શતાબ્દિ મહોત્સવ નિમીત્તે કોટી કોટી વંદન



# શ્રી ૧૦૮ અષ્ટોત્તર સત રામાયણ નવાન્હ જ્ઞાનયજ્ઞ પારાયણની નામાવલી

| કોના સ્મ. | હસ્તે |
|---|---|
| ૧. બાવા દેવા સાહેબ | સ્વ. સીવદાસ શીવજી પરિવાર |
| ૨. શ્રી વિહારી સાહેબ | પ. પૂ. વાલદાસજી મહારાજ |
| ૩. શ્રી ક્ષેમદાસજી મહારાજ | પ. પૂ. સરસ્વતીદાસજી મહારાજ |
| ૪. શ્રી ઈશ્વરરામજી મહારાજ | માતાજી મણીબાઈ રણછોડદાસ |
| ૫. શ્રી લાલરામજી મહારાજ | પટેલ કરમસી ગંગદાસ |
| ૬. શ્રી ઓધવરામજી મહારાજ | મથુરાદાસ મોનજી પોપટ |
| ૭. શ્રી દયાલરામજી મહારાજ | બચુભાઈ મુલજી ભક્ત |
| ૮. શ્રી શાન્તિરામજી મહારાજ | સાધુ કરસનદાસજી ગુરૂ શાન્તિદાસજી |
| ૯. સાધ્વી મૈયાજી મંજલ | હા. દેવીશ્રી મંજલ |
| ૧૦. યોગિની રત્નાગીરીજી અંજાર | હા. વસુમતીબેન અંજાર |
| ૧૧. કમલાબાઈ મંગળદાસ | હા. મંગળદાસ રાઘવજી |
| ૧૨. માતાજી મીઠીબાઈ જેઠાલાલ | વિનુભાઈ તેલવાળા |
| ૧૩. ગંગામા સત્સંગ મંડળ | પુષ્પાબેન માતાજી |
| ૧૪. ભક્તશ્રી ચંદુભા બાપુ | માતાજી મમીબાઈ મુલુન્ડ |
| ૧૫. હરિ સ્મરણ સેવા સત્સંગ મંડળ | વીરજી અજરામર ગોર |
| ૧૬. સાધુ શીનદાસજી | સાધુ કલ્યાણદાસજી હીંગરીઆ |
| ૧૭. પ્રભુ સ્મરણાર્થ | હા. શંભુલાલ શીવજી |
| ૧૮. માતાજી મમીબાઈ મનજી | શામજી મનજી કોટડા સેહા |
| ૧૯. ખેતશી થેરાજ હેમાણી | લાલજી ખેતશી હેમાણી |
| ૨૦. વેલજી ઉકાભાઈ ગોધરા | પ્રતાપ વેલજી હૈદ્રાબાદ |

## પરમ વંદનીય બ્રહ્મલીન સાધુવર્ય મહારાજશ્રી ઓધવરામજી ને જન્મ શતાબ્દિ મહોત્સવ



## નિમીત્તે કોટી કોટી વંદન

| કોના સ્મ. | હસ્તે |
|---|---|
| ૨૧. પુરૂષોત્તમ પ્રાગજી | રમેશ પુરૂષોત્તમ ઉત્સીયા |
| ૨૨. હીરજી સુંદરજી ભાનુશાલી | વેલજી હીરજી પ્યાકા |
| ૨૩. મનજી દામજી ભાનુશાલી | જેરામ શામજી કોટડા |
| ૨૪. માતાજી બચુબાઈ ઓધવરામ ચંદન | હા. ગોકલદાસ ઓધવજી ચંદન |
| ૨૫. ભાનુશાલી ખીંમશી મુરજી મોડકુઆ | નાનજી ખીંશી ભાનુશાલી |
| ૨૬. કાલીદાસ લાલજી કટારીઆ | માધવજી કાલીદાસ |
| ૨૭. મીઠુભાઈ હરજી દામા | નારણજી મીઠુભાઈ |
| ૨૮. માતાજી મૂળીબાઈ કરસનદાસ | નેણશી કરસનદાસ ભાનુશાલી |
| ૨૯. પુર્વજોના સ્મ. | ભાનુશાલી મહાજન સરોવર ટ્રસ્ટ જામનગર |
| ૩૦. બાબુભાઈ બીજાભાઈ | હા. મંગળદાસ બીજાભાઈ |
| ૩૧. વાલજી બીજાભાઈ | હા. વલભજી વાલજી |
| ૩૨. દશરથભાઈ લાલજી | ગોરધનભાઈ લાલજી |
| ૩૩. પુર્વજોનાં સ્મ. | માતાજી પાર્વતીબેન વેલજી |
